કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક · સંસ્થાપક : રવિશંકર રાવળ

ફેબ્રુઆરી [illegible] ઈ. ૧૯૫૨



તંત્રી · બચુભાઈ રાવત

પ્રતીક્ષા (રંગીન વૂડકટ) ચિત્રકાર હરેન દાસ
આ જાન્યુઆરીમાં ઈજિપ્તમાં કૅરો ખાતે ખુલ્લા
મુકાએલા હિંદી કલાપ્રદર્શનમાંની એક કૃતિ



ઋષભનાથ : ગુજરાતની એક અતીવ સુંદર ધાતુમૂર્તિ (ફોટો · કમાકાન્ત પ્રે. શાહ)

વડોદરાની પશ્ચિમે આવેલા એક પ્રાચીન નગર અંકોટ્ટક (હાલનું નાનું ગામ અકોટા)માંથી તાજેતરમાં મળી આવેલી જૈન મૂર્તિઓ પૈકીની ઋષભનાથની મૂર્તિનો આ શિરોભાગ કલાદૃષ્ટિએ અણમૂલ છે. દક્ષિણાવર્ત વળાંક લેતા કેશ ઉપર ઉષ્ણીષવાળું, ધ્યાનસ્થ નેત્રોમાં ચાંદી જડવાથી અતિ સુંદર લાગતું, સૌમ્ય ને પ્રસન્ન મુખમુદ્રાવાળું આ મસ્તક હિંદના પ્રાચીન ધાતુશિલ્પનો એક સુંદર નમૂનો છે. ઉત્તર હિંદમાંથી મળી આવેલાં ગુપ્તકાળનાં શિલ્પો જેવું એ જ શૈલીનું આ ધાતુશિલ્પ આજ દોઢ હજાર વર્ષ પર આપણે ત્યાં ધાતુમૂર્તિકલા કેટલી ઉચ્ચ કોટિએ પહોંચી હતી તેનો નમૂનો છે. તેની ઉત્કૃષ્ટતાનો ખ્યાલ આપવા તેના મૂળ કદ જેવડું આ ચિત્ર આપ્યું છે. તે ખંડિત ન હોત તો બર્મિંગહામ મ્યૂઝિયમમાંની ગુપ્તકાલીન બુદ્ધપ્રતિમા જેટલી જ અગત્યની થઇ પડત. આથી યે અદ્ભુત સુંદર ને ગુજરાતની લાક્ષણિકતા દર્શાવતા બીજા નમૂનાઓ પાછલા પૂઠામાં આપ્યા છે. એની વિગતે માહિતી માટે આ અંકમાંનો લેખ 'ગુજરાતનું પ્રાચીન ધાતુશિલ્પધન' વાંચો. (આકૃતિ

કુમાર

ફેબ્રુઆરી ૧૯૫૨

અંક ૩૩૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છુટક નકલ: બાર આના



આ અંકના મુખચિત્રમાંથી કૅલેન્ડર બનાવો

ઘરની ભીંતો પર છબિઓ તો આપણી રુચિ અનુસાર ચૂંટીને ચોડીએ છીએ. પણ
ન્ડરો? એમાં ભાગ્યે જ કોઇ પસંદગી કરવાની તસ્દી લેતું હોય છે, અને મફતમાં જે ગ
તે કૅલેન્ડર લટકાવી દેવાય છે. પણ કૅલેન્ડર ઉપર માણસની નજર વધુમાં વધુ પડે
એટલે તેના પરનું ચિત્ર તો પ્રસન્નકર, રોચક કે ભાવનાપોષક હોવું જોઇએ. આ અંકના મુખ
નીચે આપેલી પ્રશસ્તિ વાંચીને તેનું કૅલેન્ડર બનાવવાની ઇચ્છા થાય તો તેની સામ
આ સાથે આપી છે. તારના ટાંકા ઉખેડીને તમે અંકમાંથી ચિત્ર કાઢી લઈ શકો એ હે
આ વખતે કાગળ મોટો રાખ્યો છે. તેમાંથી ચિત્ર કાપી લઇ, એક પૂઠા પર આછા રં
કે સફેદ કાગળ સપાટ ચોડી, તે પર ચિત્ર ચોડી દો, અને તેને ઉઠાવ મળે તે માટે તેની ચો
સરખે અંતરે પ્રમાણસર એક કે બે લીટી આંકી લો. પછી આ નીચે તથા છેલ્લા પાન
સામે આગામી દસ માસનાં તારીખપત્રો આપ્યાં છે તેને લીટીઓ આગળથી કા
ક્રમવાર સીવી લઈ કૅલૅન્ડરની નીચે લગાડી દો, અને મથાળે બે કાણાં પાડી દોરી બા
લટકાવી દો. પૂઠાનું માપ તથા તે પર ચિત્ર અને કૅલૅન્ડર કેવા પ્રમાણથી ચોડવાં
દર્શાવવા આ સામે તેનો આલેખ આપ્યો છે.

માર્ચ

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૩૦	૩૧	∅	∅	∅	∅	૧
૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯

જૂન

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧
૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
૨૯	૩૦	∅	∅	∅	∅	∅

એપ્રિલ

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
∅	∅	૧	૨	૩	૪	૫
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯
૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬
૨૭	૨૮	૨૯	૩૦	∅	∅	∅

જુલાઈ

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
∅	∅	૧	૨	૩	૪	૫
૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯
૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬
૨૭	૨૮	૨૯	૩૦	૩૧	∅	∅

મે

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
∅	∅	∅	∅	૧	૨	૩
૪	૫	૬	૭	૮	૯	૧૦
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭
૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧

ઑગસ્ટ

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૩૧	∅	∅	∅	∅	૧	૨
૩	૪	૫	૬	૭	૮	૯
૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩
૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦





ગુજરાતની પ્રાચીન ધાતુશિલ્પકલાની ઉત્કૃષ્ટતાના બે વધુ પ્રતીતિકર નમૂના

ઉપર: પાર્શ્વનાથની ત્રિતીર્થિક પ્રતિમા; નીચે: ત્રાંબાનું કલામય ધૂપદાન. ગુજરાતની ગૌરવપ્રદ કલાના આ નમૂનાઓની વિગતો માટે વાંચો આ અંકમાંનો લેખ 'ગુજરાતનું પ્રાચીન ધાતુશિલ્પધન'. (ફોટો · ઉમાકાન્ત પ્રે. શાહ)



ફૂલદાન · ચિત્રકાર: એમ. વાઈ કુલકર્ણી (મુંબાઇ) · 'સાધના'ના સૌજન્યથી

ફૂલો એ નિસર્ગદેવીનાં કૃપા-અમૃત વર્ષાવતાં હસતાં નયન છે; ગન્ધવતી પૃથ્વીમાતાના હૈયાની સૌરભ છે; કુદરતની ચતુર્વિધ કવિતા છે. કિલ્લોલતા શિશુથી જર્જરિત જઈફ સુધીનાં માનવમાત્રને તે પોતાની નિર્વ્યાજ સૌન્દર્ય-સૌરભથી પ્રસન્ન કરે છે. તેના ચારુ દર્શનથી આકર્ષાઇ ગુફા-માનવીએ તે વડે દેહ શણગારવા માંડ્યો ત્યારથી માંડીને ધાર્મિક વિધિઓમાં કે રોજિંદાં ઉપસ્કરોમાં સુશોભનો-ચીતરામણો-કોતરણીઓ સુધીના જીવનના વિશાળ ફલક પર તેણે જે સ્થાન મેળવ્યું છે તે માનવહૃદયમાં તેણે કબજે કરેલા સ્થાનની પ્રતીતિ છે. દવાખાનાના દરદીઓ સુદ્ધાં ફૂલદાનનાં હાસ્યથી પોતાની તીવ્ર વેદના હળવી કરતા જણાયા છે, તો સ્વસ્થ જનસામાન્ય પરની તેની પ્રસન્નકર અસરની તો વાત જ શી? પરંતુ સૌને સદા તે ઉપલબ્ધ ન હોય. ત્યારે તેનાં ચિત્રોથી પણ સંતોષ મળે છે. જેમની ઇચ્છા હોય તે એમ ને એમ મઢીને, અગર તો રોજ એકાદવાર તો અચૂક નજર ઠેરવવાના સાધન રૂપ કૅલેન્ડર તરીકે તેનો ઉપયોગ કરી શકે. તે માટેનાં જરૂરી પાનાં તથા સૂચના અન્યત્ર આપ્યાં છે.

મુજ હે વિધાતા

(શાલિની-વસંત)

મુજ હે વિધાતા !
તેં આલેખી ભાલમાં અંધ લિપિ
એનાં રહસ્ય ઉકલે જયમ કાલ જાય.
જીવું તેની ન્યાળું છું નિત્ય રીતિ,
કેવી ક્ષણેક્ષણતણી પલટાય કાય !
સૂઝે તથૈવ તવ નિર્મિત માર્ગ મારા.

આવે તેને હર્ષથી હું વધાવું,
ને સૃષ્ટિ તો ય રચતો મનથી મનસ્વી.
તેં આલેખી જિંદગી આ, હું તારું
આંકું ભવિષ્ય પુરુષાર્થ વડે યશસ્વી.
ને આપણા ઉભયની લલકારું ગાથા.

રાજેન્દ્ર શાહ

જિવ્યા ઘણું તમે—

(પૃથ્વી સૉનેટ)

જિવ્યા ઘણું તમે, જિવ્યા વરસ બ્યાશી,—ઓછું નથી;
ગણો અગર કાર્ય ને જીવન તો ય ઓછું નથી.
પુરાણ હયપીઠથી જીન ન અંત લગ્ ઊતર્યું,
શમ્યા ન પથડાબલા, નહિ યુવાન્ની હેષા શમી.

તમે ગુરુ હતા, તપઃપૂત, અટંક સત્યાગ્રહી;
ડગ્યો જરઠ દેહ, કિન્તુ લગીરે ન બુદ્ધિ ડગી;
ભલે શ્રમ પડે અને ધી લથડે, ચડે ને પડે
પરંતુ ન અસત્યને પદ કદાપિ માથું નમે.

પ્રચંડ નગથી વહી સતત શી કલાજાહ્નવી
કદી મધુર મર્મરે, કદીક ઉગ્ર આવેગથી
તટે ઉભય વારિરાશિ છલકાવતી વેગથી
કરી ફૂલફલાઢ્ય ગુર્જરગિરાની ક્ષેત્રાવલિ.
તમે ઘણું જિવ્યા, મજાલ સ્થૂલની ભલા કેટલી ?
×'વિનશ્વર બધું, અનશ્વર કલા મહા એકલી.'

જયન્ત પાઠક

સાંઈ!

(પદ)

પાઇ પ્યાલી તેં સાંઈ! અમોને અમલ ચડયા ઘન ઘેરા.
આ મનનાં ઇંધણ સળગાવ્યાં નાખ્યા ડુંગર ડેરા. પાઇ૦
આંખ મિંચી અંધારાં બાંધ્યાં ફૂટી સૂરજ સરવાણી,
એક આસને બેસી સફરી અરબી ઘોડી પલાણી,
કુરનિશ કરતા ઝુકયા હજૂરે કૈંક નવાબ નમેરા—પાઇ૦
નામ રહ્યું ના, ધામ ગયું તે કોણ જોરુ ને છોરુ ?
જિતી બાજી આ છેલ્લીવેલી-જયાં નિજનું મૂકયું મોરું;
ઉડે અમારાં ઝુલ્ફાં પાગલ જાણે મોજી બટેરા—પાઇ૦
ઈલમની લકડી દીધી સાંઈ ! ધૂળમાં નાવ ચલાવી,
અલકમલકની આંખો જુએ કાઠની ગાય દુઝાવી;
પરકમ્મા કરતાં તુજ સાંઈ છૂટી ગયા ભવફેરા—પાઇ૦

પ્રિયકાન્ત મણિયાર

બ. ક. ઠા.ને

(પૃથ્વી-સૉનેટ)

જુની જ ડમણીમહીં શિખરિણી* ચઢી ઊતરી,
અનુક્રમી રહ્યાં બધાં ય પગલાં પુરા પંથના;
વિષાદ ઘટમાળનો કદિક મંદ આક્રાંત*થી
વિલાપી ઉર ઠારતાં; વિવિધ અંગના સંગમાં—
વસંતતિલકા* પતીત, ઉપજાતિ* જાતિહીના,
દમામભર માલિની*, લલિત શાલિની* સ્રગ્ધરા*,
કદી દ્રુતવિલંબિતા*, કદીક મંજુભાષિણી* વા,
—લઇ ભટકતા, ન કયાંય ઘર માંડી રૂહેતા કદા.



પ્રચેતસભર્યાં વિશિષ્ટ તવ સ્પષ્ટ વ્યક્તિત્વને
ગમ્યું ન ઘસડાવું એવી વણઝાર સંગે, અને
મથી રસવિહોણી પૃથ્વી* પર ચાસ પાડયા નવા,
અને પ્રથમ ઝાપટે જળવિહોણી એ ભોંયથી
સુગંધ પમરી, સુધા ઉભરી, શી મુદા નિર્ઝરી !
કરામત કરી લીધો નવલ ફાલ પૃથ્વીશ તેં !

જસુ શાહ

× બ. ક. ઠા.ની કલાવિષયક એક સૉનેટ (અનુવાદ)ની પ્રથમ પંક્તિ : કે આ જગતમાં બધું નાશવંત છે; અગર છે માત્ર મહાકલા.

* છંદોના નામના શ્લેષ.ગુજરાતી કવિતામાં પૃથ્વી છંદનો લગભગ નવો અને રસ તથા ઓજથી ભરેલો વાપર શરૂ કરનાર તરીકે લેખકીને આપેલી અંજલિ: 'બધા જૂની ડમણીથી પુરાણા ચીલે ચાલ્યા જતા હતા–કોઈ વાર ઘટમાળનો વિષાદ મંદ આક્રાંત(મંદાક્રાંતા)થી વ્યકત કરતા; અને જુદીજુદી સ્ત્રીઓ–પતિત વસંતતિલકા, તથા જાતિહીના ઉપજાતિ (નબળી રચનાઓ)ને તો કોઈ દમામભર માલિની, લલિત શાલિની... વગેરે (છંદો)ને લઈ ભટકયા કરતા ને એકેની સાથે ઘર માંડી નહોતા રહેતા (સ્થિર સાધના નહોતા કરતા). તારા ચેતનાભર્યાં વિશિષ્ટ વ્યક્તિત્વને એમ વણઝારમાં ભટકવું ન ગમ્યું અને એક સ્થળે ક્ષેત્રબદ્ધ થઈ રસવિહોણી પૃથ્વી પર (જૂની પડતર જમીન પર-પૃથ્વી છંદ પર) ગથી (સ્થિરતાથી સાધના કરીને)નવા ચાસ પાડયા.પરિણામે પહેલી જ ઝાપટે એ કુંવારી ધરતીમાંથી કેવી સુગંધ પમરી, સુધા ઊભરી, મુદા નિર્ઝરી!

કવિતા (અનિયતકાલિક) માટે પૈસા ને પૃચ્છા આવ્યા જ કરે છે. પણ એ તો 'અનિયત'કાલિક છે! પ્રકટ થયે આ પાના પર તરત ખબર અપાશે.

પ્રતિભા નહિ: પરિશ્રમ

જગતના પોતાના લગભગ બધા સમકાલીન મહાપુરુષોની શિલ્પ-પ્રતિમાઓ સર્જનાર અમેરિકન શિલ્પકાર 'જો' ડેવિડસનનું જીવનવ્યાપી એ સૂત્ર કોઈ પણ નિરાશાવાદીને પ્રેરણા આપે એ રીતે એ પોતે ચરિતાર્થ કરી ગયો છે. રશિયાથી નિર્વાસિત બનીને અમેરિકા ગએલાં ગરીબ યહૂદી માબાપનો એ છોકરો ન્યૂ યૉર્કનાં સાંકડાં ને અંધારિયાં ઝૂંપડાંમાંથી પ્રગતિની ફાળ ભરતોભરતો દુનિયાનાં શ્રેષ્ઠ શિલ્પીઓની ઉત્તુંગ હરોળ પર જઈને ઊભો. એનું કારણ સમજાવતાં એણે પોતે છેક ૧૯૨૨માં કહેલું કે 'ના: માણસ એકલી પ્રતિભાથી નથી આગળ વધી શકતો. ખરી જરૂરત તો છે પરિશ્રમની,—હાડ તોડી નાખે એવો પરિશ્રમ કરવાની ચેતનાશક્તિની. એ જ તમને સૌ સોંસરા કાઢીને શ્રેષ્ઠતાના શિખર પર મૂકી દે છે. ન્યૂ યૉર્ક ને પારીસમાં પ્રતિભાની શું ખામી છે? જગતની એ મહાનગરીઓની શેરીઓ ઘણા તેજસ્વી માણસોથી ભરેલી છે; પણ એમાંના કેટલા પોતાની



મહાત્મા ગાંધીજીની પોતે ઘડેલી શિલ્પ-પ્રતિમાને પડખે ઊભેલો જો ડેવિડસન

એ સૂત્રને ચરિતાર્થ કરનાર ખ્યાતનામ શિલ્પી જો ડેવિડસન

જે ન્યૂ યૉર્કના અંધારિયા ઝૂંપડામાંથી પ્રગતિની ફાળ ભરતોભરતો શ્રેષ્ઠ શિલ્પીઓની હરોળમાં જઈ ઊભે અને દુનિયામાં કદી કોઈ નહિ કરી ગએલો, એટલા જગતભરના મહાપુરુષોની શિલ્પપ્રતિમાઓ ઘડી ગયો

મહત્વાકાંક્ષાઓ સિદ્ધ કરી શક્યા છે? ના: એકલી પ્રતિભા નહિ; સાથેસાથે પુરુષાર્થ ખેડવાની અદમ્ય તમન્નાવાળો માનવી મને આપો, ને પછી જુઓ કે એ સોળે કળાએ ખીલી નીકળે છે કે નહિ.'

અડસઠ વરસની પોતાની જિંદગીમાં લગભગ અરધી સદી સુધી—૪૫ થી ૫૦ વરસ લગી આ જ અદમ્ય તમન્નાપૂર્વકનો પુરુષાર્થ ખેડીને, આ જાન્યુઆરીની ત્રીજી તારીખે અવસાન પામેલો એ અમેરિકન શિલ્પી જો ડેવિડસન દુનિયા આખીના એટલા બધા મહાન પુરુષોની મૂર્તિઓ ઘડી ગયો છે કે એ Plastic Historian (મૂર્તિમંત ઈતિહાસનો સર્જક) કહેવાય છે. મહાત્મા ગાંધીથી માંડીને ફ્રાંક સિનાત્રા સુધીના પુરુષવરોમાં એકલી રાજકારણી વિભૂતિઓ જ નહિ પણ વિદ્વાનો ને વિજ્ઞાનીઓ, સંસ્કારસ્વામીઓ ને સેનાધિપતિઓ, ધીમાનો ને ધનપતિઓ—એમ જીવનના એકેએક ક્ષેત્રમાં ઝળકેલી સંસારભરની સર્વોત્તમ પ્રતિભાઓની પ્રતિમાઓ એણે સર્જી હતી. અને આ કામ અજબ જેવી ઝડપે એ કરતો: બે કે ત્રણ જ કલાકમાં. કેમ કે એને ઘડવાનાં પાત્રો બધા બહુ જ વ્યવસાયી મહાપુરુષો હતા: કેટલાકને એ ઘડતરકાર્ય દરમ્યાન લાંબો વખત બેસવાનો સમય નહોતો, તો કેટલાકને શરમ લાગતી. એકવાર ઇંગ્લંડના વિખ્યાત સાહિત્યકાર એચ. જી. વેલ્સની પ્રતિમા ઘડવાની હતી ત્યારે વેલ્સે એને લખેલું: 'ચિત્ર કે શિલ્પને માટે 'સિટિંગ' (બેઠક) આપવાનો મને પાર વિનાનો કંટાળો ને ચીડ છે. મારો ચહેરો ધરી રાખીને એમ પૂતળાની માફક બેસી રહેવાનો મને તિરસ્કાર છે. માટે કૃપા કરીને તમારા કામમાં શિતાબી રાખજો. મને બહુ બેસાડી ન રાખશો.' 'અને પછી,' ડેવિડસન લખે છે 'જ્યારે મેં એમને કહ્યું કે હું તમારી મૂર્તિ ઘડું એ દરમ્યાન ખુશીથી વાતોચિતો પણ કરી શકો છો સાથેસાથે મારા કામને પણ જોતા જઈ શકો છો' ત્યારે તો એ પ્રસન્ન થઈ ગયા.'

આ ઝડપ કઈ રીતે પ્રાપ્ત કરી તેનું રહસ્ય સમજાવતાં એ બહુ જ ઉપકારવશ હૃદયે પોતાની જુવાનીની એક વાત કરી છે. અમુક શિલ્પ એને બાંધી મુદતમાં પૂરું કરી આપવાનું હતું. પરંતુ કોઈ પણ ઉપાયે એટલા સમયમાં પતે એમ ન હતું. ત્યારે એને કોઈ મંત્ર આપેલો કે ''એ કામ પર એવી રીતે મચી પડ કે જાણે તારી જિંદગીનો એ છેલ્લો જ દિવસ તારી પાસે કામ કરવાનો છે' અને ડેવિડસન લખે છે કે, 'તે દિવસથી મને જીવનનું સૂત્ર લાધી ગયું: પ્રતિભા નહિ, પરિશ્રમ: કાળજાતૂટ પરિશ્રમ કરવાની પ્રચંડ તમન્ના એ જ જીવનસાફલ્યની સાચી ચાવી છે.'

અને એનું જીવન જાણે એ સૂત્રની જ જીવંત કથા છે. ગઈ સદી આખરમાં ન્યૂ યૉર્કની મુફલિસ શેરીઓમાં રખડનાર ને ચિઠ્ઠીચપાટી લઈ જનાર હલકારા તરીકે જીવન શરૂ કરનાર એ ચેકુસ એ ક્યાં પહોંચ્યો કે એની ઘડેલી રૂઝવેલ્ટની લઘુપ્રતિમાઓ આજે અમેરિકાના ઘરેઘરમાં શોભે છે; અને બેર માઉન્ટન નામના પર્વત પર મૂકાયેલું પ્રખ્યાત અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમૅનનું પ્રચંડ ને વિરાટ શિલ્પ મઢાઈલો દૂરથી દેખાતું અમેરિકાના વાતાવરણમાં એનું સ્મરણ જગાવતું રાખી રહે છે. કેમકે ખૂબીની વાત એ છે કે એ વૉલ્ટ વ્હિટમૅનનો અને 'જો'નો પોતાનો ચહેરો અને દેહ લગભગ મળતા આવે છે. સ્થૂળ પ્રચંડ કાયા પર ભરાવદાર દાઢીવાળું મોટું માથું અને તેમાં ઊંડે ઘેરાં ભ્રમરાં નીચેથી ભભૂકતી વેધક આંખો ધરાવતો એ શિલ્પકાર ડેવિડસન તેના અડસઠ વરસના આયુમાં દુનિયાનાં અનેક ક્ષેત્રો ઘૂમીવળીને પોતાના અવિસ્મરણીય વ્યક્તિત્વની છાપ મૂકતો ગયો.

ઓગણીસમી સદીના રશિયામાં પ્રવર્તતા જુલમથી ત્રાસી અમેરિકા આવેલા જૅકોબ અને હાયા ડેવિડસન નામના એક યહુદી દંપતીને ત્યાં, ન્યૂ યૉર્કના ગીચગરીબ લત્તામાં ઈ. ૧૮૮૩

જો' એટલે કે જોસેફનો જન્મ થયો. એ ગંદી શેરીઓમાં ઊછરીને [ત્રે]સ વરસની વયે તેણે ચિઠ્ઠીચપાટી લઈ જનાર છોકરાની કામગીરી લીધી, અને સાથેસાથે અભ્યાસ કરતા જઇને સોળ વરસની વયે 'આર્ટ સ્ટુડન્ટ્સ લીગ' નામની કળાશાળાની સ્કૉલરશિપ મેળવી. ત્યાંના ત્રણ વરસના અભ્યાસ દરમ્યાન લાકડાનાં પાટિયાં પર સળગતા કોલસા વડે કરેલાં ચિત્રો (બર્ન્ટ વૂડ ડ્રૉઇંગ) આલેખી આલેખીને તે પોતાનો ગુજારો કરતો. પણ હજી કશામાં એનો જીવ ચોંટતો નહિ, એટલે દાક્તરીના અભ્યાસની પૂર્વતૈયારી માટે તે યેઈલ યુનિવર્સિટીમાં દાખલ થયો ત્યાં પણ ખર્ચ કાઢવા માટે બર્ન્ટ વૂડ ચિત્રોનું તેનું કામ તો ચાલુ જ હતું. એવામાં ત્યાંની મોટી કળાશાળામાં તેણે માટીકામના થોડા નમૂના જોયા, અને તેના પર હાથ અજમાવવાનું એને મન થયું. અને એમાં જીવ એવો ચોંટી ગયો કે પછી પાછું વાળીને એણે જોયું જ નહિ.

યેઈલને પડતી મૂકીને ન્યૂ યૉર્ક આવી એણે બ્રશ અને મૅકનીલ નામના શિલ્પીઓના હાથ નીચે મૂર્તિકલાનું રીતસરનું શિક્ષણ લીધું અને ૧૯૦૫માં એને 'ડેવિડ' નામનું એક શિલ્પ ઘડવાનો પહેલવહેલો ઑર્ડર મળ્યો. બે વરસ રહીને વિલિયમ પાર્ટી નામના એક વકીલની આર્થિક સહાયથી એ પારીસની 'ઇકોલ દ બો આર્ટ' નામની જગવિખ્યાત કલાશાળામાં દાખલ થયો. પણ ત્યાં જૂનાં પૂતળાંઓની નકલો કર્યા કરવામાં એને રસ પડ્યો નહિ; એટલે પોતાની જ સૂઝથી શિલ્પમૂર્તિઓ અને પ્રકાશના પરસ્પર સંબંધમાંથી કાંઈક નવી જ પદ્ધતિ ખીલવવાના અખતરાઓમાં એ ગરક થઇ ગયો: ખરેખરો ગરક. તે એકલો રહેતો ને ભૂખે મરતો. અખતરાના પૈસા કોણ આપે? એમાં જોકે એનું નામ સારું ચાલ્યું, પણ ભૂખમરો આંગણે આવીને ઊભો રહ્યો.

મિત્રોની મહેનતથી એને હૅલગાર્ટન સ્કૉલરશિપ મળી એટલે ૧૯૦૭માં એ સ્વિટ્ઝર્લૅન્ડ ગયો અને ત્યાંથી એનો દિનમાન ફર્યો. મિસિસ હેવી પેઇન વ્હિટની નામની શ્રીમંત બાઈએ એનું કરેલું 'સ્વિસ કન્યા' નામનું શિલ્પ ખરીદ્યું. ૧૯૦૮માં એનું 'વાયોલિનિસ્ટ' નામનું શિલ્પ પારીસના પ્રદર્શનમાં લોકોને મુગ્ધ કરી રહ્યું અને બે વરસ બાદ ન્યૂ યૉર્કમાં એનું પહેલું સ્વકીય પ્રદર્શન ભરાયું ત્યારે નામી કલાવિવેચકોએ એને પ્રશંસાથી વધાવી લીધો.

અને પછીના બે દાયકામાં તો ઉપરાઉપરી આવેલી ઑર્ડરોની છોળને લીધે ન્યૂ યૉર્કથી પારીસ, લંડન, અને બીજાં પાટનગરોમાં એને જે ઘૂમવું પડ્યું એને લીધે તો એનું નામ કથાવાર્તાઓની જેમ લોકજીભે રમતું થઈ ગયું. એના કામ જેવું જ એનું પોતાનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી હતું કે જગતના ખૂણેખૂણેથી એના પ્રશંસકો આકર્ષાઇ આવતા.

જગતની જીભને ટેરવે ચડેલો એવો ભાગ્યે જ કોઈ મહાપુરુષ હશે જેની શિલ્પપ્રતિમા એણે નહિ કરી હોય.—માત્ર થોડાક જ સાહિત્યકારોને ગણાવીએ તો: બર્નાર્ડ શૉ, એચ. જી. વેલ્સ, આર્નોલ્ડ બેનેટ, જૉન ગાલ્સવર્ધી, આલ્ડસ હક્સલી, હ્યુ વૉલપોલ, જોસેફ કૉનરાડ, રડિયાર્ડ કિપ્લિંગ, જેમ્સ બૅરી, ટૅંક સ્વિનર્ટન, જેમ્સ જૉઈસ, લૂઈજી પિરાન્ડેલો, આનાતોલ ફ્રાન્સ, કાર્લ સૅન્ડબર્ગ, આંદ્રે જીદ, ગર્ટ્રુડ સ્ટાઈન, હેવલોક ઍલિસ, સિંક્લેર લૂઈ, અને અત્યારનો પીઢ સમરસેટ મૉમ. રાજદ્વારી પુરુષોમાં પ્રેસિડેન્ટ વિલ્સન અને રૂઝવેલ્ટ તથા ક્લેમેન્શો અને મુસૉલિનીથી માંડી માર્શલ ટીટો સુધી; સેનાપતિઓમાં માર્શલ ફૉશ, જનરલ પર્શિંગ અને જનરલ આઇસનહોવરથી માંડી જનરલ દ ગૉલ સુધી; અન્ય વિભૂતિઓમાં મહાત્મા ગાંધીથી માંડીને આલ્બર્ટ આઈન્સ્ટાઇન સુધી અને ધનપતિઓમાં રૉકફેલરથી માંડી બર્નાર્ડ બારૂખ સુધી એની કૃતિઓનો વૈવિધ્યવિસ્તાર પહોંચે છે.



અમેરિકામાં 'બેર માઉન્ટન' નામના પર્વત પર ખડી કરેલી, ખ્યાતનામ અમેરિકન કવિ વૉલ્ટ વ્હિટમૅનની, જો ડેવિડસને ઘડેલી આ પ્રચંડ ને પ્રભાવોદ્રેકભરી પ્રતિમા ખુદ એ શિલ્પકારને પોતાને પણ આત્મેહૂબ ગણાતી આવે છે. એ પ્રતિમાની નીચે મૂકેલી કવિ વ્હિટમૅનની જ રચેલી નીચેની પંક્તિઓમાં મુક્ત મનનું જે ગાન ગવાયું છે તેનો ભાવ જેમ આ શિલ્પમૂર્તિમાં વ્યક્ત થાય છે તેમ ડેવિડસનની પોતાની લાક્ષણિકતા પણ તે વ્યક્ત કરે છે:

Aloof and light-hearted I take to the open road,
Wealthy, free, the world before me,
The long brown path leading wherever I choose.

અલિપ્ત ને હળવે હૈયે ખુલ્લા માર્ગ પર હું ચાલ્યો જાઉં છું,
મારી સન્મુખ સમૃદ્ધ ને મુક્ત જગત પથરાએલું પડ્યું છે,
ને લાંબો ભૂખરો મારગ, જ્યાં ચાહું ત્યાં મને દોરી જાય છે.

હમેશાં એનું કામ સરળ જ બની આવે છે એવું નથી હોતું. ગયા ડિસેમ્બરમાં બહાર પડેલી પોતાની આત્મકથા 'બિટ્વીન સિટિંગ્ઝ' (બેઠકોની વચ્ચેવચ્ચે)માં જે અનેક પ્રસંગો એણે કહ્યા છે તેમાં એકમાં એણે લખ્યું છે કે 'બર્નાર્ડ બારૂખનું શિલ્પ કરતાં તેની વિશિષ્ટ લાક્ષણિકતા મારાથી કેમે કરી પકડી શકાય જ નહિ. આથી મેં એને કહ્યું, "મેં તો માનેલું કે તમે પકડવા બહુ સહેલા હશો." એ અર્થસ્વામીએ જવાબ આપ્યો "ઘણા લોકો પણ એમ જ માને છે કે મને પકડવો



ડેવિડસનની બે કૃતિઓ: ડાબી બાજુ વિજ્ઞાની આઇન્સ્ટાઈન; જમણી બાજુ ધનકુબેર રૉકફેલર

બહુ સહેલો છે!'' અને' ડેવિડસન લખે છે કે, 'આ વાક્ય બોલતાંની સાથે અચાનક એનો હમેશનો વિશિષ્ટ મુખભાવ એના ચહેરા પર એવો આવી ગયો કે મેં તરત એ ઝડપી લીધો!'

અવસાન પહેલાં બાર-પંદર દિવસ અગાઉ સુધી તે પોતાના આ વ્યવસાયમાં જ રત હતો. છેલ્લે, ૧૨મી ડિસેમ્બરે તે નવા યહૂદી રાજ્ય ઈઝરાએલ જઇ આવીને ત્યાંના પ્રમુખ ચાઇમ વાઇઝમાન, મંત્ર પ્રધાન ડેવિડ બેન-ગુરિયન, વિદેશ પ્રધાન મોશે શારેટ અને બીજા એ નવી પ્રજાના અગ્રણીઓના સ્કેચ કરી ફ્રાન્સ પાછો આવેલો અને તેમનાં પ્રતિમાશિલ્પો કરતો હતો. ઉપરાંત ઈઝરાએલમાં જૉર્ડન નદીપર બંધ બાંધીને ઊભું કરવામાં આવનારા જંગી હાઇડ્રો-ઇલેક્ટ્રિક પ્લાન્ટ (વીજળી ઉત્પાદક કેન્દ્ર) માટે એક પ્રચંડ સ્મારકશિલ્પ પણ તે કરવાનો હતો. એવામાં અચાનક તેને હૃદયરોગનો હુમલો થયો અને બેચેરેન ખાતે આવેલા તેના આગાવાસમાંથી દવાખાનામાં લાવવામાં આવ્યો, જ્યાં દુ:ખશામક દવાની અસર નીચે ઊંઘમાં જ તેનું અવસાન થયું. તેના અવસાન સમયે તેની હાલની પત્ની ફ્લૉરેન્સ લૂશિયસ (જે પણ એક કલાકાર છે ને યુવાનીમાં 'આર્ટ સ્ટુડન્ટ્સ લીગ'માં તેની સાથે ભણતી તે) તથા ફ્રાન્સને વિખ્યાત કાર્ટૂનિસ્ટ ને કલાકાર ડિગ્નિમૉન્ટ તથા મિસિસ ડિગ્નિમૉન્ટ જે તેની સાથે નાતાલના તહેવારો ગાળવા આવેલાં તે પણ હાજર હતાં. તેની આગલી પત્ની જે ૧૯૩૪માં ગુજરી ગઈ તેના બે પુત્રો ન્યૂ યૉર્કમાં છે: એક જૅક્સ વીમા કંપનીમાં કામ કરે છે ને બીજો ફ્રાન્સની વૉશિંગ્ટન ખાતેની અખબારી એજન્સીમાં. તે પોતે તો મોટે ભાગે ફ્રાન્સમાં જ રહેતો: થોડો સમય પારીસ ખાતે ને થોડો સમય તેની ગામડાની જાગીર પર.

નિર્જીવ માટીને જીવંત મૂર્તિના સ્વરૂપમાં પલટાવવાની જાદુભરી શક્તિ તેનાં આંગળાંમાં હતી વળી, માટીને ખાસ પદ્ધતિથી પકવીને લાલ-બદામી બનાવવાની તેણે પોતાની એક ખાનગી રીત શોધી કાઢી હતી, અને એ રીતની પક્વપ્રતિમાઓ પણ બહુવખણાતી. આ સાથેનાં ચિત્રોમાં બેર માઉન્ટની ઉપરની કવિ વૉલ્ટ વ્હિટમૅનની પ્રચંડ મૂર્તિ, તથા આધુનિક જગતના મહાન ગણિતી-વિજ્ઞાની આઈન્સ્ટાઈન, મહા ધનકુબેર રૉકફેલર અને મહામાનવ મહાત્મા ગાંધીજીનાં તેનાં શિલ્પો નમૂના તરીકે આપ્યાં છે. જગતના ઇતિહાસમાં કદી કોઈ શિલ્પકારે નહિ કરી હોય તેટલી મહાપુરુષોની શિલ્પપ્રતિમાઓનો એ સર્જક આટઆટલી માનવવિભૂતિઓના સંપર્કમાં આવવાનું અહોભાગ્ય પામ્યો હતો તેનું એને મન ગૌરવ પણ હતું. છેલ્લે ન્યૂ યૉર્કમાં તેનાં થોડાં ચુનંદાં (એકસો આઠ) એવાં શિલ્પોનું પ્રદર્શન ભરાયું ત્યારે તેણે કોઈ ને પૂછ્યું હતું: 'જીવનમાં તમે કદિ આટલા મહાપુરુષોના સંપર્કમાં આવેલા ખરા?'

રળિયામણી ગુજરાત


ફોટોગ્રાફરો-કલાકારો માટે એક નવી ઈનામી હરીફાઈ

દર્શનરમ્ય સૌંદર્યસ્થાનોનો ગુજરાતમાં તોટો નથી. ચરોતર કે નાઘેરની કુંજેથી માંડીને ધરતીની ઉરધબક થીજી ગઈ હોય એવા, ધાર-ડુંગરથી મંડિત ઊંચાનીચાં લહેરિયાં લેતા પ્રદેશો; હરિયાળાં ખેતરોની લીલી સાડી વચ્ચે ઝીકના બુટ્ટા જેમાં શોભતાં ગામડાંઓ; સમથળ થાળીમાં મોતી વેરાયાં હોય એવાં છૂટાંછવાયાં વૃક્ષોથી શોભતા સપાટ ભૂમિવિસ્તારો; વિકટ વાંઘાં ને કરાળ કોતરો તથા ઊંચી ભેખડો ને કાળમીંઢ ખડકો વચ્ચે વહેતી મહી, વાત્રક ને સાબરમતી, ભાદર મચ્છુ ને શેત્રુંજી, કે તાપી નર્મદા ને પૂર્ણાના લીલામધુર વળાંક લેતા પ્રૌઢ કે પાતળા યા ધીરગંભીર વહેતા વહનમાર્ગો; ગીર અને બરડા તથા ડાંગ ને પંચમહાલની વનઘટાઓ; આસમ ગિરનાર ને શત્રુંજય તથા ઈડર પાવાગઢ ને પારનેરાના ગિરિરાજો; કાનમ પાંચાલ કે વઢિયારના વિશિષ્ટ સૌંદર્યશાળી ભૂમિભાગો;—ગણતાં યે થાક લાગે એવાં રૂપસ્થળોથી પ્રકૃતિએ ગુજરાતને જાણે મઢી દીધી છે. ઊણપ છે માત્ર તેને જોવાની આંખની, અને દેખાડનારા દર્પણની. એ ગુમાવેલી આંખ આપણે કેળવવાની છે; અને એ માટે દર્પણ ધરવાનું છે કલાકારોએ. ગુજરાતનું રૂપદર્શન કરાવવાના આ કાર્ય માટે સૌ ફોટોગ્રાફરો ને કલાકારોને આમંત્રણ છે.

શિલ્પ સ્થાપત્યના નહિ, પણ નૈસર્ગિક શોભા અને રૂપસૌંદર્યવાળાં દૃશ્યોના, અગાઉ ક્યાંય કદી પ્રસિદ્ધ ન થયા હોય તેવા, સુરુચિપૂર્ણ ચિત્રસંયોજન તથા ઉત્તમ ટેકનિકવાળા ૬×૮ ઈંચના કદના ફોટોગ્રાફો કે ૧૨×૧૦ના માપના સુંદર સ્કેચ મોકલવા જરૂરી છે. ઈનામ રૂા૧૫, ૧૨ કે ૯, લાયકાત પ્રમાણે. ઈનામ પામેલી કૃતિઓના હક્ક કર્તાના ગણાશે, પણ કુમાર કાર્યાલય લિમિટેડ પોતા પૂરતા સર્વ પ્રકાશનોના હક ધરાવશે.

ચૈ, અગદ્! ચૈ!

એ વળી કઈ ભાષાના શબ્દો? એનો સ્ફોટ કરીશું તો એક હૃદયસ્પર્શી વાર્તાનો રસ ઢોળી દઈશું. બહેતર છે કે એ વાંચવા માંડો.



શ્રી રણજીત દેસાઈની
મરાઠી વાર્તા ઉપરથી

અનુવાદક
સુમતિ ર. દલાલ

છેલ્લા આઠદસ દિવસથી વિલાસપુરમાં મોટી ધાંધલ મચી ગઇ હતી. એમાં યે આખરના બે દિવસથી તો લોકોની ઉત્કંઠા ગળા સુધી આવી ગઇ હતી. વાઈસરૉય સાહેબનાં શુભ પગલાં વિલાસપુર સંસ્થાને પડતાં કાર્યક્રમોની જાણે ઝડી વરસી હતી! આખા યે વિલાસપુરનો રૂઆબ ફરી ગયો હતો. રાજભવન આખો રોશનીથી ઝળાંહળાં થઇ ગયો હતો, અને રાજમાર્ગો ઉપર પણ ઠેરઠેર વિવિધ રોશની કરવામાં આવી હતી. કુસ્તી, શરતો અને એવા અનેક કાર્યક્રમો એક પછી એક યોજાતા જતા હતા. છેલ્લા બે દિવસથી લોકો એક જુએ અને બીજું ભૂલે એવી કાર્યક્રમોની ભુલભુલામણી મચી ગઈ હતી. અને એ છતાં યે સહુ આજનો દિવસ પૂરો થઇને કાલની સાંજ ક્યારે પડે એની વાટ જોતાં હતાં. કારણ, ખાસ વાઈસરૉય સાહેબને માટે જ, આજ લગભગ પંદર વર્ષ પછી, વિલાસપુરમાં હાથીની સાઠમારી યોજવામાં આવી હતી.

સાઠમારીના મેદાનની સાફસૂફી પૂર ઝડપે થતી હતી. વર્ષોથી અવડ રહેલો બુરજ સાફ કરવામાં આવતો હતો. પડુંપડું કરતો ઊભેલો એ બુરજ કેટલી યે જગ્યાએથી સમારવા યોગ્ય થઈ ગયો હતો, એટલે એ પણ કરવામાં આવ્યું. કઠા ઉપર ધજા-પતાકાઓ બાંધવામાં આવતી હતી. આ બધી ધમાલ ચાલતી હતી ત્યારે ત્યાં મેદાનના એક ખૂણે એક માણસ ચિંતાગ્રસ્ત ઊભો હતો. એનું નામ હતું શંકર. સાઠમારીની બધી જ તૈયારીઓનો ભાર મહારાજા સાહેબે એના માથે નાંખ્યો હતો, કેમકે મોટા મહારાજના વખતનો એ એક જ સાઠમાર આજે બાકી રહ્યો હતો. એનો પણ એક જમાનો હતો. અત્યારે એ આવતી કાલનો વિચાર કરતો હતો. આજે મેદાનની વચમાં ઊભેલો એકનો એક બુરજ એને એના પહેલાંના દિવસોની યાદ આપતો હતો. એ એક જ માત્ર એનો સાથી અને સાક્ષી હતો. એને જોતાં જ શંકરને એના પહેલાંના દિવસો યાદ આવી ગયા...

એ મેદાનનું સ્વરૂપ બદલાતું ગયું. મેદાનમાં ઊભેલા અનેક બુરજો શંકરની આંખ સામે તરી આવ્યા. ચિત્રવિચિત્ર અવાજો એને કાને પડવા લાગ્યા. એણે જોયું તો શુભ્ર સફેદ વસ્ત્રોમાં સજ્જ થયેલા અને હાથમાં જાતજાતના રંગીન રૂમાલો ફરકાવતા અનેક સાઠમારો મેદાનમાં સર્પગતિએ દોડતા હતા. એ દોડતા લોકોમાં એનો બાપ કેશવ પણ હતો. એના હાથમાં લાલ રૂમાલ હતો. એને ફરકાવતો એ કોઇને બોલાવતો હતો, 'ચૈ, અગદ્! ચૈ!'

અને કેશવનો એ અવાજ સાંભળીને એની પાછળ એક મસ્ત ગજરાજ દોડ્યો જતો હતો. એના ગંડસ્થળમાંથી મદની ધારા ચાલી જતી હતી. પૂછડી ટટ્ટાર કરીને, સૂંઢને હવામાં વીંઝતો સાઠમારને આંબવા એ બેફામપણે દોડ્યો જતો હતો. એની આજુબાજુ દંગલ મચાવતા લોકોની એને પરવાહ નહોતી. એનું સમસ્ત લક્ષ તો હતું પેલા લાલ રૂમાલ ઉપર. હાથીને હુલકાવતો હુલકાવતો કેશવ દોડતો હતો. મોકો મળતાં એ સફાઈથી હાથીની નજીક સરક્યો. હાથીને થાપ આપીને એના મદમસ્ત દંતૂશળ ઉપર બાંધેલી ચિઠ્ઠી એણે તોડી લીધી. તાળીઓનો પ્રચંડ નાદ વાતાવરણને મજાવી રહ્યો! અને ત્યાં જ શમિયાણામાંથી મહારાજા સાહેબનો અવાજ આવ્યો, 'શાબાશ કેશવ! નામ રાખ્યું તેં મારું!'

અને એ દિવસે મોટા મહારાજા સાહેબે ચિઠ્ઠી પર લખેલું પાંચસો રૂપિયાનું ઈનામ તો કેશવને આપ્યું જ, પણ એ ઉપરાંત ઊંચી જાતના રેશમનો બનાવેલો સાઠમારનો સફેદ પોશાક પણ એને ભેટ દીધો. અને એ વખતે કેશવની બાજુમાં ઊભેલા શંકરને માથે હાથ મૂકીને મહારાજા સાહેબે એને કહ્યું હતું, 'અરે, આ તારો દીકરો કે? એ રમે છે કે નહિ સાઠમારી? એને બરાબર તૈયાર કરી નાખ જોઉં! એણે તારું નામ રાખવું જોઈશે ને?'

અને એ દિવસથી કેશવ શંકરને રોજ નિયમિતપણે સાઠમારી શીખવતો હતો. એકબે વર્ષમાં તો શંકર ખાસ્સો તૈયાર થઈ ગયો. એ વખતનો એક મજાનો પ્રસંગ શંકરને યાદ આવ્યો. આઠદસ સાઠમારો અને શંકરને સાથે લઇને કેશવ સાઠમારી માટે મેદાનમાં ઊતર્યો હતો. રમતાંરમતાં એ શંકરને શીખવતો જતો હતો ને જરૂરી સૂચનાઓ આપતો જતો હતો. સૌના હાથમાં જુદાજુદા રંગના રૂમાલો હતા. મોકો સાધીને શંકરે હાથીની નજીક સરીને જતાં જ કેશવે એને ચિઠ્ઠી તોડી લેવાની હાકલ કરી. પણ ત્યાં તો ઓચિંતી હાથીએ મોટેથી ત્રાડ નાખી, અને હાથી ચિડાઇને પોતા ઉપર ધસ્યો એમ માનતાં જ શંકરે દોડીને બુરજનો આશ્રય લીધો. પોતાનો દીકરો મેદાનમાંથી નાઠો એ જોઇને કેશવને ખૂબ જ દુઃખ થયું. ક્રોધથી, સંતાપથી એને પગથી તે માથા સુધી ઝાળ લાગી. ખિજવાઇને એ પણ શંકરની પાછળ બુરજમાં પેઠો, ને એને બોચીએથી પકડીને બહાર ખેંચી આણી બીજા હાથે એક સણસણતી થપાટ એના થોબડામાં મારીને એણે કહ્યું, 'સા'...બૈરી છો કે શું? બુરજમાં શાનો પેસી ગયો? યાદ

રાખજે ફરી આમ કર્યું છે તો!' અને એ યાદે આજે યે એનું મોં સ્મિતથી ચમકી ગયું. એ ભાનમાં આવ્યો.

ખરેખર. મોટા મહારાજા સાહેબ હયાત હતા ત્યાં સુધી કેશવ અને શંકર કેવા જોરમાં હતા! એ બાપદીકરાનાં નામ તો હમેશાં લોકોની જીભે રમ્યા કરતાં. ઘરને છાપરે મોટા મહારાજના પ્રતાપે સોનાનાં નળિયાં ચમકતાં. પણ એમનું નસીબ પાછું પડ્યું અને મોટા મહારાજ કાળ પામ્યા. નાના મહારાજા સાહેબ ગાદીએ આવ્યા એમને રેસનો ખૂબ જ શોખ! એમણે લાખો રૂપિયા ખરચીને વિલાસપુરમાં ઘોડદોડ માટેનું મેદાન બંધાવ્યું અને સાઠમારીના વળતાં પાણી થયાં. મોટા મહારાજના વખતમાં તો આ મેદાનમાં જ્યાં આકદસ સાઠમારો રાતદિવસ પડ્યા જ રહેતા ત્યાં હવે કૂતરાં યે ફરકતાં નથી. એકબે દિવસ થતાં જ મેદાનની ભૂમિ ઉપર 'ચૈ અગદ્! ચૈ!' ના જે અવાજો ગાજી રહેતા તે સદંતર બંધ પડ્યા. હાથીના ભયંકર ચિત્કારો ને એમને હુલાવતા એ 'ચૈ અગદ્! ચૈ!' ના અવાજોની વાતો પણ લોકો ભૂલી ગયા. ગાદીએ આવતાં જ મહારાજા સાહેબે બધા સાઠમારોને નોકરીમાંથી કમી કર્યા. જેમને સરકાર તરફથી ખુશીમાં જમીન-જાગીરો આપવામાં આવી હતી એ પણ છીનવી લેવામાં આવી. પોતાના જીવન અને મોતનો સોદો ખેલીને જે લોકો પહેલાં જીવતા હતા. એમને પછી ફળફૂલના સોદા ખેડીને જીવન નિભાવવાનો વખત આવ્યો એ સાઠમારી બંધ થયાને આજે પંદરથી વીસ વર્ષ થયાં હતાં, અને આજે ફરી એક વાર મોટા લાટસાહેબના આગમનને કારણે ખાસ એમના જ કહેવાથી, સાઠમારી ખેલવામાં આવનાર હતી!

મહારાજા સાહેબે જ્યારે કેશવ અને શંકરને પોતાની પાસે બોલાવ્યા અને શંકરને સાઠમારી ખેલવાની આજ્ઞા કરી, ત્યારે કેશવે મહારાજા સાહેબને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો. એણે મહારાજા સાહેબને પોતાની હાલની દીન અવસ્થા વિશે કહ્યું. કહ્યું કે શંકર જ માત્ર એની વૃદ્ધાવસ્થાનો સહારો હતો. અને છેવટે શંકરને બદલે પોતે જ સાઠમારીમાં ઊતરશે એમ પણ કહી જોયું. એણે બે હાથ જોડ્યા. પણ શંકર જ માન્યો નહિ. એ જ જાતે ખેલવાને તૈયાર થયો, અને મહારાજા સાહેબનો જીવ ત્યારે હેઠો બેઠો. શંકરે પોતાના વૃદ્ધ પિતાને સમજાવવાનો પ્રયાસ કર્યો: 'કદાચ છે ને, આ જોઇને મહારાજા સાહેબને સાઠમારીનો નાદ ફરી લાગે તો? પોતાનો ગયો વૈભવ પાછો આવવાનો યે સંભવ ખરો ને?'

આ બધા વિચારમાં શંકર એટલો તો રંગાઈ ગયો હતો કે એને કાળનું કાંઈ ભાન નહોતું. એના જીવને કોઈ રીતે ચેન નહોતું પડતું. રહીરહીને, વેળા કવેળા, જરા આરામની ક્ષણ મળતાં જ વિચાર આવતો, કે આજ પંદર વર્ષથી ટેવ છૂટી ગયા પછી આ સાઠમારો કેટલે અંશે સફળ થશે? તેઓ સાચે જ રમી શકશે ખરા? ખુદ પોતાની ઉંમર પણ આજે પાંત્રીસ વર્ષની થઈ હતી! એને તો પોતાની જાતને માટે યે શંકા હતી. જોકે ગમે તેમ કરીને એણે દસબાર સાઠમારો તો તૈયાર કર્યા હતા, પણ ઉપર કહ્યું એવા વિચારોને કારણે એનો આત્મવિશ્વાસ ડગતો જતો હતો. અને પછી એનું મન ચિંતાગ્રસ્ત દશામાં વધુ નંખાઇ જતું. અત્યારે બધા લોકો ઘેર ગયા હતા. આકાશમાં ચંદ્ર ઊંચો આવતો જતો હતો અને એના આછા મધુરા પ્રકાશમાં એને પોતાનો ખૂબ લાંબો પડતો પડછાયો દેખાયો. એને થયું કે હવે જલદી ઘેર જવું જોઇએ; બાપુ વાટ જોતા હશે. અને એણે ઝડપથી ઘરની દિશામાં ડગલાં માંડ્યાં.

કેશવનો શંકર ઉપર ખૂબ જ જીવ હતો. શંકરની મા નાનપણમાં જ મરી ગઈ હતી, એટલે કેશવે જાતે પારણું બાંધીને શંકરને મોટો કર્યો હતો. એને માના સુખની ખોટ કદી સાલવા નહોતી દીધી. શંકરને આવેલો જોઈને ડોસો ઊભો થયો. જમતાંજમતાં પણ એ એનો જ વિચાર કરતો હતો. એણે શંકરને પૂછ્યું, 'ચીપિયા તૈયાર છે ને? બાણ બરાબર બનાવરાવ્યાં છે ને?' ડોસાનો જીવ આજે તળેઉપર થઈ જતો હતો. જેટલી અપાય તેટલી સૂચનાઓ એ આપતો જતો હતો: 'શંકર, જો ભાઇ સંભાળથી ખેલજે! હાથી તરફ પીઠ કરીને ઝાઝો વખત ના દોડ્યા કરવું. ચિઠ્ઠી તોડવાનું ફાવ્યું તો ઠીક છે, નહિ તો, જો, આપણે ઈનામની કાંઇ પરવા નથી, હોં!'

એટલે હસીને શંકરે કહ્યું, 'બાપુ, ભૂલી ગયા કે? હું નાનો હતો અને એક વખત હાથીની ત્રાડથી ગભરાઈને હું ચિઠ્ઠી ન તોડતાં બુરજમાં નાસી ગયો હતો ત્યારે તમે મને મારીને શું કહ્યું હતું? અને આજે આમ કહો છો? જુઓ તો ખરા કે પેલા જંગબહાદુરની કેવી રેવડી દાણાદાણ કરું છું તે!'

ડોસાએ નિશ્વાસ મૂકીને કહ્યું, 'ભલે ભાઇ, ભલે! તારું ખરું અને મારું રહ્યું, બસ? પણ જો ભાઇ, જરા સંભાળીને ખેલજે. ધ્યાન રાખજે કે મારી પાછલી અવસ્થાની તું જ માત્ર હાથલાકડી છો, અને તને જોઈને જ મારે બાકીનાં પૂરાં કરવાનાં છે...

બીજે દિવસે શંકર વહેલો ઊઠ્યો. એક ખૂણામાં પડેલી પેટી એણે બહાર કાઢી. કેશવ હજુ ઊંઘતો હતો. પેટી બહાર અજવાળામાં આણીને એણે એના ઉપરની ધૂળ ખંખેરી કાઢી અને કટાઈ ગએલું તાળું ચાવીથી માંડમાંડ ખોલ્યું. થોડી કટકટ કરીને તાળું છેવટે ખૂલ્યું અને કરરર અવાજ કરતી પેટી ખૂલી. એ પેટીમાં સૌથી ઉપરના ભાગમાં જ એક લાલ રૂમાલ હતો. એની નીચે લીમડાનાં પાનમાં સાચવીને મૂકેલો સાઠમારીનો ખાસ રેશમી પોષાક હતો. એણે પાન સાચવીને આઘાં કર્યાં, અને એની અંદરથી કપડાં બહાર કાઢ્યાં. મોટા મહારાજે કેશવને ઇનામમાં આપેલાં એ જ એ કપડાં. એ ભાવભરી નજરે કપડાં તરફ જોતો હતો ત્યાં જ અવાજ આવ્યો, 'એ કપડાં પહેરીને તું સાઠમારી ખેલવાનો કે?' એણે ડોક હલાવી.

દિવસ વળતો ગયો તેમતેમ ડોસાનો જીવ વધુ ને વધુ આકુળવ્યાકુળ થતો ગયો. બપોર નમતાં શંકરે ચુસ્ત પાયજામો અને અંગરખું ચડાવ્યાં, અને એની ઉપર ભગવા રંગની સાટીનનું જાકીટ પહેર્યું. શંકરને એ કપડાંમાં જોતાં જ ડોસાને જવાનીના દિવસો યાદ આવી ગયા. પછી શંકરે માથે કસકસીને સાફો બાંધ્યો. દેવની મૂર્તિ પાસે જઇને એણે ભાવપૂર્વક પ્રણામ કર્યાં. પછી બાપને પગે પડીને આશીર્વાદ માગ્યા. ડોસાની સફેદ થઈ ગએલી ભ્રમરોની પાછળ કોઇ વિલક્ષણ હીલચાલ ચાલી રહી હતી. એણે દીકરાને છાતી સરસો ચાંપ્યો. શંકરના ખભા ઉપર ડોસાની આંખનાં અમીનાં થોડાંક ટીપાં પડ્યાં. એ જોઇને એને કાંઈનું કાંઇ થઈ ગયું. પોતાના પાંત્રીસ વર્ષના આયુમાં એણે આજ પહેલી જ વખત બાપની આંખમાં પાણી જોયાં હતાં! જેમતેમ એણે મન સંભાળ્યું, અને પછી ઘરની બહાર નીકળ્યો. ઘરની બહાર ડગલું માંડતાં જ એના સાફાના ઊડતા છોગા સાથે મોભનો ખીલો ભરાયો, અને એની સાથે જ ખીલો મોભમાંથી બહાર સરી આવ્યો. ડોસાની છાતીમાં એ જોઇને ચરચરાટ થયો. શંકરે હસીને ખીલો પાછો એની જગ્યાએ ખોસી દીધો. એની પાછળ જ કેશવ પણ બહાર નીકળ્યો.

સાઠમારીના મેદાનની આજુબાજુના શમિયાણામાં બેસવાને માટે તલપુર પણ જગ્યા બાકી નહોતી રહી. ગરદી ચિક્કાર ભરાઇ

(અનુસંધાન જુઓ પૃ. ૬૨ ઉપર)

પશ્ચિમ ભારતનું પ્રવેશદ્વાર કંડલા ગુજરાતનું ભાવિ મહાબંદર


લેખક · **રામસિંહજી રાઠોડ** · કચ્છ

ભારતના ભાગલા પડતાં પૂર્વમાં ચિતાગૉંગ (ચટગાંવ) અને પશ્ચિમે કરાચીનાં બંદરો હિંદના હાથથી ગયાં. હિંદની ૩૫૦૦ માઇલ લાંબી સાગરકંઠારમાં હવે કલકત્તા, મુંબાઇ, મદ્રાસ, વિશાખાપટ્ટન ને કોચીન એટલા મોટાં બંદરો છે. આ ઉજ્જવલ નાગાવલિમાં, ગયે મહિને કચ્છના અખાતમાં આવેલા કંડલાનું નામ ઉમેરાયું. એની સ્થાપનાનો શિલારોપણવિધિ ૧૯૫૨ની ૧૦મી જાન્યુઆરીએ ભારતના પંત પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના હસ્તે થયો.

હિંદનો વાર્ષિક દરિયાઇ વ્યવહાર સરેરાશ બે કરોડ ટનનો છે. માલનો એટલો જથ્થો લાવ-લઇજા કરવાની તો હાલ આપણાં મોટાં બંદરોની કાર્યશક્તિ છે. પણ એથી વિશેષ વેપાર વધે તો અગવડ ઊભી થાય ને ભીડાભીડ થઈ નુકસાની પણ થાય. ૧૯૪૯માં મુંબાઇમાં આવી પરિસ્થિતિ ઊભી થતાં તેથી કરોડોનું નુકસાન થયું હતું. આ કારણે પણ સ્વતંત્ર ભારતમાં હવે વધતા વેપારની ખીલવણી માટે એક નવું મોટું બંદર તો વિકસાવવાનું આવશ્યક બન્યું જ હતું.

પાકિસ્તાન થતાં રાજસ્થાન, દિલ્હી અને ઉત્તર હિંદના કેટલાક ભાગોને કરાચીની બંદરી સગવડો મળતી બંધ થઈ. તેથી આ મોટા વિશાળ આંતરપ્રદેશ માટે પશ્ચિમ કંઠારે ભારતને એક નવું પ્રવેશદ્વાર ખોલી આપવાની જરૂરિયાત તાત્કાલિક ઊભી થઈ. આ વિષે શું કરવા સરખું છે તેની તપાસ અર્થે ૧૯૪૮માં મધ્યસ્થ સરકારે શ્રી કસ્તુરભાઈ લાલભાઇના અધ્યક્ષપદે એક કમિટી (વેસ્ટ કોસ્ટ મેજર પોર્ટ કમિટી) નીમી. એ કસ્તુરભાઇ-કમિટીએ કચ્છના અખાતનો અભ્યાસ કરી, કંડલામાં ઊંડા દરિયાની ઉત્તમ સગવડો મળે તેમ હોઇને જરા પણ અચકાયા વિના મુખ્ય મોટા બંદર તરીકે વિકસાવવા સારુ તેની પસંદગી કરી; ને કંડલાની નાળ હિંદનું નવું પ્રવેશદ્વાર બની.


કંડલાની નાળ એ કુદરતી બારું છે. કંડલાનું હાલનું નાનું બંદર પ્રથમ ૧૯૩૦માં બંધાયું. ત્યાં એક મોટી આગબોટ લાંગરી શકે એવડો ૩૦૦ ફીટની લંબાઇનો ધક્કો બાંધવામાં આવ્યો અને તે ૬૦૦ ફીટ જેટલો વિશેષ લંબાઈ જમીન સાથે સંધાયેલો છે. તેના પરથી કચ્છના પાટનગર ભુજ સુધી નાની રેલવેલાઇનનું જોડાણ પણ કરેલું છે. આ જ નાના બંદરથી બે માઈલ દૂર, કંડલાની નાળમાં તેના મુખ તરફ હવે બંધાતું નવું મોટું બંદર આવેલું છે.




કંડલાના આ બારાનું જેમ ભૌગોલિક મહત્ત્વ છે તેમ વમળ વિનાના પ્રવાહવાળી આ નાળ દરિયાઇ વ્યવહાર માટે કુદરતી રીતે પણ અતિ સલામત છે. કચ્છના છેક ભૂમિવાળા ભાગમાં ઘુસેલી આ શાન્ત ને ઊંડી નાળમાં ચોમાસાનાં ઝાપટાં અને આખરના વાવડાથી થતાં દરિયાઈ તોફાનોથી પણ સંપૂર્ણ રક્ષણ મળે છે. કઠણ કીચડના બનેલા એ નાળના કાંઠા ચેરિયા (તવર)થી છવાયેલા ને મજબૂત હોઇ વણધોવાયેલા રહે છે, એટલે બીજાં બંદરોની પેઠે બ્રેકવૉટરની પણ એને જરૂર નથી. તેથી ખર્ચનો બચાવ થશે જે બીજાં કામમાં વપરાશે.

કંડલાની આ નાળને લગતી તપાસ નોંધ છેક ઇ. ૧૮૫૧ની સાલથી રહેતી આવી છે અને છેલ્લાં વીસ વર્ષથી તેની દરિયાઈ માપણી પણ થતી રહી છે. તદનુસાર આ નાળની સ્થિતિમાં હજી કાંઈ જ ફેરફાર થયેલો નોંધાયો નથી. બાકી આવી નાળોના મોં ઉપર જેમ સાધારણ રીતે હોય છે તેવો આ નાળના મોં આડે પણ પાણીની નીચે કારાધડા નામે રેતીનો ધડો છે. પરંતુ આ ધડા ઉપર પણ પાણીની ઓછામાં ઓછી ઊંડાઈ ૧૩ ફીટ જેટલી તો સતત રહ્યા કરે છે. ભરતીમાં અહીં ૨૪ ફીટ જેટલું ઊંડું પાણી થાય છે અને ત્યારે ધડા ઉપરથી મોટી સ્ટીમરોને પસાર થવા માટે પણ પૂરતું પાણી રહે છે. આમ દર ભરતી વખતે બંદરનો સહેલાઇથી ઉપયોગ થઇ તેમાં મોટામાં મોટી સ્ટીમરો હર મોસમમાં સલામતીથી પ્રવેશીને લાંગરી શકશે. વળી નાળની આ ઊંડાઇ જાળવી રાખીને તેને સુધારીને વધારવાનાં પગલાં લેવા હાલ તેની બારીક માપણીનું કાર્ય ચાલુ છે.

આજે જે આયોજન નક્કી થયું છે તે મુજબ કંડલાનો વિકાસ ત્રણ તબક્કે કરવામાં આવશે. તેમાં પ્રથમ તબક્કે ઈ. ૧૯૫૫ સુધીમાં ત્યાં, છસો ફીટ લાંબી અને ત્રીસ ફીટના ડ્રાફ્ટવાળી ચાર મોટી મોટી આગબોટો એકીસાથે કામ કરતી રહી શકે તેવો, સત્તાવીસસો ફીટ લાંબો અને પંચોતેર ફીટ પહોળો ધક્કો બંધાઈ જશે. એની ગોદીમાં તમામ બંદરી સગવડો સ્થાયી પૂરી પાડવામાં આવશે. રેલવે લાઇનો સહિતના બર્થો, ઉત્તમોત્તમ પ્રકારની ક્રેઇનો, માલની ઝડપી ઉપાડમેલ અને ઓછામાં ઓછા અંતરેથી




કંડલાની નાળના આ નીચેના નકશામાં અ સંજ્ઞાથી બતાવેલું કંડલા બંદરનું પ્રથમ તબક્કાનું કામ પૂરું થયે બંદર કેવું દેખાશે તેનો ખ્યાલ આપતું સ્થપતિનું આલેખેલું ચિત્ર



સલામત ચડ-ઊતર થઈ શકે તેવાં સર્વ સાધનો, અદ્યતન પ્રકારનાં છાપરાં તથા ગોદામો વગેરે પૂરું પાડવામાં આવશે. વળી આયોજનનો આ પ્રથમ તબક્કો પૂરો થયે વિશેષ વિકાસ થઇ શકે તેવી સર્વ જોગવાઈ પણ રાખવામાં આવી છે. (જુઓ નીચેનો આલેખ)

આ ગાસથી મુખ્ય બાંધકામની શરૂઆત કરી દેવાઈ છે. તે પહેલાં નવા બંદર સુધી પહોંચવાનો માર્ગ તૈયાર થઇ ગયો છે. કંડલા વિસ્તારની જમીન ઉપરની અને આકાશી મોજણી પૂરી થઈ ગઇ છે. નાળની દરિયાઈ માપણી થઇ ગઇ છે. પાણીનાં વહન ને આંતરપ્રવાહો, કીચડના કિનારામાંથતા ફેરફારો ને ત્યાંની ધરતીનું આંતરિક બંધારણ, ત્યાં થતા મીઠાનું પ્રમાણ વગેરે પ્રાથમિક જરૂરતોનો સંપૂર્ણ અભ્યાસ થઇ ગયો છે. હવામાન અને દરિયાઈ નોંધો રાખવાનાં મથકો તો કામ કરતાં પણ થઈ ગયાં છે. કચ્છના અખાતમાં દરિયાઇ મામલાઓમાં મદદરૂપ થઈ પડે તેવાં તમામ સાધનો ખરીદાઈ વસાવી લેવાયાં છે. બંદરના બાંધકામમાં પ્રથમ તબક્કે લગભગ સાત



જમણી બાજુ નીચે: કંડલાની નાળમાં કંડલા બંદરનું દર્શન આપતો નકશો: તેમાં ક એ હાલનું નૂનું નાનું બંદર દર્શાવે છે તથા નવા થનારા બંદરમાં અ વાળો વિભાગ હાલના પહેલા તબક્કાના આયોજનનો છે અને વ થી દર્શાવેલો મોટો વિભાગ ભવિષ્યમાં જે રીતનો વિકાસ થશે તે દર્શાવે છે.

કરોડ રૂપિયા ખર્ચાશે જ્યારે લગભગ છ કરોડ રૂપિયા ત્યાંનાં યાંત્રિક સાધનો, માર્ગો, રેલવે' રહેવાનાં મકાનો, પાણી, વીજળી વગેરે માટે ખર્ચાશે. યોજના મુજબ આ કાર્ય ૧૯૫૫ સુધીમાં સંપૂર્ણ થશે ત્યારે પાંચ કરોડની વસતિવાળા ૨,૭૫,૦૦૦ ચોરસ માઈલ વિસ્તારના આંતરપ્રદેશને કંડલાના તમામ બંદરી લાભો મળશે. ત્યારે દર વરસે બંદરમાંથી ૪,૫૦,૦૦૦ ટન વિવિધ જાતનો માલ ને ૪,૦૦,૦૦૦ ટન પેટ્રોલ, કેરોસીન આદિ જાતનાં તેલ વગેરેની હેરફેર થશે. વળી આ સ્થાને બંદર થતાં ઉપર જણાવેલા આંતરપ્રદેશને દરિયાઈ વ્યવહારના જોડાણનું ૨૦૦ માઈલ જેટલું અંતર ઓછું થશે ને તેથી માત્ર રેલવેના નૂરમાં જ ૯૦ લાખ રૂપિયાનો ફાયદો થશે. (જુઓ સામેનો નકશો)

મોટા ભાગના આંતરપ્રદેશનું કંડલા સાથે રેલવે માર્ગથી જોડાણનું કાર્ય તો લગભગ પુરું થવા આવ્યું છે. ૧૭૭ માઈલ લાંબી કંડલા–ડીસા મીટરગેજ રેલવે બંધાઈ ગઈ છે ને આવતા ઑક્ટોબર સુધીમાં તે ખુલ્લી મુકાશે. તેમાં નવથી દસ કરોડ રૂપિયા ખર્ચાશે. ઉપરાંત વિશેષ વિકાસ માટે ત્યાંથી બ્રોડ ગેજ રેલવેનું જોડાણ કરવાની યોજના પણ વિચારાઈ છે; અને તેમ થશે ત્યારે કંડલાનું મારાવોડા વીરમગામ રેલવે સાથે ઝુંડ આગળથી જોડાણ કરી દેવાશે.


આ રીતે રેલવે થવાથી અત્યાર લગી કચ્છનું હિંદના બીજા ભાગો સાથે જમીનમાર્ગે જે બીલકુલ સીધું જોડાણ ન હતું તે થશે, અને બંદર ખુલ્લું મુકાતાં કચ્છ, ઉત્તર ગુજરાત, રાજસ્થાન વગેરેના અણ-વિકસિત વિસ્તારોમાં ઉદ્યોગધંધાની ખીલવણી થતી જશે. આ વિસ્તારોમાંના ચીરોડી, લિગ્નાઈટ, ચાઈના ક્લે, બૉક્સાઈટ, મગમાટી, લોઢું, ચૂર્ણપાષાણ, વેળુપાષાણ વગેરેના કીમતી જથ્થાઓ તથા રણ વિસ્તારના મીઠાને લગતાં રસાયણિક દ્રવ્યોનો યથોચિત ઉપયોગ થવા લાગશે. મીઠું. સીમેન્ટ, ચીરોડી, માટીકામ, હાડકાં, ચામડાં, ઊન-સુતર, **માછલી અને બહારથી આયાત કરાયેલા કાચા માલ અને સ્થાનિકનાં સાધનોથી ચાલતાં ઔદ્યોગિક કારખાનાં પણ શરૂ થશે.**

વળી કંડલાને 'આંતરરાષ્ટ્રીય વ્યાપારવિસ્તાર'(ફૉરેન ટ્રેડ ઝોન) બનાવવાની એક યોજના પણ વિચારણા માટે વહેતી મુકાઈ છે. તે જો અમલી બની શકી તો પરદેશી કાચા માલની આયાત–નિકાસ થઇ સ્થાનિકે તેને લગતા ઉદ્યોગો વિકસાવવામાં ઘણી છૂટછાટ અને સગવડો મળી રહેશે અને દુનિયાના બધા દેશો સાથેનો કંડલાનો વ્યાપારી સંબંધ ઘનિષ્ઠ બની જશે.

કંડલા વિસ્તારના દરિયાકિનારાના ભૂતલમાં તો પાણી ખારું છે; અને આ બધા વિકાસકામ માટે, તેમજ તે પછી પણ બંદરી વસાહત, રેલવે અને બહારથી આવતી સ્ટીમરો માટે મીઠા પાણીના પૂરતા જથ્થાની જરૂરત રહેશે. એટલે ત્યાં મીઠા પાણીનો પૂરતો પૂરવઠો હોવાની ખાત્રી પણ કરી લેવાઇ છે. ૭૦૦ ફીટ જેટલાં ઊંડાં બોરીંગો કરી કંડલા વિસ્તારની બાજુના ભૂતલમાં ક્રિટેશિયસ વેળુપાષાણના થરમાંથી પાણીનો પૂરતો પૂરવઠો મેળવી શકશે. પાણીની અત્યારની જરૂરત પૂરી પાડવા કંડલાથી ૧૭ માઈલ દૂર આવેલા વીડી ગામે ૨૦૦ ફૂટ ઊંડા પાંચ નળકૂવા તૈયાર થયા છે. તે પણ જરૂરતની નજરે વધારવામાં આવશે. કચ્છમાં સરેરાશ વરસાદ માત્ર ૧૩ ઈંચ જેટલો પડે છે. છતાં વરસાદનું એટલું યે પાણી પણ બરોબર સંઘરાઇને ઉપયોગી થાય તે માટે ૪૫ કરોડ ઘનફૂટ જેટલું પાણી સમાવી શકે તેવું સિણાયનું તળાવ કંડલા ડેવલપમેંટ માટે સોંપાયું છે અને એવાં બીજાં તળાવો તૈયાર કરવાની યોજના પણ વિચારણામાં છે.

કંડલાના કાર્યવિકાસ સાથે ત્યાં માણસોની વસતિ પણ સ્વાભાવિકરીતે જ વધવાની. આ વિસ્તારમાં સસ્તી ધરતીની અત્યારે છોળ છે અને વસાહતના વિસ્તાર માટે પૂરતી મોકળાશ છે. બંદરની આ વસાહત માટે 'ગાંધીધામ'ની પ્રાથમિક યોજના તૈયાર કરવામાં આવી અને તેની બાંધણી માટે ૧૯૪૯માં (અનુસંધાન પૃ. ૬૩ ઉપર)





મથાળે: મહાબંદર કંડલાનો શિલારોપણ વિધિ કરતા પંડિત નેહરૂ કચ્છના ચીફ કમિશ્નર સાથે. નીચે: ઉપરના ચિત્રમાં દર્શાવેલી શિલારોપણ વિધિ માટેની 'કૂર્મશિલા'ની ઉપર શાસ્ત્રોક્ત રીતે જે આકૃતિઓ કોતરવામાં આવે છે તેનું આલેખન: વચ્ચે કૂર્મ(કાચબા)ની આજુબાજુ મથાળેથી ક્રમવાર–શંખ, જલ-લહર. મત્સ્ય, સર્પ, મેડક, કુંભ, ગ્રાસ, મગર. ચારે બાજુના રક્ષકો: મથાળેથી–ત્રિશૂલ, વજ્ર, શક્તિ, દંડ, તલવાર, નાગપાશ, ધ્વજ ને ગદા. 'વાસ્તુસાર' નામના ગ્રંથમાં આ બધા સંકેતોની વિગતવાર સમજણ સાથે વાસ્તુવિધિમાં તેમનું મહત્ત્વ સમજાવ્યું છે. આ સંકેતો સાથેની મથાળાના ફોટોગ્રાફમાં દર્શાવેલી કંડલા બંદરના શિલારોપણ માટેની શિલા, કચ્છમાં આવેલા આંધૌના પીળા પત્થર ઉપર કંડારાઇને તૈયાર કરવામાં આવેલી.

ગુજરાતનું પ્રાચીન ધાતુશિલ્પ ધન

લેખક • ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ એમ. એ.

આપણી મોંઘી સંસ્કારસંપત્તિ ગણાય એવી એક નવી જ શોધાએલી કડી વિષે પ્રકાશ પાડતા આ લેખમાંની વિગતો તથા તેને લગતાં આઠ પ્લેટ પર આપેલાં સુંદર ચિત્રો ખાસ વાંચવા-સમજવા-વિચારવા ભલામણ છે.

ગુજરાતને કમભાગ્યે, હજુ છેક હમણાં સુધી, તેણે સાહિત્ય રાજકારણ કલાકૌશલ્ય વગેરે અનેક રીતે દેશના ઘડતરમાં આપેલ ફાળાની યથાયોગ્ય નોંધ, આપણા દેશના ઇતિહાસગ્રંથોમાં થઈ નહોતી. માત્ર વિન્સેન્ટ સ્મિથ કે ડૉ. આનંદ કુમારસ્વામી જેવાના પ્રમાણભૂત ગણાતા હિંદી કલાના ઇતિહાસગ્રંથોમાં ગુજરાતની શિલ્પ કે સ્થાપત્યસમૃદ્ધિ વિષે થોડું જાણવા મળે છે. છેલ્લાં વીસેક વર્ષમાં ડૉ. કુમારસ્વામી, શ્રી નાનાલાલ ચ. મહેતા, શ્રી મંજુલાલ મજમુંદાર, પ્રો. બ્રાઉન, શ્રી સારાભાઇ નવાબ વગેરેના પ્રયાસોથી ગુજરાતની ગ્રંથસ્થ ચિત્રકલા ઠીકઠીક પ્રસિદ્ધિમાં આવી છે. પણ આ કલા મોટે ભાગે વિ. સં. ૧૧૫૦ પછીની છે. ગુજરાતની શિલ્પસમૃદ્ધિમાં ખાસ કરીને મોઢેરા કે દેલવાડાનાં જૈન મંદિરોનાં શિલ્પો વિષે જ લખાય છે. દેલવાડામાં કારીગરે આરસ-પત્થરને ઝીણોઝીણો કોતરવામાં ભલે ગમે તેટલી ઊંચી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય; છતાં મનુષ્ય કે દેવની આકૃતિ કોતરવામાં તો તે જમાનામાં મંડાઈ ચૂકેલાં આપણી શિલ્પકલાની અવનતિનાં પગરણ દેખાઈ આવે છે, કેમકે આ આકૃતિઓ સજીવ નથી બની શકી. સ્થાપત્યમાં પણ ગોપ, થાન, કે કડવરનાં દેવળોને બાદ કરીએ તો મધ્યયુગ પૂર્વેની (એટલે કે ઈ. સ. ૧૦૦૦ પૂર્વેની) ગુજરાતની સ્થાપત્યકલા વિષે આપણી પાસે બીજી કોઈ વિગતો નહોતી. ઈડર રાજ્યના વિદ્યાધિકારી શ્રી ઈનામદારે ત્યાંનાં શામળાજી, રોડા અને ટીંટોઇનાં શિલ્પો તથા પ્રાચીન મંદિરોને પ્રકાશમાં આણી ગુજરાતની શિલ્પ અને સ્થાપત્યકલામાં નવો રસ જાગૃત કર્યો છે. આ શિલ્પોમાં મધ્ય હિંદની ગુપ્તકાલીન કલાશૈલીની સીધી અસર છે; કેમકે માળવાથી ગુજરાત આવતો કોઈ મહાન વ્યાપારી ધોરી રસ્તો ઈડર રાજ્યમાં થઇને જતો હશે; અને આ રાજ્ય માળવાના સંસ્કારકેન્દ્રથી ઘણું નજદીક ગણાય.

ભારતવર્ષના ઇતિહાસનો સુવર્ણયુગ ગણાતા ગુપ્ત યુગમાં ભારતવર્ષ સાહિત્ય તેમજ કલાક્ષેત્રે સિદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચેલું હતું. એ ગુપ્ત સમ્રાટોના સામ્રાજ્ય ઉપર (જંગલી) હૂણોનાં ધાડાંએ આક્રમણ કરવાથી થોડોક સમય પ્રજાજીવનમાં જે કાંઈ અંધાધૂંધી ફેલાઇ હશે તે તુરત જ દૂર થઇ લાગે છે, કેમકે એ પછીના કાળનું શિલ્પ પણ કાંઇ ઓછું મનોજ્ઞ નથી. ફક્ત એટલું થયું કે એકચક્રી ગુપ્ત સામ્રાજ્ય પર આ ફટકો પડવાથી ભારતવર્ષના જુદાજુદા પ્રદેશો (પ્રાંતો)ની સંસ્કૃતિએ, સાહિત્યે, કલાએ પોતપોતાનું વિશિષ્ટ રૂપ ધારણ કરવા માંડ્યું. સંભવ છે કે આપણી જુદીજુદી પ્રાન્તીય ભાષાઓનાં મૂળ પણ એ ઇ.સ.ના છઠ્ઠા સૈકાથી ફૂટવાં પડવા માંડ્યાં. એ જ રીતે શિલ્પ અને સ્થાપત્યમાં પણ પશ્ચિમ હિંદે (એટલે કે હાલના ગુજરાત, રાજપુતાના, મારવાડ ને સૌરાષ્ટ્રે) ત્યારથી પોતાનું વિશિષ્ટ રૂપ ધારણ કરવા માંડ્યું. આ ઘડતરમાં સૌરાષ્ટ્રમાં વલભીના મૈત્રકો, દક્ષિણગુજરાતમાં ભરૂચના ગુર્જરો ને ઉત્તર ગુજરાતમાં ભિન્નમાલ–મન્ડોર–કનોજના પ્રતિહારોનો ફાળો અવશ્ય હતો. એ રાજ્યકર્તાઓના આશ્રયે પાંગરેલી કલાનો કડીબદ્ધ ઇતિહાસ આપણી પાસે નથી; હજુ ઘણું સંશોધન જરૂરી છે. પણ છેલ્લાં પાંચેક વર્ષથી ગુજરાતની આ મધ્યપૂર્વકાલીન શિલ્પસમૃદ્ધિના સંશોધનમાં આ લેખક અને એના મિત્રોને સાંપડેલા નમૂનાઓમાં ખાસ નોંધપાત્ર છે કપૂરી ગામેથી મળેલું શિવ-પાર્વતીનું શિલ્પ, કારવણના એકાદશલિંગેશ્વરના મંદિરમાં હાલ પૂજાતી નૃત્ય કરતી કૌમારી, (જેનું ચિત્ર ૩૩૩મા અંકના પૂઠામાં આવી ગયું), કારવણના તળાવ કાંઠે ઊભેલું ઉમામહેશ્વરનું શિલ્પ અને ભવ્ય કોતરણીવાળી દ્વારશાખાઓ, વડોદરામાંથી આ લેખકને મળેલું કાર્તિકેયનું શિલ્પ, શ્રી આણંદલાલ હીરાલાલ શેઠે વડોદરા મ્યૂઝિયમને ભેટ આપેલી ભૈરવની પ્રાચીન મૂર્તિ, અને હાલમાં વડોદરા મ્યૂઝિયમના અધિષ્ઠાતાઓએ મેળવેલાં શામળાજીનાં અનોખાં પ્રાચીન શિલ્પો. વિજાપુર–મહુડી–કોટ્યર્કના મંદિરનાં શિશુ અને માતાવાળાં મનોજ્ઞ શિલ્પો તો અગાઉ 'કુમાર'માં છપાઇ ચૂકેલાં જ છે.

આ કોટ્યર્કના મંદિર પાસે બોરીંગ કામ ચાલતાં થોડાં વર્ષ પૂર્વે ત્રણ નાની ધાતુપ્રતિમા અને એક મોટી મળી ચાર જૈન મૂર્તિઓ મળી હતી, જે ડૉ. હીરાનંદ શાસ્ત્રીએ અને પછી શ્રી સારાભાઈ નવાબ તથા ડૉ. સાંકળિયાએ પ્રસિદ્ધ કરી હતી. આ પ્રતિમાઓ બૌદ્ધ નથી પણ જૈન છે એ ચર્ચા ઉપર મોટે ભાગે બધાનું ધ્યાન કેન્દ્રિત થયું હતું. આમાંની સૌથી મોટી પ્રતિમા જે હાલ કોટ્યર્કના મંદિરમાં જ છે તેની પ્રભાવલિ ઉપર એક બાજુએ લેખ કોતરેલો છે. ડૉ. હીરાનંદ શાસ્ત્રી પોતાના રીપોર્ટમાં આ પ્રતિમાને સાતમા સૈકાની માને છે, જ્યારે એ જ રીપોર્ટમાં એમના તે વખતના આસિસ્ટન્ટ શ્રી ગદ્રેએ એ લેખ ઈ. સ. ૩૦૦ આસપાસના સમયનો હોવાનું જાહેર કર્યું હતું. એ લેખમાં આવતા 'વૈરિગણ' ઉલ્લેખ પરથી શ્રી નવાબે એને એથી યે બે સૈકા પ્રાચીન ગણી હતી. વાસ્તવમાં આવા કિસ્સાઓમાં સદર લેખનો બરોબર ફોટોગ્રાફ કે એસ્ટૅમ્પેજ છાપવો જરૂરી છે, જેથી લિપિના અભ્યાસીઓ પોતપોતાનો મત જાહેર કરી શકે. બાકીની ત્રણે ય પ્રતિમાઓ ઉપર કોઇ લેખ નથી. આ ચાર પ્રતિમાઓ પૈકી સૌથી મોટી પ્રતિમાનો પાછળનો, નીચેનો અને વચ્ચે તીર્થંકરની પ્રતિમાવાળો ભાગ એમ ત્રણે ય ભાગ અલગઅલગ થઈ શકે છે. આમાં જિનપ્રતિમાને કલાશૈલીએ નાલંદાનાં પ્રખ્યાત ધાતુશિલ્પો સાથે સરખાવી શકાય તેવી છે. એટલે એ શિલ્પને ગુજરાતનું શિલ્પ ગણવા કોઇ તૈયાર નથી, સિવાય કે સદર લેખ અસલ રૂપમાં છપાય અને પછી મૂર્તિના વિવિધ ભાગોનું બરોબર અન્વેષણ કરાય.

પણ ગુજરાતમાં પાટણના ચાલુક્યોના સમયમાં જે એક વિશિષ્ટ શિલ્પ-સ્થાપત્યની શૈલી વિકસી તેની પુરોગામી જે કંઈ વિવિધ શિલ્પ, કલા, સ્થાપત્ય કે ચિત્રકારી હશે તેના અંશો, આ ચાલુક્યયુગીન કલામાં વિકાસ પામી અથવા અવનત રૂપે પણ અવશ્ય ઊતરેલા હશે. ઇ. સ ૧૧મા સૈકાથી આરંભીને તો આપણી પાસે ધાતુશિલ્પોના ઘણા નમૂનાઓ છે, પણ એ પહેલાંનાં ધાતુશિલ્પોના નમૂના બહુ જ જૂજ છે. જે છે તેમાં ઉપર જણાવેલી પ્રતિમાઓ બાદ કરીએ તો વસંતગઢથી મળેલી બે મોટી ધાતુપ્રતિમાઓ જે એક જ શિલ્પીએ બનાવેલી અને જેના ઉપરના લેખ મુજબ સંવત ૭૪૪માં પ્રતિષ્ઠિત થઇ તે હાલ સિરોહી પાસે પિંડવાડા ગામમાં છે.



પરંતુ આ ધાતુશિલ્પો ખરેખર ગુજરાતનાં–પ્રાચીન ગુજરાતની (સંસ્કાર)સીમાઓનાં જ છે ? આ કોયડો હવે ઊકલી શકે તેમ છે. ગુજરાતને સદ્‌ભાગ્યે ભારતવર્ષમાં અજોડ એવાં નાલંદા ને કુર્કિહારનાં ધાતુશિલ્પો જેટલો જ રસપ્રદ અને આપણી કલાના ઇતિહાસમાં નવો પ્રકાશ પાડનારો જૈન ધાતુશિલ્પોનો એક મોટો સંગ્રહ, જે વડોદરાની પશ્ચિમે આવેલા એક પ્રાચીન નગર અંકોટ્ટક (હાલના નાના ગામ અકોટા)ના એક જૈન મંદિરમાં પૂજાતો હતો તે મળી આવ્યો છે.

આમાંની ઘણીખરી પ્રતિમાઓ કમનસીબે ખંડિત થઈ છે. એના ઇતિહાસમાં ઊતરવાની જરૂર નથી. આવી એક ચારેક ફૂટ જેટલી મોટી ઋષભનાથની ખંડિત પ્રતિમાનો શિરોભાગ આ અંકના પૂઠામાં છાપ્યો છે. (આકૃતિ ૧). ઉત્તર હિંદમાંથી મળેલાં ગુપ્તકાલીન શિલ્પો જેવું, એ જ શૈલીનું આ એક અપ્રતિમ ધાતુશિલ્પ છે. તે જો અખંડ મળ્યું હોત તો બર્મિંગહામ મ્યૂઝિયમમાંની ગુપ્તકાલીન બુદ્ધપ્રતિમા જેટલું જ અગત્યનું થઇ પડત. દક્ષિણાવર્ત વળાંક લેતા કેશ ઉપર ઉષ્ણીષવાળું, ધ્યાનસ્થ નેત્રોમાં ચાંદી જડવાથી અતિ સુંદર લાગતું, સૌમ્ય અને પ્રસન્ન મુખમુદ્રાવાળું આ મસ્તક હિંદનાં પ્રાચીન ધાતુશિલ્પોનો એક સુંદર નમૂનો છે. આ પ્રતિમાના ધડ અને પગના જે ટુકડા મળ્યા છે તે ઉપર જે ધોતી અને વચ્ચેની પાટલીની રચના છે તે તથા એ આખી યે પ્રતિમાનું ઘડતર સૂચવે છે કે એ ઈ.સ. ૫૦૦ આસપાસના સમયની હોઈ શકે. પણ એમાં પશ્ચિમ હિંદની–ગુજરાતની કોઇ પ્રાદેશિક વિશિષ્ટતા હજુ નજરે પડતી નથી.

એ તો નજરે પડે છે પાછલા પૂઠામાં છાપેલી મૂર્તિમાં(આકૃતિ ૨), જે વિખ્યાત જૈન આચાર્ય શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના હસ્તે પ્રતિષ્ઠિત થયેલી એક ઋષભદેવની ધાતુપ્રતિમામાં જિનેશ્વરની શાસનદેવીને સ્થાને મૂકેલી અંબિકાદેવીની છે. આ પ્રતિમા શ્રી જિનભદ્રગણિએ જ પ્રતિષ્ઠિત કરેલી છે એવું તેમાં કોતરેલા લેખ અને તે ઉપરથી ફલિત થતાં બીજાં કારણોના આધારે મારું માનવું હોવાથી એનો સમય વિ. સં. ૬૦૦થી૬૭૦ અથવા ઈ. સ. ૫૫૦થી ૬૧૦ વચ્ચે ચોક્કસ મૂકી શકીએ. આ પ્રતિમાને સ્પષ્ટરીતે આપણે ગુજરાતનું શિલ્પ ગણી શકીશું. તે જમાનાનાં બીજાં શિલ્પોથી એ જુદી પડતી હોવા છતાં ગુપ્તકાલીન શિલ્પકલાની સીધી અસરવાળી છે. એનું ઘડતર એવું સુરેખ અને નાનામોટા વળાંક લેતું, લાવણ્યભર્યું, ઘાટીલું તથા જીવંત (life-like) છે કે આપણને આપણા પશ્ચિમ હિંદના આ નમૂના માટે જરૂર સાનંદાશ્ચર્ય અભિમાન થાય. આ શિલ્પ નાલંદા અને કુર્કિહારની ધાતુપ્રતિમાઓની શૈલીથી સ્વતંત્ર અને પ્રાચીન છે. મારા મતે એ પ્રાચીન લાટ કે ઉત્તર ગુજરાત કે કાઠિયાવાડની કૃતિ છે. બહુધા એ લાટના જ કોઇ શિલ્પીની કૃતિ હશે. એનાં કારણોની વિગતો જૈન ધર્મ અને જૈન મૂર્તિઓના ઇતિહાસની ચર્ચા માગી લે છે, તેથી અહીં ફક્ત મારું અનુમાન જ જણાવું છું.

આ જ પ્રતિમામાંની ઋષભદેવની મૂર્તિનો ખભા સુધીનો ભાગ જરા મોટો કરી આ સામે (આકૃતિ ૩) રજૂ કર્યો છે જેથી તેની ખૂબી ને ઘડતરનો ખ્યાલ આવી શકે. આ પ્રતિમા પછી લગભગ એક સૈકા પછી પ્રતિષ્ઠિત થએલી નાગેન્દ્ર કુલના કોઇ સિદ્ધ મહત્તરની શિષ્યા એક આર્યિકા (જૈન સાધ્વી) એ પ્રતિષ્ઠિત કરેલી પાર્શ્વનાથની ત્રિતીર્થિક પ્રતિમા મુખચિત્ર પાછળ આકૃતિ ૪માં રજૂ કરી છે. એમાં પ્રભાવલિની બાજૂઓ પર જે ભાત–design motif છે એ આટલા જૂના નમૂનામાં આ રીતે મળવાથી લાગે છે કે તે ગુર્જરોની કે ગુર્જરપ્રતિહારોની વિશિષ્ટ શૈલી તરીકે ઓળખાવી શકાય. પ્રભાવલિ ઉપર આ રીતે ઊર્ધ્વગામી જે રેખાઓ છે તે સંભવ છે કે પ્રકાશ કિરણો–દીપ્તિઓ–જ્વાલાઓ સૂચવતી હશે. આ પ્રતિમાનો સમય એની પાછળ કોતરેલા લેખની લિપિના આધારે ભરૂચના ગુર્જર રાજાઓનો સમકાલીન–ઈ. સ. ૬૫૦-૭૦૦ વચ્ચેનો મૂકી શકાય તેમ છે.

સહુ જાણે છે કે ગુજરાતી તાડપત્રીય અને કાગળની પોથીઓનાં ઇ. સ. ૧૧માથી ૧૪મા સૈકા સુધીનાં ચિત્રોની વિશિષ્ટ શૈલી Western Indian School of Painting તરીકે પ્રસિદ્ધિ પામી છે, જે છેક પંદરમા સૈકા સુધી પણ જોવાય છે. પછીથી આ શૈલીમાં બીજી કલમો–મુગલ, રાજપુત વગેરેની અસર દાખલ થાય છે. શિલ્પમાં પણ આમ જ છે. આ ચિત્રોમાં લાંબું અણિયાળું નાક, લાંબી (elongated) આંખો, કંઈક મોટી આગળ આવતી આંખની કીકીઓ–ડોળાઓ, અને ગોળાકૃતિ નહિ પણ ખૂણો પાડતા–ચોરસ આકૃતિના ખૂણા જેવા ઘાટે રચાએલા જડબાનો ભાગ–એવી વિશિષ્ટતાઓ જણાય છે. એને Western Indian School of Painting કહેવામાં આવે છે. મોટે ભાગે એ કલા તત્કાલીન ગુજરાતની સીમાઓમાં વિકસેલી–ગુજરાતી કલા છે. હવે ઉપર વર્ણવેલી આકૃતિ નં. ૨-૩-૪-ધ્યાનપૂર્વક જોવાથી સ્પષ્ટ થશે કે આ વિશિષ્ટતાઓની શરૂઆત આ શિલ્પોમાં જોવામાં આવે છે. અંબિકાદેવીએ પહેરેલા વસ્ત્ર ઉપર જે બાંધણીની ભાત છે તે પણ ખાસ આ ધાતુશિલ્પોમાં જ વધુ પ્રમાણમાં જોવા મળી છે. ઉપર રજૂ કરેલી આકૃતિઓ સુદૃઢ, તંદુરસ્ત, ભરાવદાર શરીરવાળી, સપ્રમાણ વિકસિત અંગોવાળી પુરુષ અને સ્ત્રી આકૃતિઓ રજૂ કરે છે. વેષભૂષા, વસ્ત્રાલંકાર વગેરેની ચર્ચા કરતાં આ લખાણ વધુ લાંબું થઇ જાય.

પણ આ સંગ્રહમાંનું એક અતીવ સુંદર, અપ્રતિમ ધાતુશિલ્પ જે આ લેખકે મેળવેલું તે છે એક ચામરધારિણીની લગભગ સાડા આઠ ઇંચ ઊંચી, મોટા વિકસિત કમલ ઉપર અંગભંગે ઊભેલી નયન મનોહર પ્રતિમા. એના નાકનો ભાગ સહેજ ઘસાઈ ગએલો હોવાથી ફોટોમાં(પાછલા પૂઠામાં–આકૃતિ ૫)સહેજ બેડોળ લાગે છે. બાકીની, સદ્‌ભાગ્યે, બધી જ ખૂબીઓ સચવાઈ રહી છે. મોટા અંબોડાથી શરૂ કરીને તે ઠેઠ પગ સુધીના વસ્ત્રાલંકારોની રચના સુંદર છે. આખા ભારતવર્ષનાં ધાતુશિલ્પોમાં આ એક અજોડ સુંદર નમૂનો છે. તેની જોડે આકૃતિ ૬માં એ જ પ્રતિમાનો પાછલો ભાગ રજૂ કર્યો છે, જેથી

આખીયે પ્રતિમા(modelled in the round)નો ખ્યાલ આવી શકે. આ શિલ્પ ઇ. ૭૦૦-૮૦૦ વચ્ચેના સમયમાં ઢાળેલું લાગે છે.

કંઈક આ પછીના સમયનું, લગભગ નવમા કે દસમા સૈકાનું એક કલામય તાંબાનું ધૂપિયું આ સંગ્રહમાં મળ્યું છે. તે આકૃતિ નં. ૭માં (રંગીન મુખચિત્રની પાછળ) રજૂ કર્યું છે. આમાં arabesque design ખાસ નોંધપાત્ર છે. આ ધૂપિયાનો જે સમય અનુમાને આપ્યો છે, તેથી પણ તે જૂનું હોવા સંભવ છે, પણ દસમા સૈકા પછીનું હોવું સંભવિત લાગતું નથી. આ કલામય ધૂપિયું તે જમાનાની ગુજરાતી પ્રજાના કલાપ્રેમનું પ્રતીક છે અને પ્રજાની સંસ્કારિતાનું સૂચક હોઇ ગુજરાતને ગૌરવપ્રદ એક ગુજરાતી કલાનો નમૂનો છે.

ભિન્નમાલના ગુર્જ્જર-પ્રતિહારોના વખતમાં ભિન્નમાલ ગુજરાતનું એક સંસ્કારકેન્દ્ર હતું. ભિન્નમાલનો પ્રાચીન ઇતિહાસ તો ત્યાં ઉત્ખનન (ખોદકામ) થશે ત્યારે સાંપડશે. હાલ જે થોડુંઘણું જાણીએ છીએ તેમાં પ્રખ્યાત જ્યોતિર્વિદ બ્રહ્મગુપ્ત ભિન્નમાલનો હતો એ સહુને વિદિત છે. તિબ્બતના બૌદ્ધ લેખક તારાનાથે કરેલી નોંધ મુજબ મરુદેશમાં સાતમા સૈકામાં શાર્ઙ્ગધર નામના એક કલાચાર્યે પશ્ચિમ હિંદની એક વિશિષ્ટ કલાશૈલીનું સર્જન કર્યું. નાલન્દાની—પૂર્વ હિંદની વિશિષ્ટ કલાશૈલીના પ્રથમાચાર્યો અને પિતાપુત્ર ધીમાન તથા બીતપાલોથી યે બે સૈકા પહેલાં શરૂ થએલી ગુર્જ્જરોના પ્રદેશમાંની આ વિશિષ્ટ કલાશૈલી વિષે ગુજરાત કે હિંદ કશુંય જાણતું નહોતું. ઇ. સ. ૧૯૪૯માં મુંબાઇની ઓરીએન્ટલ કૉન્ફરન્સમાં આ લેખકે કેટલાક ફોટો સાથે આ શૈલી તરફ આપણા વિદ્વાનોનું ધ્યાન દોર્યું હતું. ત્યાર પછી ગુજરાતના સદ્ભાગ્યે ગયા વર્ષ મળેલાં આ ધાતુશિલ્પોના આધારે. અને વડોદરા મ્યૂઝિયમમાં સંગ્રહાએલા, પાટણના કોઇ પ્રાચીન હિંદુ મંદિરના ભગ્નાવશેષોમાંના બે અપ્રતિમ સૌંદર્યવાળા શિલ્પસ્થાપત્યના નમૂનાઓના આધારે આપણે ખાત્રીપૂર્વક કહી શકીએ કે ગુજરાતને પોતાનું નામ આપનારા ગુર્જ્જર—પ્રતિહાર રાજ્યકર્તાઓના સમયમાં પશ્ચિમહિંદમાં (મારવાડ, પશ્ચિમી રાજપૂતાના. સોરાષ્ટ્ર ઉત્તર ગુજરાત ને લાટના પ્રદેશોમાં) એક વિશિષ્ટ કલાશૈલી શરૂ થઇ. આ શૈલીનું મૂળ પૂર્વની કલાશૈલીની જેમ હિંદની ગુપ્તકાલીન, મધ્ય દેશની કલામાં હતું. પણ મૂળ અપભ્રંશ ભાષાના વિકાસની સાથે પ્રાંતેપ્રાંતે જેમ પ્રાંતીય ભાષાઓ વિકસી તેમ ભારતના જુદાજુદા પ્રદેશોમાં વિશિષ્ટ કલાશૈલીઓ પણ શરૂ થઈ ને વિકસી. જેમાં પૂર્વભારતની, પાલ રાજાઓના સમયમાં વિકસેલી, ને પશ્ચિમ ભારતમાં મરુદેશમાં શરૂ થઇ વિકસેલી કલાઓ મુખ્ય હતી.

પણ હજુ, ગુજરાતની આ પ્રાચીન કલાના ઝીણવટભર્યા સંપૂર્ણ અભ્યાસ માટે ઘણા નમૂના શોધી પ્રકાશમાં લાવવાની જરૂર છે. એ માટે ખભે કૅમેરા લેઇ પરિભ્રમણ અને અન્વેષણ કરવું જોઇએ.

બાંધ ગઠરિયાં (અનુસંધાન આગામી પૃષ્ઠ ૫૦થી ચાલુ)



કર્નલ નાયુડુ (જમણી બાજુ) અને લેખક છેલ્લા મળ્યા ત્યારે

હવે પાંચમાંના રહ્યા બે: દેવધરદાદા અને વિજય મર્ચન્ટ. તાલ-પડે, દાતે, બાલુ, પૈ, દળવી વગેરેના જૂના જમાનાનો એ ખેલાડી દેવધર. વર્ષો સુધી સતત રમી, નવા જુવાનિયાઓને શરમાવનારી શક્તિ દાખવતા એ બૅટ્સમૅનને, જમ્યા પછી બે વાર ફરતા બૅટે ફટકાબાજી કરતા જોવાની અનુપમ લિજ્જત તો હવે એ શૈલીથી રમનારાની ગેરહાજરીમાં મળવી મુશ્કેલ જ છે. અને મૅચ જીતવાના પૂરેપૂરા માનસિક સમતોલપણાની તૈયારી સાથેની બૅટ્સમૅનશિપ તે વિજય મર્ચન્ટની. ઠરેલ, ઠાવકો, ઠંડો, હૉબ્સને પણ કદી આંટે એવો, આગભઠ્ઠીમાંથી મૅચને બહાર કાઢી સલામતીને શિકે મૂકી દે એવો વિજય મર્ચન્ટ! એમાં યે એની લેગની પ્લે! અને ખાસ કરીને હૂક મારવામાં તેમજ લેઈટ કટમાં એ પૂરો પાવરધો છે.

બાલુ, અમરસિંહ, નિસાર, ગોદામ્બે અને સી. એસ.ને હું પહેલા પાંચ બોલરોમાં મૂકું છું. પેલા અંગ્રેજ કવિની જેમ મને સૅાનેટ લખવાની શક્તિ મળે તો હું આખરની લીટી અમરસિંહ માટે લખું. શામળનો છપ્પો કે ગઝલનો નજમો પણ એની ઓવર આગળ મોળો પડે.

કવિઓ અને ફિલસૂફોએ જિંદગીને જાતજાતની ઉપમાઓ આપી છે સંસારને સાગર કહ્યો છે, જિંદગીને કિશ્તી કહી છે આપ જોશો તો ક્રિકેટની રમત પણ એક મનુષ્યની જિંદગી મિસાલ દેખાશે. કશાનો જ કશો ભરોસો નહિ. આપઘાત પણ કરે, બૅટ સ્ટમ્પમાં યે મારે. યા અકસ્માત લાગી પણ જાય. જન્મતાં જ મરે યા પચાસ-સાઠ વર્ષ ખેંચે, ને પછી ડચકિયાં ખાય. કોઈ શતાયુ થઈ જાય. પણ એમાં યે સામેથી જાતજાતના દગાફટકા ખેલાય, છેતરપીંડીઓ થાય, આડાઅવળી દડા પડે. જમડા સામે ઊભા જ હોય અને એમાંથી કુનેહભરી રીતે રસ્તો કોતરવાનો. એમાં જિંદગીનો કશો ભરોસો નહિ. કોઈ ધીમે જીવે, કોઈ ઝડપથી જીવે. પણ એકંદરે આ રમત જીવનરમત સાથે ઠીક-ઠીક બંધબેસતી આવે છે. દડો ફેંકનારો વિધિના પાસા નાખ્યે જાય, મહા જમ વિકેટકીપર ચોકી કરતો જ હોય. (ચાલુ)

સ્ટૅાપ પ્રેસ

આ અંક મશીન પર જતો હતો ત્યાં એકાએક શ્રી બચુભાઈ ડૅા. કાન્તિલાલ પંડ્યાનું પત્તું લઇને આવ્યા. હું ત્યારે, કોણ જાણે કેમ, કંઇક ખિન્ન હતો; પણ એ પત્તું વાંચી ચિત્ત પ્રસન્ન થઈ ગયું. હા; એમાં શ્રી કાન્તિભાઇએ ગયા હપતા વિષે જે ભૂલ બતાવી છે તે બરાબર છે; વલસાડના અમારા પેલા વૃદ્ધ સ્નેહી તે અક્ષરશંકર—'અક્ષય' નહિ. પણ હું તો હજી માનું છું કે તે અક્ષય જ છે. અને ડૅા. કાન્તિભાઈ લખે છે કે નડિયાદમાં તે નિવૃત્તિ સેવે છે. ઉંમર સિત્તેરથી વધુ છતાં હજી આરોગ્ય ઘણું સારું છે. આજે તો નહિ, પણ વખત મળ્યે નડિયાદ જઈ ફરી એમને પગે માથું મૂકી આવું; સરલ, હસમુખા, ભોળા, પ્રામાણિક, હવે તો તદ્દન વયોવૃદ્ધ એ કાન્તિભાઇના વડીલ મશિયાઇ ભાઇ—અમારા પણ વડીલ, અને એક જ સ્ટેશનના માસ્તર તો શું. પણ આખા ભારતની રેલવેઓના સ્ટેશન માસ્તર થવાને લાયક એમને ફરી મળી આવું એમ મન તલપે છે. —ચન્દ્રવદન મહેતા



ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા

આટલી ક્રિકેટની વાતની સાથે સાથે બીજી પણ થોડી કરી લઉં : મારે વિષે નહિ, યા મેં એકગે વાર ચડાવેલી સદી વિષે નહિ, પણ આ પચ્ચીસ ત્રીસ વર્ષના ગાળામાં જોએલી એ રમતની થોડી તારવણી રજૂ કરું.

એ કોઈ બાદશાહી રમત છે. મુનશીજી જેવા લખે છે કે 'બાવીસ જણા રમે અને બાર હજાર નવરાઓ કલાકોના કલાકો સુધી જોયા કરે એ કંઈ બરોબર નથી.' આ તદ્દન વિરોધ પક્ષનો મત. પણ એ તો લગભગ બધી રમતોમાં થોડેઘણે અંશે બને. રાજરમતમાં યે એમ નથી બનતું? રણમેદાનમાં પણ એમ જ; જોનારા જરા આઘા એટલું જ.

ક્રિકેટ અંગ્રેજોનો દિમાગ રજૂ કરતી રમત છે. ફ્રેન્ચો ટેનિસ રમે : ધડાધડ, ઉતાવળિયા, સ્હેજે ફરકેરાઇ જનારા. એવી રમત કે સહેજ-માં ફેસલો. અંગ્રેજો માછીમારની પ્રજા છે. ચીમટામાં મધલાળ મેરવી, પાણીમાં નાખી, કાઠી ઝાલીને રાહ જોઇ બેસી જ રહે. આ-વશે, આવશે, સાંજને છેડે બેપાંચ માછલાં તો પકડાશે જ. ધીરજ; મત; સમય માળી મોકાની ઘડી આવે ત્યારે ઘા મારી લેવો; કપરો ાળ હમેશાં નથી ચાલતો, એમાં પણ એકાદ શુભ ચોઘડિયું આવી નય. અને આવે તો ફાયદો ઉઠાવી લેવો. એમની વ્યૂહરચના પણ એવી. પછી બોંબારીની લડત હોય કે સત્યાગ્રહનો સામનો કરવાનો ાય. જે મોરચે લડે ત્યાં આસાનીથી, ઠંડકથી, ચિવટાઈથી, એક ંપ અને એક ધ્યેયથી.

ક્રિકેટ પણ એમ જ ખેલે છે. અને તેથી જ મોટે ભાગે જીતે છે. ણ પ્રજા એવી કાંડી છે કે ક્રિકેટને પણ એણે રાજરમત બનાવી. બ્રિટિશ એમ્પાયર અને એની સાચવણી. એના પાયા ઢીલા થાય તો મતના રંગ પણ એ પ્રમાણે બદલી નાખે. જબરી અને બાહોશ પ્રજા.

બહાર રમવા નીકળે ત્યારે પણ ધ્યેય ચોક્કસ કરીને નીકળે. ટ જીતવી હોય તો તેની ચાલ મહિના અગાઉથી ગોઠવાય. મુંબાઈ-ી અમુક મોટી મૅચ જીતવી હોય તો રાજકોટ, જામનગર, નાગપુર-ી આગોતરી મૅચોમાં એવી રીતે રમે કે બેત્રણ તો પોતાના માફક-ારના બોલરો હિન્દની જાલિમ ટીમમાં આમેજ થઇ જ જાય. એની ોલિંગ ઍનૅલિસિસ પોતે સુધારતા ચાલે, હાથે કરી ચારપાંચ મોટા ેલાડીઓ એને હાથે મ્હાત થતા ચાલ્યા આવે. અનપ્લેએબલ સુધીની ામ પડાવે. અને પછી જુઓ, જો એ આખરના સામનામાં ચૂંટાઈ ાવ્યો તો! એટલી પહોંચ, એટલી અગમ બુદ્ધિ, એટલી શિસ્ત, ેટલી ગંભીરાઈ, એટલી તકેદારી. એનો આપણે સામનો કરવાનો.

આપણે પક્ષે ક્રિકેટનો ચોપડો કાળો છે. જેમ ઘણામાં આપણે રખા બન્યા છીએ એમ એમાં પણ આપણને ફલ્લુ બનાવાયા છે. આપણી નબળાઈ, કુસંપ અને અદેખાઇનાં બી બહુ ખૂબીથી વવાયાં, અને તે કપ્તાનથી માંડી સર્વાંગ ચૂંટણી સુધી. અને વારંવાર હિંદે હિંદમાં તેમજ હિંદ બહાર નબળા દેખાવો કર્યા. એમાંથી યે તકસાધુ અને સ્વાર્થી સ્વભાવના નીકળી જતાં ઉદ્ધરશું, સુધરશું.

પણ આપણે જ એકલા ખરાબ છીએ એમ માનવાનું કશું કારણ નથી. એમની યે અમુક ટીમની રીતરસમ જાણીતી છે. બે તરખાટી બોલરો : એમાંનો એક તો 'થ્રો' જ કરતો, જમીન બગાડતો ને ખાડા પાડતો. અને એ વાત ચગડોળે ચડેલી એ તો જાહેર કથા છે.

નાનપણમાં કટક અને વિઠ્ઠલના ભાઈ ગણપતની રંગીલી રમત જોઈ હતી. બાલુ. વૉર્ડન ને જોશીના ચટપટી બોલિંગ ન્યાળી હતી. સીલી પૉઈન્ટ પર ગીધ જેમ સપલ ચોવિયાને જોવો એ લ્હાવો હતો! રાક્ષસી ભૂતારામને વિકેટકીપિંગ કરતાં જોતાં બીક લાગતી. સાગી છાતી-એ રમતો વિઠ્ઠલ, મામલો હાથમાંથી જતાં બાંધે જ બૅટ નાખી છુટ્ટા હાથની રમત કરનારો એનો ભાઇ શિવરામ, મુકુંદરાવ પૈ અને હસન-શાહની ઑફ પરની ફટકાબાજી, બોલરના માથા પરથી સીધા જ સ્ક્રીન પર જતા ટોલી કાપડિયાના ઓવર બાઉન્ડ, પહેલી બે ઓવરમાં તરખાટ ફેલાવનાર ચંદારાણા, અગિયારથી પાંચ સુધી બિન આરામે એકધારા દડા ફેંકનારો અલીગઢનો અબ્દુરસલામ, નાઝીર–વઝીરની ભાઈ-જોડી, એકાદ બે સીઝનમાં ઝબકી જનારા ને ચોર્યાશી કરી સાતસાત વિકેટો લેનાર બોટાવાલા, (એની તો કપ્તાનશિપ નીચે અમે રમેલા તે કેમ ભૂલીએ?) ગુગલી બોલર ગોદામ્બે અને સી.એસ., એવાએવાએ તો હિંદી ક્રિકેટને મશહૂર બનાવ્યું છે.

અને ચેગ ગોદડીની લેટ કટો ને હૉસીની ફીલ્ડિંગ ઉપરાંત બહારથી આવનારાઓમાં અસલમાં સી. બી. ફ્રાઈની ફટકારોનક, મુલ્કમશહૂર ઑસ્ટ્રેલિયન ખેલાડી ટેરંટનો બધી રીતનો તરખાટ, ટેટ લારવૂડ મર્સર ને વ્યાટની કાતિલ બોલિંગો, એ બધાં શિખાઉ ક્રિકેટરને ભર્યા ભર્યા પુસ્તક સમાન હતાં. પણ અમર કલાબાજોની કીમિયાગીરી તે વળી ઔર ચીજ છે. એમાં અહીં બે બોલરો આવ્યા હતા : રૉય કિલનર અને હર્સ્ટ. ૧૯૩૩-૩૪ કે એવી, 'બેસ્ટ ઇંગ્લિશ પોએટ્રી'ની ઍન્થૉલૉજીમાં ક્રિકેટ પર એક સૉનેટ પ્રસિદ્ધ થયું હતું. એમાં ચેઇસ, હૉબ્સ વગેરેને અંજલિ હતી, પણ છેવટની બે લીટીમાં રૉય કિલ્નરની બોલિંગની કાવ્યમય તારીફ હતી. એની ઓવરને સ્પેન્સેરિયન સ્ટૅન્ઝા સાથે સરખાવી હતી. હિંદમાં તો એક જ મૅચમાં એ ઊતરેલો, પણ હદ કરી ગયો હતો. પહેલી ઇનિંગ્ઝમાં છ અને બીજીમાં સાત વિકેટો લઈ ગયો હતો : જેમાં પહેલી છ યે છ દાંડીગુલ—'લકડી ગિરાઓ'ને હિસાબે, અને બીજી ઇનિંગ્ઝમાં સાતે ઝિલાવીને આઉટ! એવી કલા-કરામત બીજા કોઇની જોયેલી યાદ નથી.

હૉબ્સની રમત ખરું પૂછો તો મને ગમી નહિ. ધંધાદારી તે પૂરો ધંધાદારી જ ખેલાડી. વેદિયું ક્રિકેટ! ઠંડું માટલું જાણે. જ્યારે રમે ત્યારે મૅચ જીતવાને જ રમે. પણ મેં જોયો ત્યારે એની ઊતરતી અવ-સ્થામાં હતો. બાકી વિવેચકો એને નિષ્ણાત બૅટ્સમૅન ગણે છે. સૅન્ડ-હામ ને સટ્ક્લીફ પણ એવા જ પુસ્તકિયા. ઑફનો ફટકો ઑફ પર જ મરાય. અહીં એમ.સી.સી. આવી ત્યારે સૅંડહામે લેગ પર જે સાત પેઢીનું જોર કાઢી એક ફટકો માર્યો છે, અને ત્યાં અધવચ્ચે ઊભા રહેલા પતિયાલાના મશહૂર ખેલાડી કેકી મિસ્ત્રીએ હાથ ચીરાતાં છતાં ઝીલી લીધો છે, એ તો ઐતિહાસિક ફટકો અને કૅચ હતા. તે તો મૅચ જ




સૈયદ નાઝીરઅલી (જલંધરની ભાઈ-જોડી) સૈયદ વઝીરઅલી

થઈ ગઇ. અર્લના નવ ઓવર બાઉન્ડ ને નૈડુનો એવો જ જડબાંતોડ અગિયાર ઓવર બાઉન્ડનો જવાબ, બુઝર્ગ દેવધરના ૧૪૬ અને સાથે ચિરાયેલા પાટાવાળા થે કેકી મિસ્ત્રીની યાદગાર ભાગીદારી જોઈ ઇંગ્લંડના જગમશહૂર બોલરો પણ ઠંડાગાર થઈ ગયા હતા.

હિંદના પાંચ મશહૂર બૅટ્સમેન અને પાંચ બોલરોની તારીફ કરું તે પહેલાં ત્રણ ખેલાડીઓને નથી જોયા એનો રંજ પણ કરી લઉં. એક તો જામ રણજીત, બીજો મૅકૂકાર્ટની અને ત્રીજો ડૉન. વર્ષો સુધી ઑસ્ટ્રેલિયાનો ઓપનિંગ બૅટ્સમૅન, 'ગનનંર' તરીકે મશહૂર થએલો મેકૂકાર્ટની અહીં આવ્યો પણ રમી ન શક્યો; અને રમ્યો ત્યારે એક જ વાર—તે જામનગરમાંની મૅચમાં. રમવા જતાં જ કહેલું કે જામ રણજીતને ટ્રિબ્યૂટ-અંજલિ આપવા આજે હું રમીશ. અને એકસો ને સાત રન કર્યાં. એ જોવાનો મોકો ગયો એનો અસંતોષ રહી ગયો.

હિંદમાં રમાએલી પહેલી ટેસ્ટમાં, મુંબાઈના આઝાદ મેદાનમાં બ્રૅડમેનની તોલે તો નહિ પણ એની લગભગ નજીક આવે એવી બ્રૅડમૅનશાઈ એકસો તેર રનની અદ્ભુત ઈનિંગ્સ કોઇ ખેલ્યો હોય તો તે એ સાંજે નૉટ આઉટ રહેલો અમરનાથ. સામે નૈડુએ એને ખીલવ્યો અને એ ખેલ્યો. બ્રૅડમૅનને ઘણી વાર જોનારા જે ત્યાં હાજર હતા એમનું પણ કહેવું હતું કે એ અદ્ભુત ઇનિંગ્સ હતી. વખત આંકણી, માળો કાઢવણી, પગચાલાકી, કાંડીકિસબ. બુદ્ધિપ્રયોગ બધાંનો કલાન્વિત મેળ જામ્યો હતો. અમરનાથ એ એક જ ઇનિંગ્સે ક્રિકેટની આલમમાં અમર થઇ ગયો.

હવે પહેલા પાંચની વાત કરું. એને ક્રમવાર ગણવા નથી, માત્ર પડેલા તરીકે જ ગણવાના છે. એ પાંચ બૅટ્સમૅનો અને સંગાથે પાંચ બોલરો એમની કારકિર્દીની ટોચે, ઇંગ્લંડ કે ઑસ્ટ્રેલિયાના ગમે તે દસ ઉત્તમ ખેલાડીઓની ટીમ સાથે બરાબર સામનો કરી શકે, અને બ્રૅડમૅનને બાદ કરીએ તો હંફાવી-હરાવી પણ શકે.

નૈડુ, દુલીપ, દેવધર, જાઇ અને મર્ચન્ટ એ પાંચે સાથે મને સારી પિછાન થયેલી માટે હું એમને મોખરે મૂકું છું એમ ન માનશો. ક્રિકેટની રમતને શતરંજની બાજીમાં ફેરવી દેનાર તે સી. કે. નૈડુ. આ સદીના બીજા દાયકામાં, ૧૯૧૬માં, મદદગાર દડા ફેંકનાર તરીકે આવીને એ છેલ્લા દાવમાં જતાં, 'પ્લેઈડ, પ્લેઇડ'ની કટાક્ષ બૂમો આમે જ એની સામે પાડી હતી. ત્યાર પછીની એની કારકિર્દી જગ-મશહૂર છે. એ બોલિંગ કરે ત્યારે એને જો બરાબર ધ્યાનથી જુએ તો જોનારને ખબર પડે કે હવે બેચાર ઘડીમાં રમનારનું મોત ભમે છે. એણે ધાર્યું હોય ત્યાં અને તે રીતે જ એના પ્રાણ જવાના! કંઇક નવાસવાને તો એ રમાડે, ચગાવે, પાછો બાંધી રાખે, જરા છૂટ લેવા દે અને ચપટીમાં મસળી નાખે! રમત એ બુદ્ધિપૂર્વક ખેલતો, અવનવા વ્યૂહગોઠવી જાણતો ને ભલભલાને આબાદ મહાત કરતો. કપ્તાનગીરી તો એની જ. બટ્સમૅન તરીકે એ ઑફના જાતજાતના ડંખીલા દડાઓને સામી છાતીનાં છીંડાઓમાંથી તમરી-ભમરી ખવડાવીને ભોંય ભેગા સડસડાટ છટકાવવાની કળામાં તો ભારે નિષ્ણાત. અને લેટ કટિંગમાં એનું મરોડભર્યું ચાપલ્ય અતિ વિખ્યાત થયું હતું.

બધી જાતની રમત એ રમી જાણતો; પ્રસંગ પ્રમાણે ખેલતો; અને જ્યારે વિફરતો ત્યારે પાટિયા પર આંકડા કહ્યુ નહિ માનતા. એના ગગનચેરતા છક્કાઓની હદ તો હજી કોઇ કુદાવી શક્યું નથી. એમ તો નિસાર અને અમરસીંગ પણ ઓવર બાઉન્ડ તો મારતા, પણ નૈડુના આસાન ઓવરબાઉન્ડોની તો કદાચ સેન્ચુરી થઇ ગઇ હશે! પણ એ સર્વ કરતાં વધારે મહત્ત્વની વાત તો એ કે એ પૂરેપૂરી ખેલદિલીવાળો ખેલાડી હતો.

હાં, એક સામાન્ય ભૂલ સુધારી લઉં. ૧૯૧૬માં એ મુંબાઇના મેદાનમાં ઊતર્યો ત્યાર બાદ ૩૩ વર્ષે રણજી ટ્રોફીમાં આસામમાં એણે સાત વિકેટો ઉપાડી અને રમનારાઓને ગભરાવી મૂક્યા. એ પછી તરત જ મુંબાઇમાં રમાતી એક મોટી મૅચ દરમ્યાન અમદાવાદના જિતેન્દ્ર મહેતાના મહેમાન તરીકે એ, કર્નલ કોટાયુ કંડૈયા નૈડુ ને હું એમ ત્રણ જણ તાજમાં જમવા બેઠા હતા, ત્યાં નિરાંતથી વાતો કરતાં કર્નલને પૂછ્યું, 'તમે પહેલાં તો બોલર તરીકે આવેલા ને?'






કર્નલ કે. એમ. (કેકી) મિસ્ત્રી; સામી છાતીએ રમતો વિઠ્ઠલ; પીઢ બૅટ્સમૅન ડી. બી. દેવધર; ને એવો જ બીજો એલ. પી. જાઈ.






ત્રણ અજોડ બૅટ્સમેનઃ(૧)કર્નલ સી. કે. નાયુડુ (૨)પ્રિન્સ દુલીપસિંહજી અને (૩) વિજયમર્ચન્ટ   પી. બાલુ (બોલર)

તેત્રીસ વર્ષની એકધારી ઊંચી કક્ષાની રમત રમનારા આ બાદુએ જરાક મ્લાન વદને કહ્યું : 'એ પણ એક ઠીક ગિથ છે. સી. સી. ભૈયા! દેખો, નાગપુરમેં જબ મૈંને સાત સેંચરી કિયા થા, ફિર ભી મેરા નંબર આઠવાં થા. મુંબાઈમાં ચૅરિટી મૅચ હતી : પતિયાલા અને ગવર્નરની ટોળી વચ્ચે. હું પતિયાલા તરફથી રમતો હતો. પંચાવન મિનિટ પછી આપણે ડીકલેર કરવાનાઃછીએ એમ કપ્તાન પતિયાલા મહારાજે કહ્યું. હું સાતમો દાવમાં જતો હતો. એ પંચાવન મિનિટમાં મેં એકસો વીસ રન કીધા! છેલ્લે ઝિલાયો અને ડિક્લેર કર્યું તો યે ત્યારે બૅટ્સમૅન તરીકે મને નહોતો ગણવામાં આવતો! આપણે ત્યાં પ્રચલિત માન્યતાઓ ચાલ્યા જ કરે છે. મેં પહેલી કાળજી બૅટિંગ પર જ લીધેલી.' પછી તો બહુ વાતો કરી. ત્યારે એણે ડાયેટેટિક્સ પર ચર્ચા કરી, રોડ સેન્સ પર વાતો કરી, ને જિતેન્દ્રે રોટરી ક્લબ વિષે ચક્કા ફેરવ્યા. કર્નલ સી. કે.ની કીર્તિ જામ રણજી જેમ હિંદના અજોડ બૅટ્સમૅન તરીકે જ પ્રસરેલી રહેશે એ નિઃસંશય વાત છે.

નેકુ જેટલો દુલીપને જોવાનો મોકો ન મળ્યો, પણ જે થોડીઘણી રમત એણે અહીં કરી તે આફરીન પોકરાવે એવી હતી. વિશ્વવિખ્યાત ટેસ્ટ ખેલાડીઓને જોયા. એમાં હિંદુ જિમખાના પર એક રમેલો હૉબ્સ ને એક વાર સટક્લિફ; તેમજ મુંબાઈમાં એક વાર પટૌડી યે ખરો. પણ એ બધાને આંટે એવા બે : ડેનિસ કૉમ્પ્ટન અને એનાથી યે સર્વાંગ સુંદર દુલીપ. મેદાનમાં રમનારાના જમણા કંધાના છટકાથી થનગનતી તલપી રહેતી દુલપસિંહની નિગાહબાજી (ફીલ્ડિંગ)! કોઇ ભાગ્યે જ એના હાથમાંથી છટકે. જરા ઊછળ્યો તો એની તરાપે ઝીલાયો જ છે! એ તો ઔર વાત. પણ અત્યંત અદાભરી રમતમાં બુદ્ધિપ્રયોગાનુસાર પ્રમાણસર શક્તિનો ઉપયોગ એ એની કલાની ખૂબી. આસપાસ અગિયાર વરુઓ તલપતે હાથે ટાંપીને ઊભા હોય અને એમની વચ્ચેથી ફટકો કાઢીને સરહદ પર મોકલવાનો હોય, ત્યાં દુલીપ અજોડ એક્કો! દરેક બૉલે એ રમે છે,—એટલેકે છ યે છ દડામાંથી પૂરો કસ કાઢવા એ મથે છે. પછી એક મળે કે ચાર મળે, પણ દડો એની જાત-કજાત પ્રમાણે રમવાનો ખરો જ; નહિ કે બે અટકાવી, એકાદ મારવાનો પ્રયત્ન કરવો. વળી એ દડાને એવી તો રીતે ફટકાવે કે બે ફીલ્ડરોની વચ્ચેથી જતા એ દડાને અટકાવવા બંને જણા એની પાછળ યા એને આંતરતા દોડે, પણ મોટે ભાગે તો દડો અને પેલા બે ફીલ્ડરો ત્રણેનો સંગમ બરાબર બાઉન્ડરી ઉપર જ થઈ રહે! એકાદ ઇંચ આમ કે એકાદ તસુ બહાર, બસ! એ એનું કૌશલ્ય. કોઇ ફટાફટ ફટકાબાજી નહિ, પણ ઘણું ઝીણું કારીગરીનું કામ. જેટલું જોઇએ તેટલું જ જોર, વધારેઓછું નહિ.

એક વાર જાઈ અને દુલીપ બંને સામસામે ખેલતા હતા. બંને ચગ્યા હતા. ટીકાકારોએ કહ્યું કે જાઇ ચડે કે દુલીપ એ કહેવું મુશ્કેલ છે. ઑસ્ટ્રેલિયન ટીમ વખતે ચાર બૉલ રમતાં જ મેકકાર્ટનીએ આવેશમાં આવી કહી દીધું હતું કે બૅટ્સમેન તો જાઇ જ. તે દિવસે સાંજ પૂરી થવા આવતાં આખરે છ બૉલમાંથી પાંચ પર ચારચાર લઇને છઠ્ઠે બૉલે એક રન લઈ એણે પાછી બોલરની ખબર લેવા માંડી અને ચોર્યાશીનો આંક ચડાવ્યો હતો. પણ તે દિવસના ચોર્યાશી તે લખ ચોર્યાશી જેટલા મહત્ત્વના હતા. (અનુ. પૃષ્ઠ ૪૭મે)






અમરસિંહ (બોલર)   મહમદ નિસાર (બોલર)   એસ. આર. ગોદામ્બે (બોલર)   સી. એસ. નાયડુ (બોલર)

આપણા શરીરનું એક અદ્‌ભુત અંગ ચામડી

તેના ઉપરના વાળ, મસા, તલ, લાખાં, ખીલ, ખરજવાં, મુદ્રાછાપ, નખ વગેરેની અજબ વાતો

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આંતરત્વચામાં વાળના મૂળની આસપાસ એક બીજા પ્રકારની ગ્રંથીઓ ગોઠવાયેલી હોય છે. તેની નલિકાઓ ચામડીની સપાટી ઉપર ઊઘડે છે. શરીરના વાળવાળા ભાગોમાં તેમની સંખ્યા વધુ હોય છે. તેમનો સ્રાવ જાંઘોમાં તેમજ ગાલ અને નાક આગળ ચિકાશરૂપે (sebum—મેદના રૂપમાં) નીકળી આવતો માલૂમ પડે છે. કેટલાક લોકોને આ સ્રાવ વધારે પ્રમાણમાં હોય છે ત્યારે ગાલ ને નાક પર બગાડ નજરે પડે છે. આ મેદના સ્રાવથી ચામડીનાં પડો અને વાળનું સ્નેહાંજન (lubrication) થાય છે. આથી એ બન્ને રેશમ જેવાં સુંવાળાં અને ફૂલપાંદડી જેવાં મુલાયમ રહે છે. ઉપરાંત એ વ્યક્તિને કાન્તિ અને લાવણ્ય આપે છે.

ખીલ

કિશોર યુવાવસ્થામાં પ્રવેશતાં આ ગ્રંથીઓના સ્રાવના પરિણામે જ અવાજ બદલાય છે અને મોં ઉપર મૂછનો દોરો પણ ફૂટે છે. આ અરસામાં મેદસ્વી ગ્રંથીઓનો સ્રાવ ઘણો વધી પડે છે. ગ્રંથીની નલિકાઓ છેક ચામડીની સપાટી સુધી ભરાઈ જાય છે. જે ગાલ અને મોંની ચામડીની સપાટી ઉપર ઊભરાઈને ઉપસી આવી કાળાં ટપકા-રૂપે દેખાય છે. આને તારુણ્યપીટિકા કે 'ખીલ' કહેવામાં આવે છે. એમને ખણવાથી જીવાણુઓનો ચેપ લાગતાં કદીક તે પાક ઉપર ચડે છે અને તે ફોલ્લી કે ગૂમડાનું રૂપ ધારણ કરે છે.


ગૂમડાં

શરીર ઉપર થતી ફોલ્લીઓ કે ગૂમડાં એ મેદસ્વી ગ્રંથી, સ્વેદ-ગ્રંથી કે વાળના મૂળમાં (ખાસ કરી આ જ સ્થળમાં) સ્ટેફિલૉકૉકસ નામના રોગ-જીવાણુઓએ ઉપજાવેલા ચેપનું પરિણામ છે. પાકું એ બહુ કાણાંવાળું મોટું ગૂમડું છે. તેમાં એકથી વધારે ગૂમડાં એકઠાં થઈને ચામડી નીચેની પેશીઓના મોટા ભાગને ચેપ લાગેલો હોય છે. જેને મધુમેહ (મીઠી પિશાબ) કે મૂત્રપિંડોના વ્યાધિઓ હોય કે શારીરિક કમતાકાત હોય તેમને પાકું થઈ આવે છે. ઉપલા હોઠ અને નાક ઉપરની ફોલ્લી કે ગૂમડું ખૂબ ભયંકર લેખાય છે, કારણ કે તેનું ઝેર શિરાઓ દ્વારા તરત મગજમાં જવાથી જીવલેણ સ્થિતિ આવી પડવાનો ભય ઊભો થાય છે.

સ્વેદ (પરસેવો) અને આ મેદ બંને ગ્રંથીઓનો સ્રાવ ઉનાળામાં વધુ હોય છે; પણ શિયાળામાં અને ચાલીસ વર્ષની વય બાદ ઘટે છે. આથી ચામડી સૂકી (રુક્ષ) બને છે ને કદીક તેમાં ચીરા પણ પડે છે. હોઠ, નાક અને હથેલી પર ચામડીનાં છોલાં ઊખડે છે. આના કારણમાં વિટામિન 'એ' અને 'બી'ની ઊણપ પણ હોય છે.

ખરજવું


આમ, ઠંડી ઋતુમાં ચામડીની ચિકાશ ઓછી તો હોય જ છે. તેમાં વળી સાબુથી નહાવાથી તે ધોવાઈ જાય છે. આથી ચામડી બરછટ બને છે, જાંઘો, કોણી, હાથ, પગ વગેરેની બરછટ બનેલી ચામડી ત્યારે તતડે છે ને તેમાં ચૂંટ આવે છે. આમાંથી આગળ ઉપર ખરજવાની સ્થિતિ આવી ઊભી રહે છે. રૂપાળા તથા રાતા વાળવાળાઓની નાજુક ચામડી તો સૂર્યના તાપ અને સખત પવન-



ચામડીમાંથી નીકળતા વાળના મૂળથી માંડીને ટોચ સુધીનાં અંગ-ઉપાંગ દર્શાવતા આ ચિત્રમાં વાળને મુલાયમ રાખની મેદસ્વી ગ્રંથીને તથા (મથાળે) વાળને પોતાને વર્તુલમાં મોટાં કરીને બતાવ્યાં છે.

થી પણ તતડી ઊઠે છે. ચશ્માંની ફ્રેમો, ઘડિયાળના પ્લાસ્ટિકના પટ્ટા, નખપૉલિશ, સુગંધિત તેલો, હેર-ડાઈ વગેરેના સંપર્કથી પણ ચામડી તતડીને સોજો આવી ખરજવામાં પરિણમે છે. આમાં દાંતનો સડો, ચોળિયાનો સોજો અને શરીરમાંના કોઈ પણ સ્થળનો ચેપ આ રોગને વધવા કે ઊથલવા માટે કારણરૂપ થઈ પડે છે.

આ અટકાવવા માટે ઠંડી ઋતુમાં ચામડી ઉપર—ખાસ કરીને મોં તથા હાથપગના ભાગો ઉપર ચિકાશનું તેલ કે ક્રીમનું મર્દન કરવું જરૂરી છે. આ તૈલાભ્યંગથી ચામડી મુલાયમ બને છે; માલિશના ઘર્ષણથી ચામડી નીચે લોહીનો પ્રવાહ વધીને તેને પોષણ મળે છે; પરિણામે દેહની કાન્તિ વધે છે અને શરીરમાં સ્ફૂર્તિ અનુભવાય છે. માલિશ બાદ ત્રીસ મિનિટ રહીને શરીર ઘસી-ચોળીને નહાવું જોઈએ. ચોળીને નહાવાથી મેદ અને સ્વેદગ્રંથીઓ દબાય છે અને તેમની નલિકાઓનો કચરો નીકળી જઈ તે ખુલ્લી ને સ્વચ્છ થાય છે તથા જ્ઞાનતંતુઓ સતેજ બને છે. નહાયા બાદ શરીરને કરકરા ટુવાલ-થી ખૂબ ઘસીને લૂછવું જોઈએ; નહિ તો શરીર ઉપરના તેલના થરમાં ધૂળ જામવાથી ચામડીના રોગો મંડાવાની દહેશત રહે છે.



વાળના છેદનું વિરાટદર્શન: વાળના કાપેલા છેડાને સૂક્ષ્મ-દર્શકયંત્રમાં ૩૦૦ ગણો મોટો કરીને જોતાં તેમાં આવાં ચાર પડ ને તે દરેકમાં આવી સૂક્ષ્મસુંદર આકર્ષક ભાત જોવા મળે.

નખ

નખ એ બાહ્ય ત્વચાનો પરિવર્તન પામેલો વિકાસ છે. પશુઓમાં તે નહોર તથા ખરી રૂપે અને પક્ષીઓમાં ચાંચ તથા નખ–નહોર રૂપે હોય છે. તેનો બહાર દેખાતો ભાગ લોહીની નળીઓ ને જ્ઞાનતંતુ વગરનો હોવાથી મરેલો છે. આથી તે વેદના કર્યા વગર કાપી શકાય છે. પણ નખની બેઠકનો અને બાજુઓનો ભાગ શિરાળુ–લોહીની શિરાઓવાળો તેમજ જ્ઞાનતંતુઓ વાળો હોવાથી શીઘ્રવેદી છે.

નખની બેઠક અને મૂળમાં નવા કોષો પેદા થતા હોઈ આગળ-ના ભાગ મરતો જાય ને તે આગળ ને આગળ લાંબો વધતો આવે છે. તેને આપણે નખ વધવા કહીએ છીએ. નખનું મુખ્ય કામ તો આંગળીઓનાં ટેરવાંને રક્ષણ આપવાનું છે હિંસક પશુઓમાં તે શિકારનું પણ સાધન છે. પાકવાથી કે ઈજાથી કોઇવાર જ્યારે આખો નખ નીકળી જાય છે ત્યારે તે નવો આવતાં શિયાળામાં ૧૩૨ દિવસ અને ઉનાળામાં ૧૧૬ દિવસ લાગે છે. તેમાં યે જમણા હાથ કરતાં ડાબા હાથનો નખ આવતાં દસ દિવસ વધારે લાગે છે. બાળકો અને તંદુરસ્ત માણસોના નખ જલદી વધે છે સામાન્યત: આંગળીઓના નખ મહિનામાં ૧/૮ ઇંચ વધે છે, જ્યારે અંગૂઠાના ૧/૪ ઇંચ જેટલા.

નખનાં રૂપ અને રંગ ઉપરથી વ્યક્તિના સ્વભાવ અને આરોગ્ય વિષે ઘણુંઘણું જાણી શકાય છે. પહોળા અને મૂળમાંથી અંડાકૃતિ–ઈંડાની આકૃતિ જેવા નખ રક્તક્ષય અને ફેફસાંના વ્યાધિના સૂચક છે. ટૂંકા અને સાંકડા નખ શરીરમાં કૅલ્શ્યમની ન્યૂનતા બતાવે છે. નખમાં ઊભા લીટા કે ચમચા જેવા ખાડા તે રોગાવસ્થા પછી શરીર વધતું અટકી ગયાની નિશાની રૂપ છે. અંદર ઝીણીઝીણી ઊભી રેખાઓ જ્ઞાનતંતુઓની બીમારી દર્શાવે છે, જ્યારે આડી રેખાઓ યકૃત-ની–કાળજાની બીમારીની દર્શક છે. હૃદયની બીમારીમાં આંગળીનાં ટેરવાં મોગરીની જેમ ત્યાંથી જાડાં અને નખ ભૂરા કે કાળાશ પડતા હોય છે, જ્યારે કમળામાં પીળા. બરડ નખ શરીરમાં ગંધક તેમજ ક્ષારની ઊણપ, અને કઠણ નખ ચરબીનું ઓછાપણું બતાવે છે.

નખના મૂળ આગળ દેખાતી ધોળા રંગની અર્ધગોળાકાર આ-કૃતિને 'ચંદ્ર' કહેવામાં આવે છે. ધોળો રંગ હવાના પરપોટાને લીધે હોય છે. ટૂંકા નખ ઉપર એવો ચંદ્ર હોય તો તે લોહીના ભ્રમણની મંદતા દર્શાવે છે. આરોગ્યમાં નખ ગુલાબી રંગના, સુંવાળા અને ચમકતા હોય છે. ફિક્કા રંગના નખ લોહીનું ઓછાપણું દર્શાવે છે.

કાળો મેલ ભરેલા ને વધેલા નખ માણસની બેદરકારી અને ફૂવડપણાની નિશાની છે. નખ ઉપર ધોળાં ધોળાં ટપકાં એ ચીઢિયા અને તકરારી સ્વભાવનું પ્રદર્શન કરે છે. છોકરાંના નખ ઉપરનાં આવાં ટપકાં ક-વખતનું ખાધા કરવાનું અને જ્ઞાનતંતુઓને ઉશ્કેરી મૂકે એવી વાર્તાઓ તથા વાતાવરણમાં ઊછરતાં હોવાનું સાબિત કરે છે. ટૂંકા, સપાટ, મૂળમાંથી સાંકડા પણ છેડાઓથી પહોળા નખ જલદી ઉશ્કેરાઈ જનાર માણસના સ્વભાવના નિદર્શક છે. નાના નખ તીવ્ર બુદ્ધિમત્તા-ની નિશાની છે, જ્યારે મોટા નખ મંદ બુદ્ધિ દર્શાવે છે,—સાથે સંપૂર્ણ આરોગ્યમયતા પણ. અસ્થિર સ્વભાવનો. વિલાસી અને તામસી માણસ વારંવાર નખ ખોતર્યા કે દાંત વતી કરડ્યા કરતો હોય છે.

વાળ

આખી પ્રાણીસૃષ્ટિમાં આંચળવાળાં પ્રાણીઓની વિશિષ્ટતા શરીર ઉપર વાળ હોવાની છે. આ વાળ ચામડીના ઉપલા પડનાં દ્રવ્યોના બનેલા છે. બંધારણમાં તે નખ જેવા જ છે. સામાન્ય રીતે વાળનો હેતુ શરીરની ગરમી જાળવી રાખવાનો છે. જોકે માણસજાત માટે તેનો આવો ઉપયોગ તો નથી. પણ એ ઉત્ક્રાન્તિ દરમિયાનનું પ્રાણી-સૃષ્ટિ સાથેનું આપણું સામ્ય દર્શાવતા અવશેષો તો નહિ હોયને? વિજ્ઞાનીઓ કહે છે કે પ્રાગૈતિહાસિક કાળમાં માનવી જ્યારે જંગલી દશામાં હતો ત્યારે તેના શરીર ઉપર પુષ્કળ વાળ હતા: શરીર ગરમ રાખવા અને ઈજાઓથી રક્ષણ પામવા. પછી જેમજેમ તે વસ્ત્રો પહેરતો થયો તેમતેમ વાળ ઓછા અને આછા થતા ગયા છે.

અને સભ્યતા ખાતર આપણે પણ કેટલાક ભાગોના વાળ કાઢી પણ નાખીએ છીએ. પરંતુ તે ઉપયોગ વગરના છે એવું પણ નથી. લાંબા, કાળા અને ખૂબ ભરાઉ વાળ સ્ત્રીઓના સૌંદર્યનો શણગાર છે. ભમર અને પાંપણોના વાળ તો આંખ અને મોંને અદકું રૂપ આપે છે. શરીરનાં પોલાણો (મોં, નાક, કાન, આંખ વગેરે) આગળના વાળ જંતુઓ અને ધૂળ-રજને પ્રવેશબંધી કરનારી કુદરતી રક્ષણ હરોળો છે. બગલ અને ભગાસ્થિ ઉપરના વાળ પરસેવો સંઘરી રાખે છે, જેની ગંધ પ્રાણીઓમાં કામોત્તેજક અને જાતિગત આકર્ષણ રૂપ નીવડે છે.

વાળે બાહ્ય ત્વચામાંથી છેક આંતર ત્વચામાં ઊંડે જઈને મૂળ નાખેલું હોય છે, અને ત્યાંથી, બીઆમાંથી ફણગો ફૂટે તેમ ફૂટીને ચામડીનાં થરો ભેદીને તે બહાર આવ્યો હોય છે. વાળનું એ મૂળ લસી-નલિકાઓની મધ્યમાં ગોઠવાયેલું હોય છે ને તેની આસપાસ લોહીની નળીઓ તથા જ્ઞાનતંતુઓ હોય છે. વળી તેમાં મેદસ્વી ગ્રંથી-ઓની નલિકાઓ પણ ખુલે છે. આ બધાંમાંથી પોષણ મેળવીને વાળ વધે છે તેમજ સુંવાળા અને ચમકદાર રહે છે. ચામડીની ઉપર નીકળી આવેલા વાળમાં નથી હોતી લોહીની નળીઓ કે જ્ઞાનતંતુઓ; આથી તે કાપતાં નખની પેઠે નથી ઉપજતી વેદના કે નથી વહેતું લોહી.

વાળના મૂળ પાસે બે નાની માંસપેશીઓ આવેલી હોય છે. ઠંડી, ભય, ઉદ્વેગ અને ત્રાસ વખતે તે સંકોચાય છે. આથી વાળ ખડા થઈ જાય છે. જોકે આવું આપણામાં માણસમાં તો ખાસ બનતું દેખાતું નથી, પણ એવે વખતે આપણી ચામડી ઉપર ફોલ્લીઓ ઉપસી આવી હોય તેવો દેખાવ (goose-skin) થઈ આવે છે. વાળ ખડા થવાથી શરીરની ગરમી જળવાય છે. શિયાળાની કે ચોમાસાની ઠંડીમાં ફુલાવેલાં પીંછાંમાં ડોકું પેસાડી બેસી રહેલાં પક્ષીઓ કે વાળ ઊભા થઈ ગએલાં કૂતરાં બિલાડાં આપણે ક્યાં નથી જોતા હોતા? ભયગ્રસ્ત

બિલાડીમાં પણ વાળ ઊભા થએલા જોવા મળે છે. આ વખતે તે ભયંકર પણ લાગે છે, એટલે તે તેના શત્રુથી રક્ષણનું સાધન પણ છે.

વાળનાં મૂળ ચામડીમાં સ્ક્રૂની જેમ જડાએલાં હોય છે. આથી તે જોસથી ખેંચાવા છતાં તરત ઊખડી નથી આવતા; અને ઊખડે છે તો પણ તેના બીજાંકુરો તો નથી જ ઊખડતા. આથી તેમાંથી નવો વાળ ઊગવાની શક્યતા કાયમ રહે છે. વાળમાં જસતના તાર જેટલી તણાવાની પણ શક્તિ છે. વળી સામાન્ય વાળ દોઢથી અઢી ઔંસ ભાર ખમી શકે છે, જ્યારે મજબૂત માથાના બધા વાળ તો ૩૦૦૦ થી ૫૪૦૦ રતલ જેટલું. સરકસમાં ચીના નટ ચોટલી વડે આખા શરીરનું વજન ઉપાડતા કે ભરેલી મોટર ખેંચતા નથી દેખાતા?

ગર્ભાવસ્થાના પાંચમા માસે બાળકના શરીર પર વાળ ઊગવા શરૂ થાય છે, તે છેક તેના જીવન પર્યંત કાયમ રહે છે. આપણા આખા શરીર પર નાના-મોટા વાળ હોય છે, ફક્ત ત્રણ ભાગ સિવાય: હથેલી, પગનાં તળિયાં ને આંગળીઓનો નખવાળો સાંધો. ગોરા માણસોને માથાના વાળ સુંવાળા ને વધારે હોય છે જ્યારે કાળા માણસોને જાડા ને ઓછા. રાતા વાળ ઘણા જાડા હોઈ સંખ્યામાં ઓછા હોય છે.

શરીરના કેટલાક ભાગોના વાળ લાંબા વધે છે જ્યારે ક્યાંક નથી વધતા. સ્ત્રીઓના શરીર પર તે ઓછા હોય છે જ્યારે પુરુષોના દેહ પર વધારે. વળી પુરુષોને દાઢીમૂછ ને છાતી ઉપર વાળ હોય છે. તે પૌરુષની નિશાની છે. અંતઃસ્રાવી ગ્રંથીઓના સ્રાવ અનુસાર તે ઊગતી જુવાની વખતે ફૂટે છે. (સ્ત્રીઓમાં આ વખતે માથાના વાળ વધે છે) તથા તેનો ભરાવો કદ અને દેખાવ પણ તેના પર અવલંબે છે.

વળી, શરીર પર પથરાએલા વાળ એક જ દિશામાં નથી હોતા. હાથ-પગ ઉપરના વાળ જુઓ: તે જુદીજુદી દિશામાં હશે. આપણે ટૂંટિયું વાળી બેસીએ તો શરીર પર પડતું વર્ષાદનું પાણી તે ઉપરથી નીતરી જાય એવી રચનામાં શરીર ઉપરના વાળ ઊગેલા છે. વળી એ પણ જાણવા જેવું છે કે આપણા બધા વાળ એકસરખા આકારના પણ નથી. માથાના વાળ ગોળ છે જ્યારે દાઢી-મૂછના ત્રિકોણાકાર!

વાળનો છેદ સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોઈએ તો તેમાં ત્રણ પડ, અને એ દરેક પડમાં સુંદર અને આકર્ષક ભાત જોવા મળે છે. ચામડીના જેવા રંગ-કણો વાળમાં પણ છૂટાછવાયા વેરાયેલા છે. આને લીધે તપખીરિયા, રાતા, કાળા, એવા જુદાજુદા તેના રંગ હોય છે. વાળના પોલાણમાં વાયુના પરપોટા જામી આ રંગકણો કમી થાય છે ત્યારે વાળનો રંગ બદલાઈ ધોળો થાય છે. આવું સામાન્ય રીતે ઘડપણમાં થાય છે; પણ કોઇને જુવાનીમાં જ આમ રંગ બદલાવા માંડતાં આપણું ધ્યાન ખેંચાય છે. આના કારણરૂપ કામનો સતત બોજો, આઘાતો કે લાંબા વખતનો તીવ્ર ઉદ્વેગ, લાગણીઓનો સતત ઉશ્કેરાટ, ન્યૂરેસ્થિનિયા (જ્ઞાનતંતુનો વ્યાધિ) અનારોગ્ય વગેરે મનાય છે.

વિજ્ઞાનીઓની એવી ગણતરી છે કે વાળ મહિનામાં અરધો ઇંચ વધે છે: રાત કરતાં દિવસે અને શિયાળા કરતાં ઉનાળામાં વધારે ઝડપથી. લંબાઈમાં તે ત્રીસ ઇંચથી માંડી ત્રણ કે ચાર ફૂટ જેટલા લાંબા થાય છે. વાળના આયુની અવધિ છે. પાંપણોના વાળ છ મહિના ટકે છે, માથાના વાળ ત્રણથી પાંચ વર્ષ, અને સ્ત્રીઓના સાત વર્ષ સુધી. નિતંબ સુધી લાંબા પથરાતા કિશોરીઓના કેશકલાપમાં તો જન્મના પહેલા વર્ષે ઊગેલા વાળ હોવાનો પણ સંભવ છે.

તાલ

પણ બહુ ખરતા વાળ અને તાલ ચિંતાનું કારણ થઈ પડે છે. ચીનાઓ અને આઇરિશ લોકોને તાલ જ નથી પડતી! સ્ત્રીઓમાં પણ તે જવલ્લે જ હોય છે. પોષણનો અભાવ કે અછત, તાવવાળી લાંબી માંદગી, અંતઃસ્રાવી ગ્રંથીઓના સ્રાવોમાં ફેરફાર (જેના કારણે સ્ત્રીઓ સુવાવડ પછી વાળ ખરે છે), અનુવંશ સંસ્કાર, વારંવાર વાળ કપાવવાથી માંસપેશીઓની વાળની પકડ ઢીલી પડવી વગેરે વગેરે તાલ પડવાનાં કારણો હોય છે. પુરુષોમાં ટેસ્ટોસ્ટેરોન નામના અંતઃસ્રાવી ગ્રંથીરસની અસરની ચે માથાની ચામડીની ચેની ચરબી ઓછી થાય છે. વળી ચિંતા ને વિવિધ મનોવ્યાપારોને લીધે થતી મોંની માંસપેશીઓની હીલચાલથી તાળવાની લોહીની નળીઓ સંકોચાય છે, એને પરિણામે પણ તાળવાના વાળને અપૂરતું પોષણ મળવાથી વાળ ખરી પડી ધીમેધીમે તાલ પડે છે.

દંત-વિજ્ઞાનીઓ કહે છે કે દાંતના સડાને લીધે થતી જ્ઞાનતંતુઓ ઉપરની અસરને પરિણામે પણ લમણાના વાળ એકદમ ધોળા થવા માંડે છે. વળી દાંતનાં દરદોને લીધે વાળ ખરવા પણ માંડે છે. શરૂઆતમાં તાલનો વિસ્તાર થોડો પણ સંખ્યા એકથી વધારે હોય છે, જે આગળ ઉપર એકઠી થઈ જઇને મોટી તાલમાં પરિણમે છે.

વિટામિન 'એ', 'બી' જૂથનાં તથા 'સી' વિટામિનો, લોહ, તાંબું, આયોડીન અને ઍમાઇનો ઍસિડો વાળ ઊગવાનું અને તેના

સુભાષિત

અનેક પ્રકારના વિનોદમાં કાવ્યનો વિનોદ ઊંચા પ્રકારનો કહેવાય છે. એટલે જ એક કવિ કહે છે કે બુદ્ધિમાન લોકોનો સમય કાવ્યશાસ્ત્રના વિનોદમાં પસાર થાય છે જ્યારે મૂર્ખોનો નિદ્રા, કજિયા કંકાસ કે વ્યસનમાં પસાર થાય છે. કવિઓના એવા વિનોદમાંથી જીવનને ઉપયોગી સૂત્ર પણ મળી આવે છે. એકવાર એક આશાવાદી અને એક નિરાશાવાદી કવિ વચ્ચે આ પ્રમાણે વિનોદ થયો. નિરાશાવાદી બોલ્યો:

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्
भास्वानुदेष्यति हसिष्यति पंकजश्री:।
इत्थं विचिन्तयति कोषगते द्विरेफे
हा हंत हंत नलिनी गज उज्जहार॥

અનુવાદ

રાત્રી જશે, અરુણતેજ રુડું થશે, ને
ઊગે દિવાકર હસે નવ પંકજશ્રી;
પૂરાયલો ભ્રમર એમ વિચારતો જ્યાં
હા! હા! ગજે રમતમાં નલિની ઉખાડી.

આ સાંભળી આશાવાદી બોલ્યો કે 'આવું રોવું કેમ બોલે છે? હું તો આમ કહું:' એમ બોલી તેણે છેલ્લી લીટી આ રીતે ફેરવી:

मार्तंडमंडलमखंडमथाविरासीत्॥

માર્તંડ મંડલ અખંડ તહીં પ્રકાશ્યું.

[વિવરણ: પહેલા શ્લોકમાં, સ્નેહથી કમળમાં બિડાઈ ગયેલો ભમરો હાથીએ કમળ ઉખેડી નાખવાથી નાશ પામ્યો એ નિરાશાવાદ; અને બીજામાં સવારે સૂર્યોદય થતાં કમળ ફરી ખીલ્યું ને ભમરો જીવતો રહ્યો એ આશાવાદ. આ જગતમાં બન્ને બને છે. પશ્ચિમમાં આને માટે એક ઉક્તિ જાણીતી છે: પોતાનો પ્યાલો અધૂરો જોઈને નિરાશાવાદી કહેશે કે મારો પ્યાલો અરધો 'ખાલી' છે, જ્યારે આશાવાદી કહેશે કે મારો પ્યાલો અરધો 'ભરેલો' છે. જીવન તો છે તે છે. તેને કેવી દૃષ્ટિથી જોવું એ આપણા પોતાના ઉપર જ આધાર રાખે છે.' —૨. ભી.]

રંગનું નિયમન કરનારાં દ્રવ્યો છે. આ દ્રવ્યોવાળો (લાલ તલનું તેલ, ગોળ, આમળાં, બ્રૂઅર્સ યીસ્ટ, કોપરું વગેરે) સપ્રમાણ ખોરાક લેવાથી ધોળા થતા અને ખરતા વાળ અટકે છે. વળી વાળમાંનો ખોડો પણ (ખોડાની પતરી એ ચામડીના ખરી પડેલા કોષો છે) વારંવાર ધોઈ-ઓળી સાફ રાખવો જોઈએ દિવસમાં એકવાર વાળ આંગળીઓ વતી ખેંચવા-તાણવા જોઈએ. આથી ત્યાં લોહીનો પ્રવાહ વધી વાળનાં મૂળોને પોષણ મળે છે, ને પોષણ મળતાં વાળ ખરતા અટકે છે.

મુદ્રાછાપ

હાથની આંગળીઓનાં ટેરવાં પર વિધવિધ પ્રકારના વળાંક લેતી આછી કરચલીઓ (Ridges) હોય છે. શાહી વડે લેવાતી તેની મુદ્રાછાપ તો જાણીતી છે. દુનિયાભરની વ્યક્તિએ વ્યક્તિએ એ મુદ્રા તદ્દન જ જુદીજુદી અને વિશિષ્ટ ભાત તથા પ્રકારની હોય છે. કોઈ પણ બે માણસોની દસે આંગળીઓની મુદ્રાછાપ પૂરેપૂરી મળતી નથી આવતી. કેવી અદ્‌ભુતતા! વળી તે ચિરસ્થાયી પણ છે. અકસ્માત કોઈના હાથની ચામડી બળી જઈને નવી આવે તોપણ આ મુદ્રાછાપમાં લેશમાત્ર ફેરફાર થતો નથી! પણ ચામડી જો ઊંડે સુધી બળી જાય તો ત્યાંની સ્વેદગ્રંથીઓ અને વાળનાં મૂળ પણ બળી જાય છે. તો પછી બળેલી ચામડી ઉપર નથી ઊગતા વાળ કે નથી થતો પરસેવો.

હસ્તરેખા

મુદ્રાછાપ કરતાં યે હથેલીની રેખાઓ તરફ મોટા ભાગના લોકોનું ધ્યાન વધુ દોરાય છે. એ રેખાઓની લંબાઈટૂંકાઈ, વળાંકની આકૃતિઓ વગેરે ઉપરથી રચાયેલા આનુમાનિક હસ્તરેખા-શાસ્ત્રમાં કોને રસ નથી પડતો હોતો? પણ આના ઉપર બહુ વજૂદ રાખવા જેવું નથી. સાંધાવાળા જે ભાગો વળેલા રહે છે ત્યાં કાપા અને રેખાઓ પડવી સ્વાભાવિક છે. ગર્ભાવસ્થામાં બાળકની હથેલીઓ બંધ રહેતી હોવાથી તેમાં આ રેખાઓ અંકાય છે. પછી મોટપણે વ્યક્તિઓની પ્રવૃત્તિઓ અનુસાર, તેમજ મનોવ્યાપારની અસરો નીચે માણસના મોંની માંસપેશીઓની સાથોસાથ હાથની આંગળીઓ અને માંસપેશીઓનું પણ હલનચલન થાય છે. વળી દરેકના પોંચા પણ વિશિષ્ટરીતે જ રહે છે. આ બધાની અસરો નીચે હાથમાં નવી રેખાઓ ફૂટે છે અને જૂની ભુંસાય છે. છતાં કોઈને જો હાથની રેખાઓ પરથી ભવિષ્યના કથન ઉપર વિશ્વાસ પડતો હોય તો તેણે એટલું તો યાદ રાખવું કે વ્યક્તિની વર્તમાન પ્રવૃત્તિ (અને તેના અંગે થતા વિચારો) અનુસાર તેની ભવિષ્ય દર્શક રેખાઓ અંકાય છે.

તલ મસ અને લાખાં

ચામડી ઉપરના તલ, મસ ને લાખાં પણ આપણું ધ્યાન દોરે છે. તલ અને લાખાં ચામડીની એકઠી થયેલી રક્તવાહિનીઓને અંગે છે; જ્યારે મસ રંગકણોને લીધે. એમનાં કદ ને આકારનું કોઈ ધોરણ નથી, તેમ એમનાં સ્થાન પણ અનિશ્ચિત હોય છે. પણ ચહેરા ઉપર તેમની હાજરી સૌંદર્ય વધારનાર કે બગાડનાર હોય છે. પ્રિયાના ગાલના તલ માટે કવિ હાફિઝે સમરકંદ અને બોખારાના પ્રદેશો ન્યોછાવર કરી દેવા સુધીની તત્પરતા દર્શાવતી બેત ક્યાં નથી રચેલી?

આ બધી નિશાનીઓમાં કેટલીક જન્મ સાથે શરીર ઉપર આવે છે, જ્યારે કેટલીક મોટપણે. બીજા પ્રકારની નિશાનીઓ પણ ચામડીનાં પડોમાં સંતાઈને તો પડેલી જ હોય છે, પણ તે ચામડીનાં સખત તંતુઓને ભેદીને જ્યારે સપાટી ઉપર ઉપરી આવે છે ત્યારે આપણને નવીન જ ઊગતી હોય એમ લાગે છે, પણ ખરી રીતે તો તે વ્યક્તિની ઉંમર જેટલી જ ઘરડી હોય છે.

મસ સપાટ હોય કે ઉપસેલો; તેના ઉપર વાળ હોય કે ના પણ હોય. તે પોચો હોય કે સખત પણ હોય. પણ ૪૦-૫૦ની ઉંમર બાદ ચામડી ઉપર કદાચ મસ જેવી રંગની વિકૃતિ થઈ આવે તો તે તરફ સજાગ રહેવું. કેમકે કદાચ—ક્વચિત્ તે ચામડીના કૅન્સરની નિશાનીરૂપ પણ હોઈ શકે. પણ આવું તો જવલ્લે જ હોય છે.

ચામડી પર સૂર્ય-તાપની અસર

શરીર પરત્વે ચામડીનું કામ બેવડું છે. એક તો તે સૂર્યપ્રકાશથી અંદરના અવયવોનું રક્ષણ કરે છે, અને બીજું સૂર્યપ્રકાશની મદદ વડે દેહ માટે અત્યાવશ્યક અને ઉપયોગી વિટામિન 'ડી' ઉત્પન્ન કરે છે. આપણી સ્વેદની અને મેદસ્વી ગ્રંથીઓના સ્રાવોમાં કોલેસ્ટેરોલ અથવા અર્ગોસ્ટેરોલ નામનું એક ચરબીવાળું દ્રવ્ય હોય છે. આના ઉપર સૂર્યનાં અલ્ટ્રા-વાયોલેટ કિરણો રાસાયણિક ક્રિયા ઉપજાવીને વિટામિન 'ડી' પેદા કરે છે. આ વિટામિન શરીરમાં કૅલ્શ્યમ અને ફૉસ્ફરસના પાચનનું નિયમન કરે છે. તેનાથી હાડકાં અને દાંત મજબૂત બને છે. આની ઊણપ કે અછતને લીધે બાળકોને બાળશોષ (રિકેટ્સ) અને સ્ત્રીઓને ઑસ્ટોમેલેશિયા નામના રોગો થાય છે. આપણા દેશમાં સ્ત્રીઓ અને બાળકોમાં આ રોગોનો બહોળો ફેલાવો છે અને તેને માટે કૉડ કે બીજી માછલીઓનાં તેલ દવારૂપે આપવામાં આવે છે. પણ જો શરીર પોતે જ સૂર્યપ્રકાશમાંથી વિટામિન 'ડી' બનાવી લેતું હોય તો પછી લગભગ બારે માસ સૂર્યપ્રકાશથી ઝળહળતા રહેતા આપણા દેશમાં આ રોગનું સ્થાન ક્યાંથી સંભવી શકે? એટલે આમાં દોષ તો છે આપણી ટેવો અને રિવાજોનો. કૉંક્રીટનાં આલીશાન મકાનોમાં આપણે દિવસના પણ ભરાઈ રહીને વીજળીના કૃત્રિમ પ્રકાશમાં કામગરા રહીએ છીએ. સભ્યતાના ખોટા ખ્યાલમાં તણાઈને આપણે બાળકોને પુષ્કળ કપડાં પહેરાવી સૂર્યપ્રકાશથી વંચિત રાખીએ છીએ આવી જ દશા પરદેનશીન સ્ત્રીઓની પણ છે. બાળકોને ખુલ્લા શરીરે સૂર્યપ્રકાશમાં રમવાફરવા દેવાં જોઈએ. પરદા રાખનારી સ્ત્રીઓનો અને આલીશાન મકાનોમાં ગોંધાઈ રહેનારાંઓનો કાર્યપ્રદેશ ખુલ્લામાં હોવો ખાસ જરૂરી છે.

ઉઘાડા શરીરે સૂર્યપ્રકાશમાં બેસવાના ઘણા ફાયદા છે. સૂર્યનાં ત્રણ પ્રકારનાં કિરણો છે. આમાંનાં બે—ઈન્ફ્રા રેડ ને અલ્ટ્રા વાયોલેટ અદૃશ્ય છે. ઈન્ફ્રા રેડ કિરણો બાહ્ય ત્વચાને ભેદી આંતર ત્વચામાં આવેલી લોહીની નળીઓ સુધી જાય છે. અલ્ટ્રા વાયોલેટ કિરણો જોકે બાહ્ય ત્વચાના પડ સુધી જ પ્રવેશે છે, છતાં આમાંનાં થોડાં તો છેક લોહીની નળીઓ અને જ્ઞાનતંતુઓ સુધી જાય છે. આ કિરણોની અસરથી ચામડી ઉપરના રોગ-જીવાણુઓ તથા ફૂગ નાશ પામે છે. વળી આના પ્રભાવથી જ ચામડી તાંબાવરણી બને છે કે તેના ઉપર કાળાશ આવે છે. આ પણ સહેતુક છે. એ રંગને લીધે કિરણોની વધુપડતી અસરમાંથી ચામડીને રક્ષણ મળે છે.

કિરણોનો ત્રીજો પ્રકાર તે રાતાં કે પ્રકાશિત દૃશ્યમાન કિરણો. તે ચામડીનાં બંને પડોને ભેદી માંસપેશીઓ સુધી પહોંચે છે. તેમનું તેજ ગરમીમાં પરિવર્તન પામે છે અને તેની અસરથી લોહી તથા લસીનો પ્રવાહ ઝડપી બને છે તથા લોહીમાંના જંતુભક્ષક ધોળા કણો સચેતન બનીને કાર્યમાં વેગ ધારણ કરે છે અને વિટામિન 'ડી' પેદા થઈ લોહીમાં ભળે છે. આ બધાંના પરિણામે શરીરમાં ચેતના અનુભવાય છે, અને રોગો સામે લડવાનું બળ તથા પ્રાણશક્તિ વધે છે.

એટલે જેનાથી બને તેણે સવારના કૂમળા તાપમાં ઉઘાડા શરીરે સૂર્યસ્નાનનો લાભ લેવો જોઈએ. પણ ત્રણ કલાકથી વધારે સમય સૂર્ય-તાપમાં બેસવાથી વિટામિન 'ડી' બનાવવાની ચામડીની ક્રિયા નાશ પામે છે, માટે તાપમાં સતત બેસી રહેવા કરતાં થોડાથોડા

સમય બેસવાથી સારી અસર થાય છે. વળી શરીરના થોડાક ભાગ ઉપર પડતી સૂર્યતાપની અસર પણ આખા શરીરમાં ગુણ આપે છે. પરંતુ સૂર્યનાં કિરણોની અસરથી લોહીનું દબાણ વધતું હોવાથી ફેફસાં અને હૃદયના રોગીઓએ સૂર્યતાપમાં નહિ બેસવાની સાવચેતી રાખવી જોઇએ. વળી માથા અને બોચી ઉપર સૂર્યનાં ઍક્ટિનિક કિરણો પડવાથી ત્યાં લોહીનો ભરાવો થાય છે અને આથી શરીરમાં અમુક વિક્રિયાઓ થાય છે. આ માટે ગરમ પ્રદેશમાં (ખાસ કરીને ઉનાળામાં) માથા ઉપર ટોપી કે ફેંટો પહેરવો અત્યંત જરૂરી છે.*

પણ સામાન્યરીતે તો સૂર્યકિરણો ચામડીના દોષો દૂર કરનારાં ને આરોગ્યનાં અમી વર્ષાવનારાં છે. આથી સૂર્યને વેદમાં सूर्य आत्मा जगतस्तस्थुषश्च(જગતની ચરાચર વસ્તુઓનો આત્મા)કહ્યો છે ને તેને મોટામાં મોટું ઔષધ તથા પૂષન (પોષક) ભાખ્યો છે. આરોગ્યપૂર્ણ દીર્ઘાયુ ભોગવનારા આપણા ઋષિમુનિઓ ઉઘાડા શરીરે ઊગતા ને આથમતા સૂર્ય સમક્ષ ઊભા રહી પ્રાર્થતા કે हृद्रोगं मम सूर्य हरिमाणं च नाशय। (હે સૂર્ય, મારા હૃદયના–અંતસ્થ રોગ અને ચામડીની પીળાશ–ફિક્કાશનો નાશ કર). નથી લાગતું કે આપણે સૂર્યનું શરણ વિસરી જઇ આરોગ્ય અને આયુનો ક્ષય નોતરીએ છીએ?

ચામડી—શરીરનું એક વિશિષ્ટ અંગ

આમ, ચામડી શરીરનું ફક્ત ઢાંકણ નથી, પણ એક જીવંત અંગ છે તે આપણે જોઇ ગયા. એટલે તેની ચોખ્ખાઈ અને પોષણ ખાસ મહત્ત્વની બાબતો છે. આખા શરીરમાં કોઈ અવયવ આપણી વિશેષ માવજત અને દરકાર પામતું હોય તો તે ચામડી જ છે, કારણકે તે સૌંદર્ય દર્શાવવાનું સાધન છે. પણ આમાં યે ભાતભાતના સ્નો-સાબુ, પાઉડરો, લિપસ્ટિક વગેરે લગાડવાની મૂર્ખાઈઓ પણ હોય છે જ. ચામડી ઉપરનાં ધૂળ, ચિકાશ અને મેલ દૂર કરવા માટે સાબુનો ઉપયોગ કરવો ઠીક છે, પણ તેમાં યે થોડું લક્ષ રાખવાની જરૂર છે. શરીરની કુદરતી ચિકાશને ધોઈ નાખે એટલી હદ સુધી સાબુ ન વાપરવો. ખૂબ સાબુ લગાડીને ધોએલું મોં ફિક્કું, નિસ્તેજ ને લુખ્ખું દેખાય છે, લાવણ્યમય નહિ. વળી સાબુ લગાડીને બીજી જ સેકન્ડે ખૂબ પાણી વતી તેને બરાબર રીતે ધોઈને કાઢી નાખવો જોઇએ,–ભલે સાબુની સુગંધ જતી રહે. વાળની શુદ્ધિ માટે તો સાબુ–સોડા હરગીઝ ન વાપરવાં,(આ ક્ષારોથી વાળ ધોળા થાય છે) પણ આમળાં, અરીઠા કે ચીકાખાઇ જેવા ક્ષારવર્ગીય પદાર્થો વાપરવા.

પાઉડર છાંટવાથી આપણી પરસેવાની તથા મેદસ્વી ગ્રંથીઓનાં છિદ્રો પુરાઇ જાય છે. પરિણામે એમાંનો સ્રાવ (એટલેકે વ્યયદ્રવ્યો) બરાબર બહાર નથી આવી શકતો. આપણી ચામડી જોકે દેડકાં વર્ગના પ્રાણીઓની જેમ શ્વાસ-ઉચ્છ્વાસનું ભારે કામ તો નથી કરતી, પણ થોડા અંશે યે તે દ્વારા આ ક્રિયા પણ થાય છે ખરી. બાકી માનવી તો એવો છે કે તે રૂપાળો દેખાવા ખાતર શરીર પર વાર્નિશ લગાડવા સુધીની મૂર્ખાઈ કરવી પણ છોડે તેમ નથી! પણ આમ કરવામાં આવે તો વ્યક્તિનું નિશ્ચિત મોત જ થાય છે. આના કારણરૂપ શરીરનાં વ્યય-દ્રવ્યો બહાર નીકળી ના શકે એ જ નથી, પણ એથી તો શરીરનું આખું ગરમી-નિયમન-તંત્ર જ તૂટી પડવું એ છે.

વળી ચામડીનું કાર્ય યથાર્થ રીતે થવા દેવા માટે શરીર ઉપર વધારેપડતાં કપડાં પહેરવા પણ યોગ્ય નથી. ચામડીને કપડા વતી ખૂબ ઢાંકેલી રાખવાથી તે 'અશક્ત' બને છે ને પોતાનું કાર્ય બરાબર રીતે ઉપાડી નથી શકતી. દાખલા તરીકે આપણા મોંની ચામડી ખૂબ પાતળી છે, છતાં યે ત્યાં બહુ ઠંડી નથી લાગતી. હાથના પોંચાનું પણ એવું છે. પણ પગનાં તળિયાંની સખત અને જાડી ચામડી પણ ઠંડીમાં ચમચમે છે! કારણ? કારણ કે આપણે પગને પગરખાં વતી ઢાંકેલા જ રાખીએ છીએ! આપણી છાતી, પીઠ વગેરે શરીરના જે ભાગ વધુ ઢંકાએલા રહે છે ત્યાં ઠંડી વધુ લાગે છે ઉઘાડા રહેતા ભાગોમાં નહિ; કારણ કે ઉઘાડા ભાગો ઠંડી સહેવા ટેવાએલા છે. આમ, આપણા શરીરમાં ટેવ એ મહત્ત્વની બીના છે. દાંતને પૂરતું ચાવવાનું ન મળતાં તે નકામા બની જાય છે એ જેમ આપણે જોઈ ગયા તેવું જ ચામડીનું પણ છે. અરધા-પરધા ઉઘાડા રહેતા ગરીબ અને સાધુ લોકોની ચામડી આવી જ રીતે ટાઢ-તડકો સહેવા શક્તિમાન બને છે.

વળી ઔષધ ગ્રહણ કરવાના ચામડીના ગુણ વિષે પણ ભૂલવું ન જોઇએ. આમ તો ચામડી જલાભેદ્ય છે, પણ તે કેટલાંક ઔષધોને શોષે છે. પારાની ઔષધિઓ, કૉડલીવર ઑઈલ ને અંતઃસ્રાવી ગ્રંથીઓની દવાઓ ચામડીમાં ઘસવાથી શોષાય છે. આ રીતે સિફિલિસ, રિકેટ્સ વગેરે રોગોના ઉપચાર થાય છે. વળી કૉલેરા, બળિયા, ટાઇફૉઇડ અને ડીપ્થેરિયાની રસી ચામડીમાં આપવાથી પ્રતિકણો (ઍન્ટીબૉડી)પેદા થાય છે ને તે તે રોગોના હુમલાસામે રક્ષણ મળે છે.

ચામડી અને શરીરના બીજા અવયવો તથા મધ્યવર્તી જ્ઞાનતંત્ર વચ્ચે ઘનિષ્ટ સંબંધ છે. એના બગાડની તથા વિચાર ને સંવેદનોની જ્ઞાનતંતુઓ ઉપરની અસરો ચામડી ઉપર છતી થાય છે. આંતરડાંના બગાડના પરિણામે શીળવા–શીળસ(અરટીકેરિયા) થાય છે. ભીડમાં ભીંસાતી વખતે મોં લાલચોળ થાય છે. ઉશ્કેરાટ ને ક્ષોભમાં હથેલીઓ પસીનાથી ભીની થઈ આવે છે. ભયભીત અવસ્થા ને વિકૃત મનોવ્યાપારને લીધે ચામડી ઉપર નાનીનાની ફુણસીઓ ઉપસી આવે છે.

આમ, ચામડી પણ શરીરનું એક અદ્ભુત ને વિશિષ્ટ અંગ છે. તેની રચના અને કાર્યો પણ એટલાં જ અદ્ભુત છે. (ચાલુ)

*પાછળ લંબાવેલા ભાગવાળી અંગ્રેજોની સોલર હૅટ, આપણી પહોળી પાઘડીઓ તથા ફેંટા, અરબો વગેરે ગરમ પ્રદેશના વતનીઓના માથાના એવા જ વિશિષ્ટ પહેરવેશો વગેરેની પાછળ આ જ ઉદ્દેશ રહેલો છે.

એક: ડાકટરે તમારૂં ટેમ્પરેચર લીધું હતું?

બીજો: એ તો કોણ જાણે, હજી સુધી તો મારૂં ઘડિયાળ જ ચોરાયું છે.

∽

કનુ: ચંદ્ર સુધી પહોંચાડવા માટે દોરીનાં કેટલાં પિલ્લાં જોઇએ?

મનુ: મને ખબર નથી, કેટલાં?

કનુ: એક જ—જો તે એટલું લાંબું હોય તો.

∽

વિજ્ઞાન શિક્ષક: ઑક્સિજન એટલે પ્રાણવાયું. તે પ્રાણીમાત્રને માટે ઉપયોગી છે. એના વિના કોઈ જીવી જ ન શકે. હજી એક સૈકા પહેલાં જ તેની શોધ થઈ.

વિદ્યાર્થી: તો એ શોધાયા પહેલાં લોકો કેમ જીવતા હશે, સર?

∽

જમનારો (હોટેલના પીરસનારને): આ રોટલી એટલી ચવડ છે કે મારાથી ચવાતી પણ નથી. બોલાવ તારા મૅનેજરને.

પીરસનારો: એથી કાંઈ વળવાનું નથી.

જમનારો: કેમ?

પીરસનારો: એ પણ ચાવી શકવાના નથી.

∽

પતિ: આટલેથી મોટર ગામમાં ખેંચી જવાના આ મજૂરો પંદર રૂપિયા લેશે એ તો જુલમ કહેવાય.

પત્ની: કાંઇ વાંધો નહિ; હું એમનો બરોબર કસ કાઢીશ. મેં એક ઉપર જ પગ દાબી રાખ્યો છે.

કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરની આત્મકથા

જોડાસાંકોર* ધારે

તેમને મુખેથી સાંભળીને લખનાર · **શ્રીમતી રાણી ચંદ**
બંગાળીમાંથી ઉતારનાર · **રમણિક મેઘાણી**


હેલી

આ એક વાદળિયા દિવસની વાત છે. વા-વંટોળ ને વર્ષા સાંજથી જ શરૂ થયેલાં. પણ કંઈ અજબ હતાં એ વંટોળ ને વર્ષા! પવનના સુસવાટાથી અમારું જોરાસાંકોનું ત્રણ માળનું મકાન આખું જાણે થરથર કંપતું હતું. પાકી છાબંધ અગાશીમાં ચિરાડ પડીને એ વાટે ઉપરનું પાણી અમારા સૂવાના ઓરડામાં ચૂતું હતું. દાસીઓ દીવા પેટાવતી ને પવનના ઝપાટાથી એ વારેવારે ઓલવાઇ જતા. દાસીઓએ પથારીઓના વીંટા કરી અમને નીચે લઇ જઈ બીજા માળના 'નાચ-ઘર'માં સુવાડ્યા હતા. બા–બાપા, ફઈ–ફૂઆ, છૈયાં-છોકરાં, ચાકર–ચાકરડી અમે સૌ એ એક જ ઓરડામાં હતાં.

થોડીક વાર ઊંઘીને તો થોડીક વાર જાગીને એમ એ રાત વિતાવી. વળતે દિવસે પણ આકાશમાં ઉઘાડ નહોતો થયો. સવારે કાગડા બોલ્યા નહિ, મચ્છી બજારમાં માછલી આવી નહિ, પાનવાળો પાન લાવ્યો નહિ. શશી હજામે આવીને ખબર આપ્યા કે શહેરની શેરીઓમાં કેડ સમાણાં પાણી ભરાયાં છે.

'ઓ દેવા મા'રાજ! આજે શું બનાવવાના છો?' અને જવાબમાં 'ભાતે ભાત ખિચુડિ' (એટલે રીંગણાં બટાટા વગેરે શાકની સાથે જ રાંધેલી ખીચડી) કહેતા. હાથમાં કડછી સાથે એ રસોડા બાજુ ચાલ્યા ગયા. સિગરામ તે દિવસે ઑફિસ જઇ ન શક્યો. બૅન્કમાં કામ કરનારા બાબુઓ તે દિવસે ગાડાંમાં બેસી, તિરપાલનું વરસાદિયું ઓઢી કામે ગયા. સિંગીનું તળાવ ઊભરાઈ ગયું છે અને તેમાંથી માછલાં બહાર નીકળી આવ્યાં છે ને શેરીના લોકો એને પકડી તળી-તળીને ખાય છે, એવા ખબર હીરૂ મહેતરે આપ્યા કે તરત અમારો એક નોકર બિપિન નાનકડી હોડી હંકારતો શહેરની નાની મોટી શેરીઓમાં ફરવા નીકળી પડ્યો અને સાથે સાથે અમારી કાગળની હોડીઓ પણ વહેવા લાગી. બગીચાની ઘુમરીમાં થઇને એ ઝપાટા-બંધ ચાલ્યા જતાં વહેણમાં પડી આગળ દરવાજાનાં લોઢાનાં સળિયા સાથે અથડાઈને ત્યાંના કાદવિયા કળણમાં ઉથલી પડતી.

સાત દિવસ ને સાત રાત સતત વર્ષાની રમઝટ બોલી. 'શેકાય મટર, શેકાય અડદ અને ભિંજાય છત્રી' જ્યાં જુઓ ત્યાં બધે ભીનાં ધોતિયાં, ને સાડી પડદાની જેમ હવામાં ઝૂલે, ને એને છાંયડે છાંયડે રમતાં દિવસ આખો ભમવાનું. સાંજથી જ દેડકાઓનું ડ્રાઉં ડ્રાઉંનું સંગીત શરૂ થઇ જતું અને રાત્રે સંભળાતો મચ્છરદાની ફરતા ગણ-ગણતા મચ્છરોનો ગણગણાટ. ચાકર–ચાકરડી, મુનિમ-મહેતાજી સહુને માથે ગોળ તાડછાની છત્રી હોય. ત્યારે સોલા હૅટ, વૉટરપ્રુફ કે રેઈન કોટ નહોતાં. આબાલ વૃદ્ધ સૌ ભેગાં મળીને ત્યારે વાર્તા-વિનોદ કરતાં. નાનાંમોટાં સૌ ભેગા બેસી ટાઢા પહોરની હાંકતા અને ગડગડતા હોકામાંથી દેડકાંનો અવાજ સંભળાતો ગુહુક...ગુહુક...




ઈનામ

આજે જોઉં છું કે નાનાં બાળકો બે હાથમાં આસન-ચોપડી લઈને લહેરથી હો–હા કરતાં ભણવા ચાલ્યાં જાય છે. કેટલી ચપળતા છે એમનામાં! આ રીતે ભણવા મળ્યું હોત તો હું પણ કદાચ થોડુંક ભણી શક્યાં હોત. અમારે તો ઘરની પાસે જ હતી નૉર્મલ સ્કૂલ. પણ એથી શું? મારી મેરે હું કદી યે નિશાળે નથી ગયો. નિશાળથી નાસતો ભાગતો ફરતો. આજે પેટમાં દુખવાનું તો કાલે માથું દુખ-વાનું બહાનું કાઢતો. પરંતુ કેમે ય કર્યું એમાંથી છુટાતું નહિ. સ્કૂલે જવા ગાડી દરવાજે આવીને ઊભી રહે અને હું ચીસાચીસ પાડી બૂમરાણ મચાવું: 'નહિ જાઉં, કેમે ય કર્યો નહિ જાઉં.' પણ નોકરો જબરદસ્તી કરી ગાડીમાં બેસાડ્યે જ રહે. મનમાં થાય કે આ ગાડીનાં બંને પૈડાં મારા પર થઇને ચાલ્યાં જાય ભલે, પણ નિશાળે નથી જવું. પણ એ આકરી ખેંચતાણમાં હું આવડોક છોકરો શે ટકી શકું? હું રહું એની ક્યારેક ક્યારેક નાનાં ફૈબાને દયા આવે અને એ કહે 'એ ગુનુ[1], અવો[2] આજ નિશાળે નહિ આવે.' આમ ક્યારેક ક્યારેક નાનાં ફૈબાના બોલથી મુક્તિ મળી જતી. પણ મોટાભાગે તો નોકરો ટીંગાટોળી કરીને ગાડીમાં બેસાડી જ દેતા ને ગાડીનું બારણું વાસી દેતા. અને ગાડી ચાલવા માંડતી. બીજું શું કરું? લેર કંઈ કામ

૧ ગુનુ=મોટાભાઈ ગગનેન્દ્રનાથ ટાગોર; ૨ અવો=અવનીન્દ્રનાથ.

*'જોડાસાંકો'–જોરાસાંકો તેમના નિવાસસ્થળનું નામ; 'ધારે'=કિનારે, આરે, સીમાઓમાં, ટેકરીની ટોચે; 'ર' છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય.

ન આવતાં બંદી દશામાં બેઠ આંખનાં આંસૂ લૂછી હું ગુમસુમ બેઠો રહેતો. નિશાળ મને દીઠીયે ન ગમતી. છતાં ત્યાં કંઈક ગમતું તો તે એક ઓરડામાં કાચના કબાટમાં રાખેલાં રમકડાં : એક મોટી સ્ટીમર અને થોડાક વિવિધ આકારના શંખ. વધુ ભાગનો વખત હું નિશાળમાં એ કબાટ સામે બેઠોબેઠો એ રમકડાં જોવામાં કાઢતો. મારા ચિત્રશિક્ષણનો એકડો મેં ત્યારે ઘૂંટ્યો. બીજી કંઈ વિદ્યા તો આ હાથે ન ચડી, પણ સુભાગ્યે એ વિદ્યા થોડીક આવડી ગઇ.



માટીનો એક કૂજો અને એક પ્યાલો, આ બે હતાં મારા ચિત્ર-શિક્ષણનાં સૌ પહેલાં પ્રેરક સાધન. અમારી બાજુમાં જ મોટા છોકરાઓનો એક વર્ગ હતો. હું અવારનવાર એ વર્ગ તરફ પડતી બારી બાજુ જઇને બેસતો. ત્યાંના માસ્તર લાલ-વાદળી પાણીના શીશા એકબીજામાં ઢાલવતા હતા. લાલ પાણી ક્યારેક વાદળી બની જતું, તો ક્યારેક વાદળી પાણી લાલ બની જતું. તો ક્યારેક વળી એ બેઉનો રંગ ઉડી જતો અને શીસામાં થોડુંક આછું ડોળું પાણી જ નજરે ચડતું! હું એ ધારીધારીને જોતો. મને એમાં બહુ મઝા પડતી. કેમિયા વિદ્યા (કેમિસ્ટ્રી)નો એ વર્ગ પૂરો થયે આવતા સનાતન બાબુ ડ્રૉઇંગ માસ્તર. એક મોટા કાગળ ઉપર મોટો કરીને ચીતરેલો એક માટીનો કૂજો અને પ્યાલો કાળા પાટિયા ઉપર ટીંગાડીને એ માસ્તર કહેતા : 'છોકરાઓ, હવે આ જોઇજોઈ ને ચીતરો જોઉં.' અને બધાં વિદ્યાર્થીઓ તે ચીતરવા માંડતા. પછી માસ્તર એક પછી એક બધાની પાસે જઈ એનું કામ જોતા. એ જ વર્ગમાં હતો અમારી પડખેની શેરીનો ભુલુ. અમે સાથે જ નિશાળે જતાઆવતા, એટલે એને પકડી પાડ્યો ને કહ્યું કે 'કઈ રીતે ઇ કૂજો પ્યાલો ચીતરાય એ શીખવી દે મને ભાઇ!' એની પાસેથી કૂજો ચીતરવાનું શીખીને હું ખુશખુશાલ થઇ ગયો. પછી તો વખત મળે કે તુરત કૂજો ને પ્યાલો ચીતરતો. એમાં યે મને વધુ મઝા આવતી કૂજાના મોંનો ગોળાકાર દોરવામાં. ત્યારે મન કૂવાના દેડકાની જેમ એકદમ કૂજાની અંદર ઊતરી જવા-તેમાં ડૂબકી મારવા ઉતાવળું થતું. ને પેલા કાચના કબાટમાંની સ્ટીમર! એમાં સવાર થઈને સાત સમુદર અને તેર નદીઓને પેલે પાર જવા મન આતુર થઈ જતું. શું ફક્કડ હતી એ રમકડાંની સ્ટીમર? અસલ સ્ટીમરનાં જેવું જ તોતીંગ મોટું ભૂંગળું, બોયાં-દોરડાં વગેરે હૂબહૂ સ્ટીમર જ જાણે.

ભુલુ મને લગભગ રોજ કહેતો : 'તું ભણવામાં જરા હોશિયાર બની જા તો કદાચ આ સ્ટીમર જ તને ઇનામમાં મળી જશે; પણ ભણવામાં ચિત્ત જ ચોંટતું નહિ, પછી ઈનામ ક્યાંથી મળે? એટલે એની જરા યે આશા નહોતી; અને છતાં મનમાં થતું કે એકાદ ઈનામ મળી જાય તો કેવી મઝા?

એકવાર સ્કૂલમાં ઈનામ-સમારંભ ઊજવાયો. એક મોટા ખંડમાં ચારે બાજુએ 'ગૅલેરી' ગોઠવવામાં આવી હતી. એક બાજુએ થોડીક ખુરશીઓ અને એક ટેબલ હતું. રોજ વર્ગ શરૂ થતાં પહેલાં નાનામોટા સૌ છોકરા ત્યાં ભેગા થતા. માસ્તર રજિસ્ટર ઉઘાડી એક પછી એક વિદ્યાર્થીનું નામ બોલતા અને અમે 'પ્રેઝન્ટ સર', 'ઍબસન્ટ સર' એમ હાજરી-ગેરહાજરી પુરાવતા. હાજરી પૂરી થયે કસરત શરૂ થતી. માસ્તર બોલ્યે જતા હતા-'જમણો હાથ ઊંચો! ડાબો ઊંચો! આંગળાં હલાવો! ને અમારા પાંચ ને પાંચ દસ આંગળાં હવામાં હાલતાં-ફૂલ્યાં પાંદડાંની જેમ. તે પછી પગનો વારો આવતો. ડાબો-જમણો ડાબો જમણો કરતા, બહુ જ ધીમો ધબધબાટ કરતા સૌ પોતપોતાના વર્ગમાં ચાલ્યા જતા.

એ જ મોટા ખંડમાં, ઈનામ સમારંભને દિવસે, ટેબલ ઉપર ગુલાબી દોરીથી બાંધેલી ઢગલેઢગલા નાની-મોટી. સોનેરી-રૂપેરી, રંગ-બેરંગી ચોપડીઓ પડી હતી. ખુરશીઓની એક હાર વિશિષ્ટ શહેરીઓ માટે રાખવામાં આવી હતી. અમે બધા છોકરાઓ પણ બહુ વહેલા આવીને ગૅલેરી પર ગોઠવાઈ ગયા હતા. ઇનામ વહેંચાતાં પહેલાં જિતેન બાંડુજ્જેએ કુશ્તીના પ્રયોગો બતાવ્યા, લોઢાની સાંકળ તોડી. લોઢાના મોટા મોટા દડા ઉછાળ્યા ને ઝીલી લીધા. બહુ મોટા પહેલવાન હતા એ.

હવે ઇનામ વહેંચાવાનાં હતાં. હેડમાસ્તર ગોપાળબાબુ—ટાલિયું માથું, પાછળ ટૂંકાટૂંકા વાળ, આજે હું છું એવા જ હતા એ. પણ એમનો વાન જરા વધુ ઊજળો. ગંભીર માણસ હતા એ. હજામત કરાવી, ફિટફાટ થઈ, ગળામાં ચાદર ઝુલાવતા આવીને એ ખુરશીમાં બેઠા. વિદ્યાર્થીઓ કોઇ કાંઇ સમજે કે ન સમજે, પણ આવા પ્રસંગો-એ તો તેઓ અંગ્રેજીમાં જ ભાષણ આપતા. એમનું લાંબુ લચ્ચ ભાષણ એમણે પૂરું કર્યું એટલે એક માસ્તર ઊઠ્યા અને જેનેજેને ઈનામ મળવાનું હતું તેનાં નામ ધીરેધીરે પણ મોટેથી વાંચવા લાગ્યા. પોતપોતાનું નામ સાંભળતાં જ સૌ ઊભા થઈ ને પેલા ટેબલ પાસે જઇને ઊભા રહેતા ને હેડમાસ્તર સાહેબ હળવેકથી એના હાથમાં ગુલાબી દોરીએ બાંધેલું એક ઇનામ મૂકી દેતા. આમ, એક પછી એક ઇનામ અપાતું હતું અને અમે બને તેટલા જોરથી તાળીઓ પાડી ઊઠતા. એ તાળીઓનો શું ગડગડાટ થઇ રહેતો! અમારી હથેળીઓ લાલચોળ થઇ ઊઠતી ને ચમચમવા લાગતી છતાં અમે અટકતા નહિ. એ વખતે ઘણાં ઇનામ વહેંચાયાં હતાં-એમાં ભુલુને પણ એક ઇનામ મળ્યું. સારી ચાલચલગત માટે એક ઈનામ સમર દા'ને પણ મળ્યું. હું એ બધું ચીવટથી જોતો ને વિચારતો કે હવે નક્કી મારું નામ બોલાશે અને મને પણ સમર દા' જેવા કોઇક ગુણ માટે કંઈક ઈનામ નક્કી મળશે. મારું નામ સાંભળવા હું કાન માંડીને બેઠો. છેલ્લું ઇનામ પણ અપાઇ ગયું. છતાં મારે કાને મારું નામ સંભળાયું નહિ. ઇનામ વહેંચવાનું પૂરું થયે માસ્તરો ઊભા થઇ ગયા, છોકરાઓ પણ હો-હો કરતા બહાર નીકળ્યા, અને મારી આંખમાંથી આંસુ ચાલ્યા જવા લાગ્યાં. ભુલુ મને આશ્વાસન આપતો હતો કે 'અરે એમાં શું થઈ ગયું? સરખી રીતે ભણીશ તો આવતે વર્ષે તને પણ નક્કી ઈનામ મળશે.' પણ મન ઓછું એ વાતે માને? ને માગ્યો ભાગ ન મળતાં નાનું બાળક જેમ રડી પડે છે તેવું મારું પણ થયું. આંખમાંથી આંસુ ચાલ્યાં જ જાય. આખરે ભુલુએ કહ્યું, 'તારે ઈનામ જોઈએ છે એ જ વાત છે ને? વારુ આ લે--'અને એટલું કહી એણે પોતાની નોટમાંથી એક પાનું ફાડી સડસડ કરતાં કંઈક લખી એ કાગળ મને આપ્યો. હું માત્ર એટલાથી જ રાજી રાજી થઈ ગયો. અને એ કાગળ ગડી કરીને ગજ-

વામાં મૂકી આંખમાંનાં આંસુ લૂછી ઘેર આવ્યો. બાપુ, ફૂઆ વગેરે દીવાનખાનામાં જ બેઠા હતા. એમણે પૂછ્યું, 'લાવો જોઈએ, કોને કોને શું ઈનામ મળ્યું?' સમરદાએ એનું ગુલાબી દોરીએ બાંધેલું, લેબલ ચોંટાડેલું સોનેરી ચોપડીનું ઈનામ બતાવ્યું. એ જોઇ મેં કહ્યું, 'મને ય ઈનામ મળ્યું છે.' ફૂઆએ કહ્યું, 'બતાવ જોઈએ?' અને મેં ગંભીરતાથી ગજવામાં હાથ નાખી પેલો ગડી કરેલો કાગળ કાઢી એમની સામે ધરી દીધો. કાગળ હાથમાં લઈ એને ફેરવીફેરવીને જોતાં તેઓ ખડખડાટ હસી પડ્યા! અને ત્યારે જ મને ખબર પડી કે પેલા ભુલુએ મને બનાવ્યો હતો. ને મને એ ભુલુ પર ગજબનો રોષ ચડ્યો ત્યારે. રાત્રે ખાવાપીવાનું પતાવી ઝટપટ ઊંઘી ગયો. સવારે ઊઠીને જોયું તો ઇનામ ન મળ્યાનું દુઃખ મનમાં જરા યે નહોતું.

પાડિંગ

ભણવામાં દિલ ચોંટે ક્યાંથી? સ્કૂલની એ પાકી ભીંતથી ઘેરેલા બંધ ઓરડામાં મારો શ્વાસ જાણે ગૂંગળાતો હતો. શક્ય હોય ત્યાં સુધી હું વર્ગની બહાર જ આંટાફેરા કર્યા કરતો. સ્કૂલની બાજુમાં જ શ્યામ મલ્લિકનું મકાન હતું. એમને ત્યાંની એક છોકરી અમારી સ્કૂલમાં ભણવા આવતી. ચપોચપ બાંધનું પહેરણ ને ઈજાર એ પહેરતી, અને લાંબી વેણી ઝુલાવતી ઝુલાવતી સ્કૂલે આવતી. એમને ત્યાં એક પાળેલું કાળું રીંછ રોજ બગીચામાં ચરતું દેખાતું. શાળામાં ઊભોઊભો હું એ રીંછને જોયા કરું. સ્કૂલના ઓરડા બહારનું બધું યે ત્યારે મને ગમતું. સ્કૂલના દરવાજા પાસે થઇને એક રસ્તો જતો. ત્યાં થઇને વિવિધ જાતના લોકો પસાર થતા તેમની આવજા જોતો. પણ એ રીતે જોતાંજોતાં એક દિવસ એક ગજબની વાત બની ગઈ. રોષે ભરાયેલા કાબુલીને કદી જોયો છે? દરવાજા પાસે રોજ અંગુર, બેદાણા વગેરે લઇને કેટલા યે કાબુલી ફેરીવાળા બેસતા. બપોરની રજામાં છોકરાઓ તેની પાસેથી ખરીદીને એ ખાતા. તે દિવસે એવું થયું કે મોટા છોકરાઓમાંથી કોઇકે એક કાબુલીને 'બેઈમાન' કહ્યો. પણ 'બેઈમાન' કહીને પછી જાશે ક્યાં? જોતજોતાંમાં તો કાબુલી બધા રોષે ભરાઈ ઊઠ્યા. દરવાને બુદ્ધિ વાપરીને લોઢાનો મોટો દરવાજો તરત બંધ કરી દીધો. બહાર કાબુલી અને અંદર છોકરાઓ. રસ્તા પરથી ફેંકાવા લાગ્યા ધડાધડ કાબુલી બેદાણા. માથા ઉપર જાણે એકીસાથે અનેક પથરો પડ્યા. જાણો છો ને, આવી મારામારીમાં હું સદા યે સૌની પાછળ જ રહું છું. શિશુબોધ ચાણક્યનો પેલો શ્લોક યાદ છે ને કે 'न गणस्याग्रतो गच्छेत्'. તે બાપુ, સાચું જ કહીશ. હું એમ પાછળ રહીને તૂટેલા બેદાણા વચ્ચેવચ્ચેથી વીણીવીણીને મંડ્યો મોંમાં મૂકવા. એ દિવસના કજિયામાં આખરે જીત્યા તો અમે જ; પરંતુ સ્કૂલમાંથી રજા પછી ઘેર તો જવું પડે ને? કાબુલીઓનો ડર મનમાંથી જતો જ નહોતો. હું પાલખીમાં બેસી, બારણું બરાબર બંધ કરી, બીતાંબીતાં ઘેર પાછો ફર્યો હતો.

નૉર્મલ સ્કૂલના એકેએક પંડિતને જોયા હોય તો સમજાય કે તેઓ કેવા વિદ્વાન હતા. અમને ભણાવતા લક્ષ્મીનાથ પંડિત. એમનું મોં બરાબર મા દુર્ગાના અસુર જેવું હતું! બહુ મોટું એવું માથું, કાળો સીસમ જેવો વાન અને બોયાલ માછલી જેવી લાલ તગતગતી આંખો! એમની પાસે શું ભણું? એ વર્ગમાં હોય ત્યાં સુધી મારું બાળ મન બલિદાનના બકરાની જેમ ધ્રૂજતું. માંડમાંડ એમનો સમય પૂરો થાય ને ઘંટ વાગે ત્યારે હું નિરાંતનો શ્વાસ મૂકતો.

એ પછી આવતા અમારા બંગાળી અને સંસ્કૃતના પંડિત માધવ ભટ્ટાચાર્ય. એ અતિ ભલા, ભોળા ને પ્રેમાળ માણસ હતા. 'શિશુબોધ'માં ચાણક્ય પંડિતનું ચિત્ર છે ને, તેવા જ. મોટી એવી ચોટલી એ રાખતા. એ વખતે એક વાર ધોળે દિવસે તારો દેખાયો અને સ્કૂલમાં ઓચિંતી રજા પડી. વર્ગમાંથી છૂટીને સૌ બહાર આવ્યા. સ્કૂલમાં એક 'ટેલેસ્કોપ' હતો. એના વડે તારો જોવા સૌ કુતાવળા થવા લાગ્યા. હું એ માધવ પંડિત પાસે પત્ર પતતિ વગેરે ઘણી યે સુંદર વાતો ભણેલો. ત્યાંથી હેડમાસ્તરને હાથેપગે લાગીને માંડમાંડ ઉપર ચડ્યો અને ગયો હરનાથ પંડિતના વર્ગમાં. એમનાં બંને જડબાં ગજબનાં પહોળાં અને સખત હતાં. વાતો કરતાં એમનાં જડબાં પહોળાં થતાં ત્યારે એ કંઈક ચાવતા હોય તેવું લાગતું! થોડો વખત એમની પાસે ભણ્યો. આમ કરતાંકરતાં ત્રણ ધોરણ ચડ્યો. પછી વારો આવ્યો માસ્ટર મોશાય પાસે ભણવાનો. એ જ વર્ગમાં અમને અંગ્રેજી ભણાવવા એક માસ્તર આવતા. એમણે એક અંગ્રેજી રીડર લખી, છપાવી એને પાઠ્ય પુસ્તક તરીકે મંજુર કરાવી લીધી હતી. અમારે એ ચોપડી જ ભણવાની હતી. એક દિવસ એવું બન્યું કે વર્ગમાં અંગ્રેજીના માસ્તર અમને ભણાવતા હતા કે P-u-d-d-i-n-g 'પાડિંગ'. મારા માથામાં કોણ જાણે શું ડહાપણ ભરાયું તે હું બોલી ઊઠ્યો કે 'માસ્ટર મોશાય, આનો ઉચ્ચાર 'પાડિંગ' નહિ પણ 'પુડિંગ' થાય. હું એ ચીજ ઘેર રોજ ખાઉં છું.' માસ્તરે મને ધમકાવતાં કહ્યું, 'બોલ, પાડિંગ!' મેં કહ્યું, 'ના, પુડિંગ'! એમણે ફરીફરીને 'પાડિંગ' બોલવા કહ્યું, પણ મેં મારી વાત ન મૂકી. વાહ રે! હું ઘેર રોજ 'પુડિંગ' ખાઉં છું ને અહીં 'પાડિંગ' કેમ કહું? માસ્તરે જિદ લીધી કે એ મારી પાસે 'પાડિંગ' કહેવડાવ્યે જ રહેશે; અને હું બોલ્યે જતો હતો 'પુડિંગ–પુડિંગ–પુડિંગ!' બીજા છોકરાઓ તો આ પ્રસંગ જોઈ થંભી જ ગયા. એમ કરતાંકરતાં આખરે નિશાળ છૂટવાનો ઘંટ વાગ્યો. માસ્તરે સજા કરી કે ચાર વાગ્યા પછી એક કલાક 'કનફાઈન' (કેદ). સ્કૂલ છૂટી ગઈ. ઘેરથી ગાડી લઈને આવેલો રામલાલ મારી રાહ જોતો દરવાજે બેઠો હતો. પણ 'કનફાઈન!' કલાક પૂરો થયા વિના બહાર ન જવાય. સાંજનો નાસ્તોપાણી પતાવી માસ્તર પાછા આવ્યા. વર્ગમાં આવી એમણે કહ્યું 'હવે બોલ પાડિંગ.' હું બોલ્યો 'પુડિંગ.' અને મારો આ જવાબ સાંભળતાં જ વર્ગના દોરીપંખાની* દોરી વડે મારા એક હાથ કસકસાવીને બાંધીને એ બોલ્યા, 'ત્યારે તું જિદ્દી એ નહિ જ બોલે કે? પણ તારે એ બોલવું જ પડશે. જોઉં છું કે તું 'પાડિંગ' કેમ નથી કહેતો!' અને એ મારા વાંસા પર તડાતડ નેતરની સોટી વીંઝવા લાગ્યા. નેતરના મારથી મારો વાંસો અને હાથ લાલચોળ થઈ ગયેલા અને છતાં એમના 'પાડિંગ' સામે હું પુડિંગ પુડિંગ બોલ્યે જ જતો હતો! રામલાલ વ્યગ્ર થઈને વારે વારે વર્ગના બારણામાં ડોકિયું કરીને જોતો કે વાત શી છે? ખેર. આખરે ઘેર આવ્યો. જતાંવેંત જ નાના ફઈબાએ પૂછ્યું કે વાત શી હતી? મારે બદલે રામલાલે જ જવાબ આપ્યો કે 'આપણા આ ભાઈએ આજે સખત માર ખાધો છે.' અને મેં પણ ઝભ્ભો ઉતારી મારો વાંસો અને હાથ બતાવ્યા. કસકસાવીને બાંધેલી દોરીના આંકા હાથ પર બેસી ગયા હતા. બાપુજીએ તુરત નૉર્મલ સ્કૂલમાંથી નામ કઢાવી નાખવા હુકમ કર્યો અને કહ્યું કે કાલથી એ ઘેર ભણશે. અને સ્કૂલે જવાની આફતનો અંત આવ્યો. થોડીક સોટીઓ તો ખાધી, પણ સ્કૂલે જવાની બલા તો ટળી! એક 'પાડિંગ'માં જ મારું અંગ્રેજી શિક્ષણ સમાપ્ત થઈ ગયું. વળતા દિવસથી બાપુજીના માસ્તર જદુ ઘોષાલે મારા શિક્ષણનો ભાર ઉપાડી લીધો. (ચાલુ)

* જૂના જમાનામાં જમીનદારોને ત્યાં તથા સ્કૂલો-અદાલતોમાં વપરાતા દોરી ખેંચવાથી ચાલતા પંખા.

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૩૮મો
માહ ૧૯૮૩

પ્રચારચિત્રોનો પરિચય પણ 'કુમારે' જ સૌ પ્રથમ કરાવ્યો. આરોગ્યનું એવું એક પોસ્ટર બે રંગમાં આ અંકના મુખચિત્ર તરીકે મૂકેલું તેની છાપ નીચે આપી છે.



આજે જીવનમાં જે સામાન્ય બની ગઈ છે તે તારસંદેશ–ટેલીગ્રાફી—ની શોધ પહેલવહેલી શોધાઈ ત્યારે કેટલી અશક્યવત્ લાગેલી, ને તેનો શોધક મોર્સ સુખ ને સમૃદ્ધિની છોળનો કાંઠો છોડી તેને સિદ્ધ કરવા પાછળ કેવો કંગાલિયતને કાંઠે પહોંચ્યો ને છેવટે વિજયી થયો તેનું રોમાંચક જીવન આ અંકમાં હતું. સાથેસાથે એ તારસંદેશ પાછળ શી કરામત છે તે સમજાવતો એક નાનો લેખ પણ હતો. એ લેખ આજે પણ રસપ્રેરક લાગશે:

તારના સંદેશા વીજળીથી મોકલવામાં આવે છે. વીજળીમાં બે ગુણ છે: એક ગરમી પેદા કરવાનો ને બીજો લોહચુંબકનો. ટેલીગ્રાફીમાં આ બીજા ગુણનો ઉપયોગ થાય છે.

તાંબાના તારને લોખંડના કકડા ઉપર ગોળ વીંટીને તેને વીજળિક શક્તિ આપવામાં આવે તો જ્યાં સુધી તારમાં વીજળિક શક્તિ હોય ત્યાં સુધી તે લોખંડના કકડામાં લોહચુંબકનો ગુણ રહે છે.

કેટલાંક લોહચુંબકોનો આકાર અંગ્રેજી U જેવો હોય છે. આખા લોહચુંબકમાં આકર્ષણનો ગુણ સરખો નથી હોતો. આકર્ષણશક્તિ બંને બાજુના છેડા પર વિશેષ હોય છે ને ઘટતી-ઘટતી બરાબર મધ્ય ભાગે તો બીલકુલ રહેતી નથી. પણ જો ટુકડો સીધો ન રાખતાં U આકારમાં વાળવામાં આવે તો આકર્ષણશક્તિ બમણી થાય છે. તેથી જ લોહચુંબક ઘણે ભાગે વાળેલું જોઈએ છીએ.

હવે (સાથેની આકૃતિમાં બતાવ્યા પ્રમાણે) તાર લેવાના સંચામાં ચાર લોખંડના ટુકડા હોય છે. તેમાંના 'અ' તથા 'બ' ને 'ક' ટુકડાથી જોડી તેમના ઉપર તાંબાનો તાર વીંટેલો હોય છે. આ તારમાં વીજળિક શક્તિ દાખલ કરીએ ત્યારે તે U આકારના જેવું જ લોહચુંબક થઈ જાય છે અને તે, ઉપરના 'ડ' ટુકડાને પોતાની તરફ આકર્ષે છે.


પણ આ 'ડ' ટુકડાને એક સ્પ્રિંગ લગાડીને સંચામાંના લોહચુંબકથી જરાક છેટે ગોઠવેલો હોય છે. વીજળિક શક્તિ 'અ–બ'માં આવે કે તરત તે લોહચુંબક બની 'ડ' ટુકડાને પોતાના તરફ ખેંચે છે. એ ખેંચાણને લીધે તે સંચામાં ગોઠવેલા સામા સ્ક્રૂ જોડે અથડાય છે. પછી 'અ–બ'માંથી વીજળિક પ્રવાહ બંધ કરવામાં આવતાં જ 'ડ' ટુકડો સ્પ્રિંગના જોરે લોહચુંબકથી છૂટો પડી પાછો પોતાની જગ્યાએ આવી અથડાય છે. આમ, લોહચુંબકને ઘડીકમાં વીજળિક શક્તિ આપવાથી ને ઘડીકમાં પાછી બંધ કરવાથી પેલો 'ડ' ટુકડો બાજુના સ્ક્રૂ સાથે ને પાછું પોતાની અસલ જગ્યાના સ્ક્રૂ સાથે વારેવારે આગતેમ અથડાય છે અને કટકટ અવાજ થયા કરે છે.

ટેલીગ્રાફમાં મુખ્ય ત્રણ યંત્રો હોય છે: તાર લેવાનો સંચો, તાર મોકલવાનો સંચો અને વીજળિક પ્રવાહ લઈ જનારો તાર.

તાર લેવાના સંચા 'સાઉન્ડર' વિષે આપણે જાણી લીધું. તાર મૂકવાના સંચાની રચના વીજળીના દીવાની ચાંપ (સ્વિચ) જેવી છે. ચાંપને જેમ એક બાજુ ફેરવવાથી વીજળી ગોળામાં આવી પ્રકાશ આપે છે અને બીજી બાજુ ફેરવતાં વીજળિક પ્રવાહ તૂટી પ્રકાશ બંધ થાય છે, તેમ આ સંચામાં પણ ચાવી દબાવવાથી વીજળીનો પ્રવાહ તૂટી જાય છે અને છોડી દેવાથી એક સ્પ્રિંગના જોરથી ચાવી પોતાની અસલ સ્થિતિમાં આવે છે ને પ્રવાહ પાછો ચાલુ થાય છે.

દરેક ઑફિસમાં તાર મૂકવાનો ને તાર લેવાનો, એમ બે સંચા હોય છે અને તે તાર દ્વારા વીજળિક 'સર્કિટ'માં જોડેલા હોય છે. એટલે, એક ઑફિસે તાર મૂકવાનો સંચો–'કી' દાબવાથી વીજળીનો પ્રવાહ બંધ થઈ જાય છે અને તેથી બધાં 'સાઉન્ડરો'માંનો પેલો 'ડ' ટુકડો, પોતાની અસલ સ્થિતિએ આવી જાય છે ને તે બાજુના સ્ક્રૂ સાથે અથડાતાં કટ અવાજ થાય છે. પાછી 'કી' છોડી દેવાથી તારમાં બધે વીજળી દાખલ થાય છે. આથી 'અ–બ' ટુકડો લોહચુંબક બની જાય છે અને 'ડ' ટુકડો ખેંચાઈને બાજુના સ્ક્રૂ પર અથડાતાં ફરી કટ અવાજ થાય છે.

'કી' વધારે વખત દબાવી આ અવાજને લાંબો, અને ઓછો વખત દબાવી ટૂંકો, એમ નાનોમોટો કરવામાં આવે છે, ને તે લાંબા ટૂંકા અવાજ પરથી જે અંગ્રેજી A B C Dના અક્ષર નક્કી કરેલા છે તે પ્રમાણે તારના સંદેશા અપાય-લેવાય છે. નાનો અવાજ 'કડ' એટલે ટપકું અને મોટો અવાજ કટ્ટ એટલે લીટી એ રીતે ગોઠવીને તેના નીચે મુજબ અંગ્રેજી મૂળાક્ષરો રચ્યા છે. આ ગોઠવણીથી 'કડકડાટ'ની એ



ભાષામાં સહેલથી સંદેશા મોકલી શકાય છે.

A	· –	R	· – ·
B	– · · ·	S	· · ·
C	– · – ·	T	–
CH	– – – ·	U	· · –
D	– · ·	V	· · · –
E	·	W	· – –
F	· · – ·	X	– · · –
G	– – ·	Y	– · – –
H	· · · ·	Z	– – · ·
I	· ·	1	· – – – –
J	· – – –	2	· · – – –
K	– · –	3	· · · – –
L	· – · ·	4	· · · · –
M	– –	5	· · · · ·
N	– ·	6	– · · · ·
O	– – –	7	– – · · ·
Ö	– – – ·	8	– – – · ·
P	· – – ·	9	– – – – ·
Q	– – · –	0	– – – – –

શ્રી હરિનારાયણ આચાર્યે જે વિવિધ દિશામાં કલમ ચલાવવી ત્યારે શરૂ કરેલી તેનો એક નવો પ્રકાર (શરીરસ્વાસ્થ્ય અને મનોચેતના કેળવવા માટેના પ્રેરક લેખોનો) આ અંકથી શરૂ થયો. એ પહેલો લેખ 'અણીની પળ' આજે પણ ટૂંકાવીને ઉતારવા જેવો છે:

'પૂરાં સવાસો વર્ષ પણ આ વાતને હજી થયાં નથી. રશિયાને અંધકારમાંથી સંસ્કૃતિના પ્રકાશમાં મૂકનાર ઝાર પીટર અને જર્મનીનો ભાગ્યવિધાયક ફ્રેડરિક, સેન્ટપીટર્સબર્ગના શાહી મહેલમાં બીજે માળે વાતચીત કરતા હતા. લશ્કરી વ્યવસ્થાની વાત નીકળતાં બંને 'સંયમ'ના વિષય પર ઊતરી પડયા. પીટરનું માનવું હતું કે જર્મન લશ્કરમાં અમલદારોની ઊણપને લીધે સંયમ Discipline જોઈએ એવો પળાતો ન હતો; જ્યારે રશિયન લશ્કરમાં તે ગૌલિકતાએ પહોંચ્યો હતો.

ફ્રેડરિકને ગળે આ વાત ઊતરી નહિ. એ માનતો કે સંયમનો આધાર પ્રજાના માનસ ઉપર હોય છે. અને એટલે, જર્મન પ્રજામાં દેશપ્રેમની ભાવના એટલી તો પ્રબળ હતી અને રશિયનોનું દેશવિષયક જ્ઞાન એટલું તો અપૂર્ણ હતું કે સંયમનું તત્ત્વ પીટરના કહેવા પ્રમાણે હોઈ શકે જ નહિ. પીટરે હસતાંહસતાં જ ઉમેર્યું કે કોઇ પણ રશિયન દેશ કરતાં ઝારની ખાતર મરવાનું વધારે પસંદ કરે છે એ વાત સાચી: પરંતુ એથી સંયમના તત્ત્વની ઊણપ સિદ્ધ થતી નથી. અને એકદમ બાજુએ ઊભેલા પોતાના એ.ડી. સી. ને કહ્યું: 'બારીમાંથી નીચે કૂદી પડો.'

એ. ડી. સી.એ તરત જ પૂછ્યું, 'કઈ બારીમાંથી?' ન તો એના મોં પરનો ભાવ બદલાયો કે ન એણે રજ પણ વિચારને અવકાશ આપ્યો. સંયમની પરાકાષ્ઠા જ ને? પણ એ સૈનિકની જગ્યાએ તમે હોત તો શું કરત?

બારીમાંથી નીચે પડવાનો હુકમ થતાં જ તમારા મનમાં ધ્રાસ્કો પડત. ભય ને વિહ્વળતાથી તમારું શરીર કંપી ઊઠત. મોં વિવર્ણ ને પરસેવાથી ભીનું બનત. રાજાજ્ઞા તોડવાની તમારી હિંમત તો નથી જ. તેમ બારીમાંથી નીચે કૂદી પડવાની શક્તિ, ઉત્સાહ કે સ્નાયુઓ પરનો સંયમ પણ નથી. નીચે જોતાંવેંત તમ્મર આવે, ત્યાં ત્રીસ ફૂટથી પથ્થર પર પડવાનો નિશ્ચય જ શી રીતે થાય? છતાં?

છતાં પેલા સૈનિક તરફ જોયું હોત તો? મોં પર મૂછ તો ફૂટેલી પણ નહિ: બાવીસ વર્ષનો એ ગભરૂ જવાન આશાભર્યા અંતઃકરણે રાજસેવા બજાવતો હતો. એનું આ ફળ? અને વળી સામો પૂછે છે કે કઇ બારીમાંથી?

હવે એનું કારણ તપાસીએ. એણે લશ્કરી તાલીમ લીધી છે, અત્યંત કઠિન વ્યાયામથી પોતાના શરીરને કસ્યું છે, યોગ્ય આહારવિહાર અને શુદ્ધ વિચારથી આરસી જેવા સ્વચ્છ રહેલા એના મનમાં રજ પણ સંતાપ, શોક, થાક કે ગભરામણ નથી; એટલે એના વિચારબળના કાબૂમાં એનાં અંગો હોય છે. નિયમિત વ્યવહારથી એને ક્ષણમાં નિશ્ચય કરી લેવાનો અભ્યાસ પડયો છે. આ બધાં લક્ષણોથી એનાં મન અને શરીર એટલાં તો સમતોલ છે કે કર્તવ્યનો વિચાર કરતાં કે ભયની સામે થતાં એને રજ પણ ગૂંચવણ કે શિથિલતા ભોગવવી પડતી નથી.

તમારે આમ કૂદી પડવાનું તો નથી જ. પણ કોણ જાણે: એવી અણીની પળ આવે તો? એને માટે તમે યોગ્ય તૈયારી કરી છે?

પેલા છાપરા પર તડકામાં પડેલી બિલાડી જુઓ. કેવી નિરાંતે લાંબી પડી છે! પાસે જાઓ બરડેથી ચામડી પકડી એને ઊંચી કરો. કેવી લોચા જેવી લાગે છે! પણ એટલામાં કૂતરું ભસ્યું. ને વીજળીના ચમકારા પેઠે એ બેઠી થઈ ગઈ ને એક છલંગમાં તો સામી બારીમાં પેસી ગઈ!

અને તમે? એ બિલાડીની પેઠે શિથિલ થઈ પડયા રહેવાનું જ કોને આવડે છે? પછી ક્ષણમાં છલંગ મારી ઊભા થવાની ને નિશ્ચયનું પાલન કરવાની તો વાત શી! પરાણે ઊભા થાઓ; વિચાર કરવામાં થોડો સમય લો; અને અરધાપરધા નિશ્ચયથી કામ કરવા માંડો; એમાં પછી શા ભલીવાર હોય? અરધી રાત્રે ઘરમાં આગ લાગે અને આવું કરો તો બચવાની આશા પણ ખરી?

આ ઝાડ જોયું? પ્રકાશ અને પ્રફુલ્લતા પામવા એ કેટલો પ્રયત્ન કરી રહ્યું છે! મોટા ઝાડની છાયામાં દબાવા છતાં, કચરાતું પીડાતું, આડુંઅવળું થઇ અંતે એ વાંકુંચૂંકું પણ ઊગ્યું તો છે જ. શા માટે? વિકાસ, ઉન્નતિ અર્થે.

એ તો વનસ્પતિ છે; ને તમે તો છો માણસ. એની પેઠે વ્યવહારનાં સંકટો ને અકસ્માતો વિરુદ્ધ માથું ઊંચું કરી, દૃઢતાથી માર્ગ કરવાની શક્તિ તમે કેળવી છે? આવી પડતાં વિઘ્નો સામે ઝૂઝવાની શક્તિ ભેગી કરી છે?

સંકટો કયારે આવશે એની તમને કોઇ થોડી જ આગાહી આપશે? એટલે માર્ગ તો એક જ ઉઘાડો રહ્યો: પૂર્ણ તૈયારીનો. કુદરતની શિખામણ તો સદા યે તૈયાર રહેવાની જ છે. જેમને નવજીવન મેળવવું છે, જેમને પોતાના સ્વત્વની રક્ષા કરવી છે, જેમને મનુષ્ય 'કહેવડાવવું' નથી પણ 'થવું' છે, તેમણે તો આ શિખામણ માન્યે જ છુટકો.

ચા પીતાં હૃદય બંધ પડયું; ગાડીમાં ચડતાં પગ લપસ્યો અને પાટા તળે આવી કપાઇ મૂઓ; આગ લાગતાં પહેલે માળેથી કૂદી શક્યો નહિ ને બળી ગયો; તરતાં ન આવડયું એટલે નદી ઊતરતાં ડૂબી ગયો; રસ્તો પસાર કરતાં ગભરાઇ જવાથી મોટર નીચે ચગદાઈ ગયો;—આવા અનેક બનાવો આપણે વાંચીએ છીએ. દિલગીરી બતાવીએ છીએ અને પછી ભૂલી જઈએ છીએ. પણ—

પણ એની પાછળ રહેલો 'તૈયારીનો અભાવ' કોઈના ય વિચારમાં ભાગ્યે આવતો હશે. અને આવી અણીની પળ હમેશાં અણધારી જ આવવાની.

સો ડગલાં દોડતાં શ્વાસ ચડે, મોં લાલ થઇ જાય, આંખો નીકળી પડે અને ફેફસાં ફાટી જાય; બે નીસરણી ચડતાં જરા હાંફ આવે; ભાર ઉપાડતાં કમરમાં ચસકો આવે, પગ થથરે અને છાતી બેસી જાય; છલંગ મારી ઓટલો ચડવાની કે વાડ કુદવાની, અગર એક છાપરેથી બીજે છાપરે દોડતાંદોડતાં જવાની તો સ્વપ્ને પણ વૃત્તિ ન થાય;—આ અને આવી અપૂર્ણતાઓના આપણે પાલક છીએ ત્યાં સુધી એ અણીની પળ ઘાતક જ નીવડવાની. એવી અણીની પળ માટે તમે શી તૈયારી કરી છે? ન કરી હોય તો કેમ કરવી તે હવે પછી જોઈશું.'

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષેની માહિતી આપતો વિભાગ



વધારાના લેબલ તરીકે પત્રો વગેરે ઉપર ચોડવા માટેની આરોગ્યપ્રચારની એક આનાની ટિકિટ: જેમાં સ્ત્રીને રંગની પિચકારી મારતા પુરુષની આકૃતિ છે. તે મૂળ કરતાં લગભગ પોણા બેગણી મોટી કરીને બતાવી છે આવાં લેબલોની આવક આરોગ્યવર્ધનના પ્રયત્નો પાછળ ખર્ચવામાં આવે છે.

હોલાંડની ટિકિટ-શતાબ્દી

આ વર્ષના જાન્યુઆરીની પહેલી તારીખે આવેલી પોતાની ટિકિટોની શતાબ્દીનો ઉત્સવ હોલાંડ કાંઈ ઊજવ્યા વિના જવા દે? ત્યાં યુટ્રેચ ખાતે એક મોટું આંતરરાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન ભરાવાનું છે જેમાં દુનિયાભરની ટિકિટો રજૂ થશે.

ઇ. ૧૮૫૨માં રાજા વિલિયમ ત્રીજો ગાદીએ હતો ત્યારે હોલાંડે તેની છાપવાળી પહેલવહેલી ટિકિટો બહાર પાડી. ૧૮૯૦માં તેના મરણ બાદ તેની પુત્રી (હાલની વૃદ્ધ રાણી) વિલ્હેલ્મિના ગાદીએ આવી. એ વખતે તો તે કિશોરી હતી અને તે સમયની છાપવાળી ટિકિટો સંગ્રાહકોમાં પ્રિય થઈ પડી છે.

પણ હોલાંડ ખાસ તો પ્રખ્યાત છે તેની 'ચૅરિટી ટિકિટો'થી. ગયા ડિસેમ્બર અંકમાં છાપી હતી તે 'બાલશ્રેય' અર્થે બહાર પાડેલી અદકામૂલ્યની ટિકિટોના જેવી, જનકલ્યાણકાર્યની કિસમકિસમની ટિકિટો હોલાંડે અત્યાર સુધી બહાર પાડી છે જે તેના હેતુના વૈવિધ્ય જેટલી જ આલેખનો ને ચિત્રો માટે પણ પ્રખ્યાત છે. ઉપરાંત ૧૯૧૩માં પોતાના સ્વાતંત્ર્યની શતાબ્દી નિમિત્તે તેણે સ્મારક ટિકિટ બહાર પાડી ત્યારથી એની સ્મારક ટિકિટો માટે પણ તે જાણીતું થયું છે.

૧૯૩૯–૪૫ના બીજા મહાયુદ્ધ દરમિયાન એ જર્મનીથી પાદાક્રાંત થયું ત્યારે એણે જે શોકઘેરી ટિકિટો બહાર પાડી તે જેમ તેની વિશિષ્ટતાની દ્યોતક હતી, તેવી જ રીતે, એ યુદ્ધ સમયે લંડનમાં દેશવટો ભોગવતી હોલાંડની નિર્વાસિત સરકારે યુદ્ધ જહાજો પર લડતા પોતાના સૈનિકોની ટપાલ પર ચોડવા માટે ૧૯૪૪માં બહાર પાડેલી ખાસ ટિકિટો પણ અસરકારક આલેખનોવાળી હતી.

હંગેરીની પંચવર્ષી યોજનાની ટિકિટો

આપણા દેશના નવનિર્માણ માટે પંચવર્ષીય યોજનાનું મડાણ થાય છે તે સમયે આ નીચે આપેલી હંગેરીની એવી પંચવર્ષીય યોજના પ્રસંગે બહાર પડેલી ટિકિટોનું દર્શન શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી અહીં આપ્યું છે. ગયા મહાયુદ્ધ પછી એ દેશે એ યોજના અનુસાર જે વિવિધ ક્ષેત્રોમાં પુન-



હંગેરીએ પોતાના દેશના નવનિર્માણ માટેની પંચવર્ષીય યોજનાને અનુલક્ષીને કાઢેલી ટિકિટોની માળા પૈકી થોડી (બાકીની સામેના પાન ૫૨)

વિધાનના પ્રયત્નો કર્યા તે પૈકીના થોડાનાં સૂચક આલેખનો તેના ઉપર, પાંચના અંક (5)ના પેટાળમાં તથા તેની આસપાસ સંયોજિત કરેલાં છે: (૧) કોલસાની ખાણનું પેટાળ—જેમાં સારડીથી કોલસો તોડતા મજૂરો તથા ટ્રોલી દર્શાવ્યાં છે; (૨) લોખંડનું કારખાનું; (૩) વીજળી ઉત્પાદન કરતું પાવરહાઉસ; (૪) મીલ-ઉદ્યોગ; (૫) મજૂરોના આનંદપ્રમોદ; (૬) યાંત્રિક ખેતીવાડી; (૭) ગ્રામસહકારી મંડળીઓ; (૮) રેલવે, પૂલ, એરોપ્લેન, મોટર વગેરે વ્યવહારસાધનો; (૯) શરીર-સ્વાસ્થ્ય અને કુટુંબસુખ; (૧૦) યુદ્ધસાધનો : સૈનિક, ટૅંક, વિનાશક જહાજ, બૉમ્બર વિમાન; (૧૧) વાહનો : સ્ટીમર, રેલવે, વિમાન, મોટરબસ; (૧૨) ઢોરઉછેર; (૧૩) નવનિર્માણનું આલેખન કરતો સ્થપતિ; (૧૪) મેદાની રમતો, ફુટબોલ મૅચ અને ખેલાડી નરનારી.



ચૈ, અગદ્! ચૈ! (અનુસંધાન પૃ. ૪૧થી ચાલુ)

હતી. આજ કેટલાં યે વર્ષો પછી અહીં ફરીને આ વાતાવરણ જામ્યું હતું. વૃદ્ધો પોતે જોએલી સાઠમારીઓની વાતો તાજી કરતા હતા અને તરુણો પોતે સાંભળેલી સાઠમારીઓની વાતોને આજે નજરે જોવાને ઉત્સુક થઈ ગયા હતા. એકેએક વૃદ્ધની આજુબાજુ તરુણોનું નાનું ટોળું જામતું હતું અને વૃદ્ધો પોતે જોએલી સાઠમારીઓ યાદ કરીકરીને એમને રસથી સંભળાવતા હતા. મેદાનની બહાર ભાતભાતની વસ્તુઓની દુકાનો ભરાઇને મોટા મેળા જેવો દેખાવ થઇ ગયો હતો. એ દુકાનોવાળાઓની રસભરી અને ચિત્રવિચિત્ર બૂમો તથા કોઈના ઘંટનાદોના અવાજો શમિયાણાની અંદર સુધી પણ સંભળાતા હતા. અંદરના અને બહારના લોકોના અવાજોથી આખું વાતાવરણ ભરાઇ ગયું હતું.

વખત થવા આવતાં શમિયાણામાં રંગબેરંગી રોશનીઓ ચમકવા લાગી. બહાર એક પછી એક ગાડીઓ અને મોટરો આવતી ગઈ અને એમના બંદોબસ્ત માટે ખાસ રાખવામાં આવેલા સિપાઈઓની સીટીઓના અવાજે વળી ઘોંઘાટમાં ઔર ઉમેરો કર્યો! ઔર ખુમારી પણ ઉમેરી! અને એકદમ એ અવાજ શાંત પડી ગયો. છડી લઇને સજ્જ ઊભેલા ચોપદારોએ નેકી પુકારી અને શમિયાણામાં મહારાજા સાહેબના આગમનની હવા પ્રસરી ગઇ. સાથે વાઈસરૉય પણ હતા. લોકોએ ઊભા થઈને એમનું સ્વાગત કર્યું. પછી થોડી જ વારમાં મહારાજા સાહેબની આજ્ઞા થઇ અને બ્યૂગલ ફૂંકાયું.

કેશવે બધા સાઠમારોને સૂચનાઓ આપી, ચીપિયા અને બાણ તપાસી જોયાં, ને પછી શંકરની પીઠ થાબડતાં સૌને ઉદ્દેશીને કહ્યું, 'સંભાળીને ખેલજો, હો!'

શંકર ફરી એક વાર કેશવના પગે પડ્યો અને પછી સાઠમારોની સાથે મેદાનમાં આવ્યો. તાળીઓનો એક પ્રચંડ નાદ વાતાવરણમાં લહેરાઇ ગયો. એ લોકો શમિયાણાની નજીકથી ધીરેધીરે ચાલતા, લોકોની તાળીઓ અને શાબાશીના બોલ ઝીલતા મહારાજાના શમિયાણા પાસે આવ્યા. મહારાજા સાહેબને સૌએ મુજરો કર્યો અને એવા જ પાછા પગલે ચાલતા ચાલતા તેઓ દરવાજા પાસે ગયા. પછી શંકરે પોતાનો લાલ રૂમાલ ફરકાવ્યો ને બૂમ મારી 'ચૈ, અગદ્! ચૈ!'

એના એ અવાજની સાથે જ હાથીની સાંકળો છોડી મૂકવામાં આવી અને શંકરની પાછળ જ જંગબક્ષ દોડ્યો. આજે જંગબક્ષ ખૂબ જ ઉગ્ર જણાતો હતો. એને જોતાં જ બીજા સાઠમારોની પરાણે એકઠી કરેલી હિંમત ક્યાં યે સરી પડી! જંગબક્ષના માથેથી મદની ધારા વહી જતી હતી. એના કપાળે ચોપડેલા સિંદુરને લીધે એનું સ્વરૂપ હતું એથી યે વધુ બિહામણું લાગતું હતું. એનો ભયંકર ચિત્કાર સાંભળીને જોનારાની છાતી થડકી જતી. એની આંખો લાલઘૂમ હતી. પૂછડી ટટ્ટાર કરીને સૂંઢને આમતેમ વીંઝતો અને તેને પોતાના શરીર ઉપર પછાડતો એ ક્રોધથી દોડતો હતો. એને જોતાં જ પ્રત્યક્ષ મૃત્યુની યાદ આવતી. કોણ જાય એની સામે? અર્ધો કલાક થયો, છતાં સાઠમારીમાં કશો રંગ જામતો નહોતો. મહારાજ કંટાળી ગયા.

અને શંકરને પણ કાંઈ ખબર નહોતી પડતી એવું થોડું જ હતું? પણ એ એકલો કરે શું? આટલી મહેનત પછી યે મહારાજ નાખુશ થાય એ એનાથી જોયું નહોતું જતું. એણે નિશ્ચય કર્યો અને એક ગાળ દઇને રૂમાલ બતાવતો બતાવતો એ જંગબક્ષ સામે ગયો. 'છોકરા નહિ, નહિ...' એવા કોઈના શબ્દો તમાશગીરોની તાળીઓ અને શાબાશીઓના નાદમાં ક્યાં શમી ગયા એ કોઇને ખબર પણ ના પડી. શંકરને જીવની પરવા નહોતી રહી. એણે તો નક્કી કર્યું હતું કે સાઠમારી એટલે શું એ આજ વાઇસરૉય સાહેબને બતાવી દઉં!

એણે સર્પગતિએ દોડવાની શરૂઆત કરી. હાથીને સર્પગતિએ

દોડતાં ના ફાવે, એટલે તે ખૂબ ક્રોધે ભરાયો. અને ક્રોધે ભરાયેલા જંગબક્ષને ચુકાવવાનું તો શંકરને માટે રમત જેવું હતું. ખેલ અપૂર્વ જામ્યો હતો. લોકો દેહભાન ભૂલીને ઉછાળા મારતા હતા. આસ્તે આસ્તે શંકરે જંગને ભીંસ દેવાની શરૂ કરી. જંગની તો ગજબની રેવડી ઊડી. લોકોએ ઊંચા થઈથઇને ફૂદકા માર્યા. હવામાં સાફા ને રૂમાલો વાવટાની જેમ ઉછાળ્યા. ને એ જ વખતે શમિયાણામાં બેઠેલો એક નાનો છોકરો સમતોલ ગુમાવી ઊછળીને મેદાનમાં પડી ગયો!

જોતજોતાંમાં આખા મેદાનનું નૂર પલટાઇ ગયું. એ છોકરાએ ઊઠીને નાસવાનો પ્રયત્ન તો કર્યો, પણ બીકથી એના પગ સાવ લૂલા થઈ ગયા હતા, એટલે દોડવાની ઇચ્છા છતાં એના પગ જ જાણે નહોતા ઊપડતા. એવામાં ક્રોધે ધૂંધવાટ થએલા જંગબક્ષનું ધ્યાન એના તરફ ગયું અને એણે મોરચો એ બાજુ ઉપાડ્યાં.

સૌને થયું કે છોકરાનું આવી બન્યું. જંગબક્ષની વિકરાળ વીંઝાતી સૂંઢ એ છોકરાને હમણાં જ ઝડપી લેશે...પણ ત્યાં તો એની એ વીંઝાતી સૂંઢ ઉપર જોરથી કોઈનો ફટકો પડ્યો! જંગબક્ષે એ બાજુ જોયું. એના ગુસ્સાનો હવે પાર નહોતો. જંગની નજર એ બાજુ જતાં જ લાલ રૂમાલવાળો એ માણસ ત્યાંથી સરકીને બાજુએ છટકી ગયો. જંગનો ગુસ્સો હદ વટાવી ગયો. એણે જોરથી શંકર તરફ પગ ઉપાડ્યા. શંકરે એને ફરી એક વાર હુલાવવાનો પ્રયત્ન કર્યો. બાકીના સાઠમારો પણ આસ્તે આસ્તે એ બાજુ આવતા જતા હતા. શંકર મનમાં કાંઈક નિશ્ચય કરીને ધીરેધીરે જંગબક્ષને હુલાવતો હુલાવતો એને ભીંસ દેવા લાગ્યો. અને મોકો સાધીને એણે જંગબક્ષના દાંતે બાંધેલી ચિઠ્ઠી ઉપર તરાપ મારી!

જેવો એ ચિઠ્ઠી ઝડપીને દાંત નીચે થઇને છટકવા જાય છે ત્યાં જ એનો ફેંટો જંગના દંતશૂળ સાથે ઘસાયો અને એકદમ આંચકો વાગતાં આગળ દોડતો શંકર પાછો પડ્યો. તરત જ એ ત્યાંથી વળી તો ગયો; પણ જુએ છે તો જંગબક્ષના દંતશૂળ એકદમ એની નજીક છે.

એક આર્ત ચિત્કાર કરીને કોઈ પડ્યાનું સંભળાયું! જંગે સૂંઢને વીંઝી. એક ક્ષણ શંકર હવામાં લહેરાયો, અને બીજી જ ક્ષણે આજુ-બાજુ ધાંધલ મચી ગઇ. રસ્તો દેખાય ત્યાં સ્ત્રીઓ દોડવા લાગી...

એ ગરદીમાં એક ડોસો બેશુદ્ધ પડ્યો હતો!

એ જ રાત્રે એક માણસ એ શમિયાણામાં ઊભો હતો. ગજાની ચાંદની ખીલી હતી. મેદાનમાં જંગબક્ષ હજુ યે છૂટો જ હતો. એ વ્યક્તિએ એક બાજુએથી મેદાનમાં પ્રવેશ કર્યો. એનાં પગલાં સ્થિર પડતાં હતાં. એ સીધો જંગબક્ષની તરફ ચાલ્યો જતો હતો. એક બીભત્સ ગાળ દઇને એણે જંગને આહ્‌વાન દીધું. સંધ્યાકાળની જીત પછી હજુ હમણાં જ જંગ પોતાના શાંત મિજાજ ઉપર આવવાનું કરતો હતો. ત્યાં તો એને કાને માણસનો અવાજ પડ્યો. એનું મગજ ફરી ઊકળી ગયું. એણે ઝડપથી પગ ઉપાડ્યા. મેદાનમાં જંગનો ચિત્કાર અને માણસનો અવાજ સાંભળીને બધા સાઠમારો જાગી ગયા અને અંદર દોડી આવ્યા.

આવે રાતને વખતે કોઇ માણસને મેદાનમાં ઊતરેલો જોતાં પ્રથમ તો શું કરવું એ જ એમને સૂઝ્યું નહિ. ચાંદનીના પ્રકાશમાં એમને માત્ર એક હાથી અને એક માણસ દેખાતાં હતાં. પછી તો અવાજ ઉપરથી તેઓ જાણી શક્યા કે એ કેશવ હતો. એમણે એને ઘણી યે બૂમો મારી, પણ કેશવ કશું જ સાંભળવા તૈયાર નહોતો.

સર્પગતિએ જંગને ભીંસ દેતોદેતો કેશવ એને ખૂબ દૂર ખેંચી ગયો. અને પછી એ બને એટલી ઝડપે પાછો બુરજ પાસે આવી ઊભો રહ્યો. કોઇને યે સમજાય નહિ કે કેશવ શું કરવા માગે છે. જંગ તો સૂંઢ ઊંચી કરીને સીધો એના ઉપર ધસ્યો આવતો હતો. કોઈને 'નાસ' કહેવાની યે શુદ્ધિ નહોતી રહી. જોનારાઓની આંખો ફાટેલી રહી ગઇ. ગળાં સુકાયાં. જંગ છેક નજીક આવ્યો કે વીજળી ઝબકે એમ કેશવ એક બાજુએ સરી ગયો. એક પ્રચંડ અવાજ વાતાવરણમાં ઘૂમી ઊઠ્યો અને ફસડી પડેલા બુરજની સાથે જ એક આર્ત ચિત્કાર કરીને જંગ પણ જમીન ઉપર ઢળી પડ્યો. એના ગંડસ્થળ અને દંતૂશળોમાંથી લોહી ચાલ્યું જતું હતું. એ વહેતા લોહીના ધોધ તરફ કેશવે એક વાર તુચ્છકારથી જોયું; એક વાર એ બુરજની સાવ નજીક ઢળેલા લોહીના બીજા મોટા ડાઘ તરફ એણે જોયું; અને પછી, બીજા સાઠમારોના બોલાવવા છતાં એ તરફ ધ્યાન આપવાને બદલે એમનાથી વિરુદ્ધની દિશા તરફ એણે ચાલવા માંડ્યું. એ ઘટના પછી ફરીવાર કેશવ કદી વિલાસપુરમાં દેખાયો નથી.

સવારે સૂર્યનાં કિરણ ફૂટતાં સાઠમારીના મેદાનમાં જંગનો લોહીથી તરબોળ દેહ પડ્યો હતો. એનાથી દૂર લોહીનું બીજું એક મોટું ધાબું હતું અને એની વચ્ચે ચોંટેલી લોહીના રંગે રંગાયેલી એક ચિઠ્ઠીની એક કોર પવનમાં ફરફરતી હતી.

કંડલા (અનુસંધાન પૃ. ૪૪થી) ઈટાલિયન સ્થપતિ મેરિયો બેક્રીથીની સલાહ લેવામાં આવી. તેનું કામ બે છેડેથી ક્યારનું શરૂ પણ થઇ ગયું છે. ગાંધીધામના 'ફૅક્ટરી એરિયા' અથવા આદિપુરમાં ઉદ્યોગોને લગતી વસાહત છે, જ્યારે બીજે છેડે જ્યાં નવું રેલવે સ્ટેશન થવાનું છે અને જ્યાં કંડલા ડેવેલપમેંટ કમિશનરની ઑફિસ છે તે 'સરદારગંજ'નો વિકાસ થતો જ રહ્યો છે. રસ્તાઓ, શાળાઓ અને સંસ્કારપ્રવૃતિ માટેનાં કેન્દ્રોની પણ સ્થાપના થઈ ગઇ છે. આખા કચ્છમાં અત્યારે માત્ર ભુજમાં જ એક વિમાની મથક છે, એટલે કંડલા નજીક એક બીજું એરોડ્રોમ પણ બાંધવાની યોજના વિચારી રખાઈ છે. બંદરનું બાંધકામ પૂરું થતાં તરત એ પણ તૈયાર થઈ જશે.

'ગાંધીધામ'ની સ્થાપના ખુદ મહાત્માજીના આશીર્વાદ સાથે થઇ હતી. એ વસાહત નિર્વાસિતો ને નિરાશ્રિતોને આશીર્વાદ સમાન થઇ રહી છે. કંડલામાં જેમ સાત સાગરનાં સફરી વહાણોને સલામતી અને સહારો મળી રહેશે તેવો જ સધિયારો નિરાશ્રિતોની ભગ્ન આશાઓને અહીં મળનો થશે. કંડલાની નાળમાં ૧૯૪૮ની ૧૨મી ફેબ્રુઆરીના રોજ પૂજ્ય ગાંધીજીના અસ્થિભસ્મનું વિસર્જન થયું ત્યારથી એ રાષ્ટ્રપિતાના પુણ્યશ્લોક નામ સાથે સંકળાયેલું ગાંધીધામ–કંડલા હિંદનાં પરમ પવિત્ર યાત્રાધામોની કક્ષામાં આવી ગયું છે.

આ રીતે કંડલાનો ઝડપી વિકાસ થતાં તે એક અતિ મહત્ત્વનું બંદર બની રહી રફતેરફતે સ્વતંત્ર ને સ્વાવલંબી એકમ જેવું થતું જશે. સમસ્ત રાષ્ટ્રના વેપારઉદ્યોગની ખીલવણીમાં તેનો હિસ્સો રહી તેના ફાયદા તો દેખીતા છે. ભારતની ઉન્નતિના આ પ્રથમ મોટા સાહસના શિલારોપણવિધિ પ્રસંગે પંડિતજીએ કહ્યું કે 'સમગ્ર ભારતના ચિત્રમાં તેના એક ભાગ તરીકે હું જ્યારે આ કાર્યને નિહાળું છું ત્યારે હું સવિશેષ રાચું છું. આ શિલારોપણવિધિથી હું નૂતન ભારતનો પાયો નાખું છું અને આ બંદરમાં મૂકવામાં આવતી એક એક ઈંટ નૂતન ભારતના ચણતરની ઇંટ છે. આ કાર્ય સમગ્ર દેશની જનતાનું છે, કારણ કે જનતાના ભલા માટે તેની રચના છે.' કંડલાની ખીલવણીથી કચ્છને તેની પ્રાચીન ગૌરવવંતી સાગર કંઠારના પ્રદેશની વિશેષતા પુનઃ પ્રાપ્ત થશે અને સમગ્ર હિંદને સમૃદ્ધ કરતું કચ્છ આબાદ બની રહેશે.



માધુકરી

કોઈ કોઇ વાર શબ્દોની સવારી પર હું જીવું છું;
અને ક્યારેક ખેતોની બિમારી પર હું જીવું છું.
ફૂલોની મેહફિલોમાં ગીત હું ગૂંથું છું ફાગણનાં,
પરંતુ પાનખર કેરી પથારી પર હું જીવું છું.
કોઈ કોઈ વાર કિસ્મતની કટારી પર હું જીવું છું.
અને એથી જ આશાની અટારી પર હું જીવું છું.
ચમન કબ્જે કરી બુલબુલની સેના જો કરે હિજરત,
દિવસ ને રાત ખુશ્બૂની ખુમારી પર હું જીવું છું.—ઈન્દુલાલ ગાંધી

(સંદેશ)

સ્વ. ક્રિકેટપટુ પટૌડીના નવાબ

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર ભારતીય ક્રિકેટપટુ પટૌડીના નવાબ ઈફ્તિખારઅલીખાંનું આ જાન્યુઆરીની પાંચમી તારીખે દિલ્હીના પોલોના મેદાન પર, રમતાંરમતાં અકસ્માત હૃદય બંધ પડી જવાથી, ૪૧ વર્ષની વયે દુઃખદ અવસાન થઈ ગયું. ક્રિકેટના ક્ષેત્રમાં જગનામી બનવા ઉપરાંત હૉકી અને બિલિયર્ડ્ઝના પણ તે એટલા કાબેલ ખેલાડી હતા કે ઑક્સફર્ડમાં એ ત્રણે રમતો (ક્રિકેટ, હૉકી અને બિલિયર્ડ્ઝ)માં શ્રેષ્ઠ નાવડવાનું ઑક્સફર્ડ 'બ્લુ'નું ત્રિપટ બહુમાન તે જીતી ગએલા. એવું 'ટ્રેબલ બ્લુ'નું માન ઓછા મેળવે છે. ઉપરાંત ટેનીસ અને પોલોના પણ તેઓ અચ્છા ખેલાડી હતા.

પંજાબના એક નાના રાજ્ય પટૌડીના નવાબને ત્યાં. ઇ. ૧૯૧૦ના માર્ચની ૧૭મી તારીખે એમનો જન્મ થએલો. ઇંગ્લંડની ઑક્સફર્ડ યુનિવર્સિટીની બેલિયલ કૉલેજમાંથી તેઓ ગ્રૅજ્યુએટ થયા હતા અને ભોપાલના નવાબની બીજી પુત્રી સાથે તેમનાં લગ્ન થએલાં, જેનાથી તેમને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર થએલાં. આ પુત્ર 'ટાઇગર'ની ૧૧મી વરસગાંઠ ઉજવીને જ તેઓ પોલો રમવા આવેલા, જ્યાં એક લશ્કરી ટીમ સામે રાવ રાજા હનુમતસિંગ કપ ટૂર્નામેન્ટમાં રમતાં રમતાં, ત્રીજા ચક્કરમાં એકાએક ધીમા પડી જઈ હાથ ઊંચા કરીને ઘોડા પરથી નીચે ઢળી પડ્યા, અને ત્યાં ને ત્યાં જ એમનું અવસાન થયું.

કુમાર વયે તે ઇંગ્લંડ અભ્યાસ અર્થે ગયા ત્યાં ફ્રાંક વૂલી જેવા પ્રખ્યાત ક્રિકેટ ખેલાડી પાસે તેમને રમતની તાલીમ મળેલી. અને ૧૯૩૧માં બહુ નાની (૨૧ની) વયે તો કેમ્બ્રિજની સામે પોતાની માતૃસંસ્થા ઑક્સફર્ડને વિજયડંકો વગાડી જીતાડી. ઑક્સફર્ડના નામી બૅટધર એ. રૅટક્લિફે એમાં ૨૦૧ રનનો જંગી રેકર્ડ કર્યો. પણ તે પછી જઈને એમણે એ રેકોર્ડ તોડી ૨૩૮ રન કર્યા એટલું જ નહિ, પણ છેક સુધી નૉટ આઉટ રહેલા. એ અગાઉ બાર વરસ સુધી આવો વિક્રમ કોઈએ કર્યો ન હતો, અને તેમણે સ્થાપેલા એ નવા વિક્રમને હજી સુધી ખુદ ઑક્સફર્ડમાં પણ કોઇ તોડી શક્યું નથી. ત્યાર બાદ ૧૯૩૨-૩૩માં ઇંગ્લંડ પક્ષે ડી. આર. જાર્ડિનની ટુકડી સાથે તે ઑસ્ટ્રેલિયા સામે રમવા ગયા, જ્યાંની સ્પર્ધામાં પોતાના પ્રથમ પ્રવેશે જ એમણે ૧૦૨ રન કરીને નામાંકિત ભારતીય ક્રિકેટપટુ જામ રણજી ને કુમાર શ્રી દુલીપસિંહજીની માફક સદી નોંધાવીને પોતાના એ મહાન પુરોગામી ખેલાડીઓની યશસ્વી હરોળમાં સ્થાન મેળવી લીધું. ઇંગ્લંડનો વિખ્યાત ક્રિકેટ તવારીખનવેશ વિઝડન દર વર્ષે જે જગ જાણીતું



આસપાસનાં પંખી [૭૩]

ખેરો

ગામડાંના લોકો ગામબહાર જંગલ જાય છે ત્યાં ઘણી વખત શમળી જેવડુ મેલા ધોળા રંગનું એક પક્ષી ફરતું જોવામાં આવે છે. લોકો તેને સફેદ શમળી કહે છે, પણ વસ્તુતઃ એ સમળી જ નથી. ખેરા નામની ગીધની જ એ એક જાત છે. બધાં ગીધમાં નાનામાં નાનું એ. બીજાં ગીધ જેવું એને ભારે શરીર કે બહુ ઊંચે ઊડવાની તાકાત નથી. અને મેલું ખાઈને જ જીવતું હોવાથી બધાં ગીધોમાં આ જાત હલકામાં હલકી તથા ઘૃણાસ્પદ લેખાય છે. આથી જ એ 'ભંગી' Scavenger Vulture કહેવાય છે. શરીરે નાનું બેઠા ઘાટનું; ગળા ફરતો ઊભાં પીંછાંનો ગલપટ્ટો; ચાંચ તથા પગ પીળા; અને મોં યે એવું જ પીળું તથા વાળ વિનાનું બોડું. એના આવા નાના શરીરને લીધે બીજાં ગીધ કરતાં તે વધારે ચપળ હોઇ સ્ફૂર્તિથી હરીફરી શકે છે. બીજાં ગીધો પેઠે તે બહુ ઊંચે ઊડી નથી શકતું. વળી, દેખાવે યે એ બીજાં ગીધો જેવું સાવ કઢંગું નથી. સ્વભાવે એકાંતપ્રિય હોવા છતાં આહાર મળતો હોય તો શમળી-કાગડાની જમાતમાં યે બેસી જાય ખરું. દક્ષિણ હિંદમાં તો કેટલાંક હિંદુ મંદિરોમાં આ ગીધને દરરોજ અમુક નિયત સમયે આહાર આપવામાં આવે છે, અને તેઓ પણ એ સમયે ન હોય ત્યાંથી ઊડી આવે જ છે.

વસંતઋતુ એના સંવનનનો સમય છે. આ કાળે નરમાદા બંને, કોઈ ખંડેરના ગોખલામાં કે કોઈ ભેખડ યા સૂકા ઝાડની બખોલમાં ઢંગધડા વગરનો મોટો ગંદો માળો બનાવી, તે પર વળી વાળ કે રૂના ગુચ્છા નાખે છે, પણ તે યે જેમતેમ જ. અને આવા માળામાં પછી તેઓ આછી બજરી ઝાંયવાળાં અને એક છેડે જતાં ઘેરા રંગનાં, બે સુંદર સફેદ ઈંડાં મૂકે છે. ('વનેચર' ઉપરથી)



અવલોકન બહાર પાડે છે તેમાં તેણે પટૌડીને ૧૯૩૨ની સાલના જગતના શ્રેષ્ઠ પાંચ ખેલાડીઓમાં ગણાવ્યા. તે પછી ૧૯૪૬માં ભારત તરફથી ઇંગ્લૅંડ ગએલી ભારતીય ટુકડીના કૅપ્ટન તરીકે જઇને એમણે ઇંગ્લૅંડ સામે કેમ્બ્રિજમાં ૧૨૧, ડર્બિશાયરમાં ૧૧૩, સસેક્સમાં નૉટ આઉટ રહી ૧૧૦ ને નૉટિંગહામ શાયરમાં ૧૦૧ રન કરી ચાર સદીઓ નોંધાવેલી. આમ ઇંગ્લૅંડ અને ભારતના બંનેના પક્ષે રહી રમનારા અલ્પસંખ્યક ખેલાડીઓમાંના તેઓ એક હતા.

તેજસ્વી બુદ્ધિના એ નવાબ પટૌડી જેમ રમતમાં તેમ જ બીજું જે કાંઈ કામ હાથ લેતા, તેમાં પણ પાણી બતાવતા. ભારત સરકારના પરદેશ વિભાગ ખાતા એક્સ્ટર્નલ એફેર્સ મિનિસ્ટ્રીમાં છેક ગયા વર્ષ સુધી તેઓ નાયબ સેક્રેટરી હતા અને થોડો સમય તો પ્રોટોકોલના નાયબ વડા પણ થયા હતા. એ ખાતાના વડા શ્રી કે. પી. એસ. મેનને તેમની શક્તિઓને મુક્ત કંઠે અંજલિ આપી છે. એ જો વધુ જીવ્યા હોત તો ભારત સરકાર તેમને પરદેશમાં એલચી તરીકે મોકલવાની પણ પૂરી સંભાવના હતી.

એમના નામનો સાચો ઉચ્ચાર કરવામાં પશ્ચિમવાસીઓને પડતી તકલિફને લીધે (ઘણા એમને નવાબને બદલે 'નૂબ' અને પટૌડીને બદલે 'પરટૌડી' કે 'પરટાડી' કહેતા!) મોટે ભાગે લાડમાં 'પટ'ના ટૂંકા નામે જાણીતા એ નવાબ સ્વભાવે ખુશમિજાજી હોઈ એમની રમૂજો અને હાજરજવાબી માટે જાણીતા હતા. ઑસ્ટ્રેલિયા સામે એ રમવા ગયા ત્યારે છેક લાંબી ફીલ્ડિંગ પર પ્રેક્ષકોની નજીક એ ઊભેલા હતા. હિંદની અસહકારની લડતના જુવાળનો એ કાળ હોવાથી ગાંધીજીનું નામ બહુ ગવાઇ ગયું હતું અને હિંદીવાનને લોકો ઘણીવાર મજાકમાં 'ગાંધી' કહીને બોલાવતા. પોતાની નજીક આ હિંદીવાનને ઊભેલો જોઇ પ્રેક્ષકોમાંથી કોઈ ટચાક બૂમ પાડીને એમને પૂછ્યું: 'હલ્લો ગાંધી! વ્હેર ઈઝ યૉર ગોટ?' (ગાંધીજીની બકરી એ વખતે કટાક્ષનું સાધન ગણાતી.) પટૌડીએ એને તરત સામો ઉત્તર પરખાવ્યો: 'સમવ્હેર એમંગ્સ્ટ યૂ!' પરંતુ એમની એ રમૂજવૃત્તિ ક્યારેક સામા માણસને મનદુઃખ લગાડી બેસે એટલી આગળ વધી જતી. મિજાજના એ સ્વતંત્ર ને આખાબોલા હતા અને ક્રિકેટના કાવાદાવાના ગંદવાડથી દૂર રહેતા. આથી તેમજ નબળી તબિયતને લીધે ઘણી વાર તેમને રમતોમાંથી બાકાત રહેવું પડતું.

નાક

સાડા ત્રણ મણની કાયામાં નવટાંકનું નાક વૈદકીય દૃષ્ટિથી પણ એક મહત્ત્વનું અંગ છે. નાકની સાથે જીભનો બહુ નિકટનો સંબંધ છે. કોઇ પણ ખાદ્યની સુગંધ આવતાં જીભમાંથી લાળાસ્રાવ થાય છે. શરીરની રક્ષા કરવામાં નાક એક નંબરનું કામ કરે છે, નાકમાં કુદરતે વાળ (cilia) નિર્માણ કરી શરીરમાં લેવામાં આવતી હવાની સરસ ચારણી મૂકી છે. હવા સાથે મળેલા સૂક્ષ્મ રજકણો-ધૂળ, ધુમાડી વગેરે તેમાંથી ચળાઇને જ પ્રાણવાયુ પ્રવેશ કરે છે. આ વાળને કેટલાક કાતરી કે ખેંચી નાખી શરીરયંત્રને મોટું નુકસાન કરે છે.

નાકની અંદરની ચામડી શરીર ઉપર દેખાતી ત્વચા કરતાં જુદા જ પ્રકારની છે. તે ઝિલ્લી કહેવાય છે. તેનો સંબંધ ગળું, મુખ, આંખો વગેરે સાથે પણ છે. ઘણી વખત જોયું હશે કે નાકની આ ત્વચામાં સળવળાટ થતાં આંખોમાં પાણી ભરાઇ જાય છે. શરીર સ્વચ્છ છે કે નહિ, તે જાણવાનું નાક યંત્ર છે. જરા પેટમાં ગરબડ થઈ, અપચન થયું, શ્વાસોચ્છ્વાસ લેતાં મુશ્કેલી ઊભી થઇ, એટલે નાકમાં શરદી થઇને છીંકો આવી, લીંટ વહેતું બની અસ્વસ્થતાની ખબર આપે છે.

જે માનવીઓને આટાની મિલમાં, રૂ પીંજાતું હોય તે કારખાનામાં, તમાકુ કૂટાતી હોય તેવી ચંકીઓ પાસે, રાસાયનિક પદાર્થો અને ઍસિડો મળી ધુમાડી ઉત્પન્ન થતી હોય તેવા સ્થળમાં રહેવું પડે છે તેઓનાં નાકની ઝિલ્લીને ખૂબ નુકસાન પહોંચે છે. એમને શરદી, સળેખમ, ખાંસી, અને દમ થઇ જવાનો વહેલો સંભવ છે. આ જ રીતે પથ્થરના કોલસા તથા લાકડાના કોલસા બળતાં પેદા થએલી ધુમાડીમાંથી ઉત્પન્ન થએલો ગૅસ પણ નાક અને શ્વાસનળીની ત્વચામાં ક્ષોભ પેદા કરે છે. શિયાળામાં સંધ્યા સમયે મિલોમાં બળતા કોલસામાંથી પેદા થએલી ધૂળી નીચે ઊતરી મૂંઝવણ કરે છે તેનો અનુભવ અમદાવાદ જેવા શહેરમાં વસનારને જરૂર હશે.

પાણીના કોગળા તથા દાતણ કરીને દરરોજ મુખશુદ્ધિ કરો છો. તેમ જ નાસિકાશુદ્ધિ પણ કરો: (૧) નાકમાં પાણી ચડાવી, નાક સ્વચ્છ કરી કપડાથી અંદર ચોંટેલો મળ દરરોજ કાઢી નાખવો. (૨) ઉષ:કાળમાં નાક વડે પાણી પીવાની ટેવ પાડો. (૩) દરરોજ તેલનાં ટીપાં નાકમાં મૂકો. (૪) શરદી થાય ત્યારે ન ગભરાતાં બે દિવસ એ પદાર્થને વહી જવા દો. (૫) નાકના વાળને તોડશો નહિ, નહિ તો આંખ અને માથું બન્નેને નુકસાન થશે. (૬) તપખીરના તડાકા મારી નાકની કોમળ ત્વચાને નુકસાન કરશો તો કાયમી સળેખમથી નાકની સૂંઘવાની શક્તિ નાબૂદ થશે.

નાકની ઉપેક્ષા કરીને નાકને રોજ નહિ સંભાળનારને મસા જેવાં દર્દો થાય છે અને અંતે ઑપરેશનના ખાટલે જવું પડે છે.

(ગુજરાત સમાચાર) —વૈદ્યરાજ નંદવજી ન. શાસ્ત્રી

જેલી

ડિસેમ્બર અંકની 'માધુકરી'નાં જામફળમાંથી બનાવવાની જેલીના અનુસંધાનમાં સરકારી કેળવણી ખાતાના માજી ઇન્સ્પેક્ટર શ્રી હરરાય આ. દેસાઈ લખી મોકલે છે કે 'જેલી બનાવતી વખતે કપડાથી છણવાને બદલે ઝીણાં વેહવાળી ગળણી ઠીક પડે છે. એમાં લાલ જામફળને બદલે અલ્લાહાબાદી જામફળ વધારે સારાં પડે. તેમાં કેસર નાખવાથી રંગ અને સુવાસ બંને આવે. સુવાસ વગરની જેલી ખાવામાં મઝા નથી પડતી. આવી રીતે બનાવેલી જેલી હું મારી સાથે મુસાફરીમાં લઇને ફરતો'.

પાઇનો સિક્કો

ચલણમાંથી લગભગ વિસરાઈ ગએલો પાઇનો સિક્કો પાડવાની પાકિસ્તાનની સરકારે જાહેરાત કરી છે. લાહોરની ટંકશાળમાં કાંસામાંથી પાડવામાં આવનારા એ સિક્કાની એક બાજુ બીજનો ચંદ્ર, પાંચ ખૂણિયો તારક અને પાનમૂં ધાણીની સાથે 'હકૂમતે પાકિસ્તાન' એવા શબ્દો હશે; અને બીજી બાજુ ઉર્દૂ તથા રોમન લિપિમાં 'એક પાઈ' એટલા શબ્દો તથા સિક્કો પાડ્યાની સાલ હશે. છેક વીસ વરસ બાદ આ ઉપખંડમાં ફરી પહેલીવાર એ સિક્કા પડશે.

નવી જાતનો કાર્બન

પોલિમર નામે એક નવી જાતનો કાર્બન તૈયાર થયો છે. આ ત્રીજો કાર્બન, પેન્સિલોમાં વપરાતા ગ્રેફાઇટ ને ઝગમગતા હીરાઓની 'વચ્ચેનો' ગણી શકાય. વીજળીનું વહન કરવાની તેની શક્તિને કારણે વીજળિક યંત્રોમાં તે બહુ ઉપયોગી થશે.

તાંબું, ચાંદી અને સોનું બહુ જ જાણીતા વીજળી-વાહક પદાર્થો છે. છતાં, ઉષ્ણતામાન વધતું જાય તેમતેમ વીજળીનું વહન કરવાની આ ધાતુઓની શક્તિ ઘટતી જાય છે. પણ આ નવા કાર્બનનો એક એવો ગુણ છે કે ઉષ્ણતામાન વધતું જાય તેમતેમ વીજળીનું વહન કરવાની એની શક્તિ પણ વધતી જાય છે. એથી તે અણુ-ભઠ્ઠીઓમાં વાપરી શકાશે.



શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની ષષ્ઠીપૂર્તિ


લોકેષણાની લાલચ છોડીને સાચી લોકસેવા પાછળ જાત ને જીવન ઘસી નાખનારા જે ગણ્યાગાંઠ્યા નગદ લોકસેવકો ગુજરાતને સાંપડ્યા છે તેમાં શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકનું નામ કદાચ સૌથી જૂનું છે. ગુજરાતના આજના સાંસ્કૃતિક ને રાજકીય જીવનના ઘડતરનો વ્યવસ્થિત પાયો નાખનાર સ્વ. રણજીતરામ વાવાભાઈએ પ્રથમ સ્થાપેલી ગુજરાત સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત કેળવણી મંડળ અને ગુજરાતી રાજકીય પરિષદના કાળના એમના એ સમકાલીન અને સાથી. એલએલ. બી. થઈને તરત સેવાની ધીકતી તમન્નાથી પરભાર્યા 'હિંદ સેવક સમાજ'માં જોડાનાર જુવાન ઈન્દુલાલની પડછંદ અને તેજસ્વી કાયાને ગામડેગામડે ઘૂમતી આજથી છેક ત્રીસ-પાંત્રીસ વરસ પહેલાં જોએલી. ત્યારના એમના પરસેવે નીતરતા ને ઉત્સાહના ફુવારા ઉડાડતા વ્યક્તિત્વનું દર્શન હજી યે એટલું જ તાદૃશ થાય છે. ગામડાંની દરિદ્ર અને પીડિત જનતાના પ્રશ્નો માટે તેમનો સીધો સંપર્ક પામવા સારુ ગુજરાતની ધરતીનાં ઢેફાં એમના પગે ખૂંદ્યાં છે એટલાં એ કાળમાં તો એમના જેટલાં કોઈએ નહોતાં ખૂંદ્યાં–ને આજે ય રવિશંકર મહારાજ જેવા કોઈ વિરલે ખૂંદ્યાં હશે. ગુજરાતની રાજકીય રંગભૂમિ પર સરદાર વલ્લભભાઈનો પ્રવેશ પણ નહોતો થયો ત્યારથી ઇન્દુલાલ સિપાહી અને સરદાર બંને થએલા; અને પોતાના નિખાલસ એટલા જ તરવરાટભર્યા જીવનમાં વચ્ચે જે વિવિધ પલટાઓ કર્યા તેને બદલે એકધારી સ્થિર સેવામાં ક્ષેત્રબદ્ધ રહેલા ઈન્દુભાઈનું સ્થાન આજે જુદું જ હોત. છતાં યે ગુજરાતના સેવાક્ષેત્રમાં એમની ફોરમ વિશિષ્ટ જ રહેવાની છે. એ ફોરમ ફોરતા જીવનનાં સાઠ વર્ષ પૂરાં કરેલા ઇન્દુભાઇના આદરમાનમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ અને એમને દીર્ઘાયુ ઈચ્છીએ છીએ.

ક્રિકેટ જગતમાં જાણીતી 'રાખ' (ઍશિઝ)નો જન્મ

આજથી ૬૦ વર્ષો પૂર્વે જ્યારે ઑસ્ટ્રેલિયાના ક્રિકેટ ખેલાડીઓએ ઇંગ્લંડને પ્રથમ વાર હાર આપી ત્યારે એ હારનો આંચકો અને આઘાત એટલાં બધાં અસહ્ય થઈ પડ્યાં હતાં કે ક્રિકેટની રમતનાં સાધનો—બૅટ, વિકેટો અને બૉલ—ને બાળી નાખવામાં આવ્યાં હતાં અને તેમની રાખને એક નાનકડા ચાંદીના પાત્રમાં 'ઇંગ્લંડની ક્રિકેટની રમતના શોકજનક અવસાનના સ્મરણ' તરીકે મૂકવામાં આવી હતી. ત્યારથી આ 'રાખ' ક્રિકેટ જગતમાં પ્રચલિત ને પરંપરાગત બની ગઈ છે.

સ્વ. બ. ક. ઠાકોરના પત્રો

સ્વ. બલવન્તરાય ઠાકોરના લખેલા પત્રો ધરાવનારાઓને વિનતિ કરતાં તેમના પુત્રો જણાવે છે કે સ્વર્ગસ્થે પોતાની દાયકાઓની સાહિત્યસેવા દરમિયાન પોતાના બહોળા મિત્રસમુદાયને લખેલા પત્રોની સંખ્યા કદાચ હજારોની હશે. એક પત્રલેખક તરીકેની એમની પ્રવૃત્તિ પણ ગુજરાતી ભાષામાં લાક્ષણિક લેખાય છે. એ પત્રોને કોઇ પ્રતિષ્ઠિત સંપાદક દ્વારા સંપાદિત કરાવી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા હોવાથી જેમની પાસે સદ્ગતના પત્રો હોય તેઓ અમને તે મોકલી આપે તેવી વિનતિ છે. ઉપયોગ થઈ રહ્યા પછી તે પાછા મેળવવા હશે તો તે પાછા મોકલવામાં આવશે. અમારી ઇચ્છા, આવું સાહિત્ય પછીથી કોઈ જાહેર વિદ્યાસંસ્થાને પણ સોંપવાની હોઈ પત્રો મોકલનાર અમારી આ ઈચ્છાને પણ અનુકૂળ થશે તો અમે વધુ ઉપકૃત થઇશું. પત્રો મોકલવાનું સરનામું: શ્રી પ્રબોધ બ. ઠાકોર, ચેલાભાઈ મૅન્શન ૩૪, ચોપાટી રોડ, મુંબઇ ૭.





OUR FRIENDS ABROAD



[જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

સંપર્ક ચાહે છે

મુંબાઇ સરકારના હસ્તાક્ષર-નિષ્ણાત ઠાકોરદાસ ગર્ડરે અમેરિકામાં વસતા એક જર્મન કુમારનો મોકલેલો પત્ર નવેમ્બર અંકમાં પ્રગટ થયો હતો. તેવીજ ઈચ્છા વ્યક્ત કરતો સ્પેનની એક શિલ્પકાર યુવતીનો પત્ર તેમણે મોકલ્યો છે તેનો પ્રસ્તુત ભાગ નીચે આપ્યો છે.

"જિબ્રાલ્ટર જતાં કદી પર ઍટોરી ઉપર હું આપને મળી હતી. હું હિંદ સાથે સંપર્ક સાધવા ઈચ્છું છું અને તે માટે મારું નામ-સરનામું (નીચે) આપું છું. હિંદના કોઇ વિદ્યાર્થી કે શિલ્પકાર પરસ્પરના દેશોનાં શિલ્પ વિષે વિચારની આપ-લે કરવા ઈચ્છતા હોય તેમની સાથે પત્રવ્યવહાર કરવા હું ઈચ્છું છું. ઍટોરી જહાજ ઉપર આટલા બધા હિંદીઓને હું મળી તે પહેલાં 'હિંદ'નું નામ જ માત્ર હું જાણતી હતી અને તેને વિષે કંઈ ચિત્રવિચિત્ર ભૌગોલિક ખ્યાલો હતા. પણ હવે તેનામાં મને સાચો અને મજબૂત રસ જાગૃત થયો છે. શુભેચ્છાઓ સહ-Celia Munoz, Hermanos Tercero 2, Chamartin, MADRID (Spain)."

Mr. William R. Sasky, 551, 26th Street, Santa Monica, California (U.S.A.) લૉસ ઍંજલ્સના અજાયબઘરમાં પશુવિભાગમાં કામ કરતા આ ભાઇને હિંદનાં પક્ષીઓ જોઈએ છે. હવાઈ જહાજ દ્વારા મંગાવવાની એ ભાઈ વ્યવસ્થા કરશે. પક્ષીઓ તેમજ પશુઓની વિવિધ જાતોમાં વ્યાપાર કરતા ભાઇઓએ તેમની સાથે પત્રવ્યવહાર કરવો.

પરદેશનાં પત્રમિત્રો

(1) H. B. Maniap, C/o A. A. Alwan, Sec. B; Str. 9; Aden-Camp (Arabia). Boy—17, Hobby-Stamps; (2) Miss Possinges, Reeclus Pa (U.S.A.) મુસાફરીનો શૉખ ધરાવે છે, ભારત ને ભારતની છોકરીઓ વિષે જાણવા આતુર છે. ભવિષ્યમાં શિક્ષિકા થવાની આશા સેવે છે; (3) H. Oughena, H. Hart Collufe, 126's Labaudsrsen Baan, Ganshoren. (Belgium). Young worker; interested in man and life; (4) Josef Kleiner, Udol Sv. Krystofa 138, U Liberce, (Czechoslavakia), Hobby-View cards; (5) Edith Hanneey Tomales, California (U.S.A.) Girl—18, To Collect Ear-rings from all over the world; (6) Richard Weinstein, 80 Van Cortlandt Park South, Brany 63, New York, Flar D-33, (U.S.A.) Boy—18; (7) R. Uub, Werner Liets, (10b) Roichenbach/Vgtl, Baumgartenstrue 10, Germany, Stamps; (8) Augustine Ugwaka, 11 Bradrick Street-Coal Camp-Cougn Nigeria, Boy—19, Hobby Arts, Photos; (9) Ayinla Kannike, 26, Odo Street, Lagos, Nigeria, Boy—19 Years, Stamps, Boxing, News Papers, Swimming, Hindu Talisman Exchanger, Post cards, Viewcards & Correspondence. ફલેખ: ગિરધારીલાલ શ્રૉફ, ૭૧૧/૩ સાકરબજાર, અમદાવાદ-૨

નીચેનાદરેકસરનામાનેછેડેGoldCoast(WestAfrica)ઉમેરી લેવું. (1) Joseph Blas-Kenyah, E.C.M.School, Prestea; (2) K. A. Koomson, P. O. Box 8, Taakwa; (3) Daniel Dodoo Darku, House D 177/2, High street, Accra; (4) John K. Nsarku, C/o J. Agraham, P. O. Box 235, Sekondi; (5) Ltephen Ossei Kwame, C/o B. a. 1o7, Kumasi Ashanti; (6) J. K. Fraikue, House No. 11/3 Ketan Via Sekondi; (7) Robert K. Ocran, Romam Katholic School, P. O. Box 12 Apowa, Via Takoradi G. C.; (8) Kobing Sekyim, Methadist School, P. O. Box 16, Prestea; (ઉલ્લેખ: Sushilkumar, Opp. Tower, Palanpur, N. G).

હિંદી પત્રમિત્રો

(1) Rajnikant Pannalal Kothari, 118/2 Kalbadevi, Bombay-2—18, Literature, Science, Politics, Reading; (2) Hansraj Kheraj Thakkar, C/o Kheraj Odhavji, 276, 74, Samuel St., Vadgadi, Bombay-3—15, Stamps, Photos, Cricket; (3) Kishor Premchand Chalishazar, C/o Inspector of Salt, Dharazna, Via Dungari St. (Dist. Surat)—22, Stamps, Photography; (4) Jaswant H. Kamlar, 1296, Sarangpur, Talia's Pole, Mahadev's Khancha, Ahmedabad—16, Coins, Cricket, Pictures; (5) Rasikkumar M. Gandhi, Near Jain Temple, Mahuva (Saur.)—16, Stamps, Coins; (6) Vitthaldas Keshavji Mewawala, Surji Kheraj's Bungalow, Mulund (G.I.P., Dist. Thana)—24, Stamps; (7) Kiritkumar F. Doshi, Jain Gurukul, Palitana (Saur.)—16, Stamps, Coins, Pen-friendship, Photography; (8) Madhukumar F. Doshi, Address as above,—18, Stamps, Coins, Swimming; (9) Shashikant P. Hathikhani, Baroda,—19, Photography, Reading, Cricket, Make-up; (10) B. M. Joshi (1577-12) P.O. Upleta (Saur)—33, Stamps; (11) Mukundrai T. Sompura, Mukund Nivas, Gorawadi, Palitana (Saur.)—18, Pen-freindship; (12) Raj C. Ved, C/o Sunderdas Viji, 20, Mangesh Shenoi Street, 5th Floor, Fort, Bombay-1—18, Stamps, Pen-pals. (13) Kanākrai P. Shah, C/26 Parvati Mansion, opp. Lamington Talkies, Grant Road, Bombay-7.—23, Stamp-Collection (Special Interest in U. P. U. and First-day Covers), Travelling, Photography, Cinema (ચાલુ)

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં: દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: કોપરનિકસ



બાઇબલની અંધિયાર માન્યતાઓમાંથી વિજ્ઞાનને મુક્ત કરી શુદ્ધ વિદ્યાબળે સત્યનો સાચો માર્ગ સૌ પ્રથમ ચીંધનાર અને પૃથ્વીના પરિભ્રમણથી જ દિવસ-રાત તથા ઋતુઓના ફેરફારો થાય છે એ સૌ પહેલું જાહેર કરનાર નિકોલસ કોપરનિકસનો જન્મ પૉલૅન્ડના થૉર્ન ગામે એક ભઠિયારાને ત્યાં ઇ. ૧૪૭૩ની ૧૯મી ફેબ્રુઆરીએ થએલો. દસમે વર્ષે પિતા ગુજરી જતાં તે વિદ્વાન કાકાને ત્યાં રહ્યો અને તેમનો બધો પુસ્તકભંડોળ ફુથલાવી જઈ ઘણું જ્ઞાન મેળવી લીધું. ૧૮ની ઉંમરે ક્રૅકૉવની વિદ્યાપીઠમાં તે ખગોળશાસ્ત્ર શીખવા ગયો, પણ પાછળથી કાકાના કહેવાથી વૈદું શીખ્યો અને ઇટાલી જઇ ત્રણ વર્ષે વૈદક તથા તત્ત્વજ્ઞાનમાં પારંગત થઇ આવ્યો. ૧૪૯૯માં તે રોમની વિદ્યાપીઠમાં ખગોળશાસ્ત્રના અધ્યાપક તરીકે જોડાયો અને સૂર્યની આસપાસ જ બધા ગ્રહો ફરતા હોવાનો પાઈથાગોરાસનો સિદ્ધાંત સાચો લાગતાં તે વિષે વધુ પ્રયોગો કરવા અધ્યાપક પદેથી છૂટા થઇ તેણે ફ્રાએનબર્ગનું પાદરીપદ લીધું, જે પદેથી તેણે લોકોપયોગી કાર્યો પણ કર્યાં. લોકોને સહેલાઇથી પાણી મળે એ માટે બે માઈલ દૂરની નદી પર બંધ બંધાવી એક સાદી ચક્કી વડે નળ દ્વારા ગામમાં પાણી લાવી આપ્યું; રાજ્યની વિનતિથી તેની ચલણપદ્ધતિમાં સુધારો કરી વ્યવસ્થિત કરી આપી અને એ વિષે એક પુસ્તક પણ લખ્યું; અને દેવળોની ગરજથી વરસના દિવસોની ગણતરી કરી એક વ્યવસ્થિત પંચાંગ પણ રચી આપ્યું. અનેકવિધ પ્રતિભા ઝળકાવવા સાથે પોતાની શોધ તો તેણે જારી જ રાખેલી, અને એ યે કેવળ નરી આંખે, કેમકે દૂરબીન તો ત્યારે શોધાયાં પણ નહોતાં. આખરે ૩૦ વર્ષની સતત મહેનતે તેણે પૃથ્વીની દૈનિક અને વાર્ષિક ગતિ નક્કી કરી તથા તેને લીધે જ અનુક્રમે દિવસ-રાત અને ઋતુઓના ફેરફારો થાય છે એમ સાબિત કર્યું. પણ આ શોધ તે વેળા જાહેર કરવાની તેણે હિંમત ન કરી; લોકોના ખૉફથી ડરીને નહિ પણ પોતાનું જીવનકાર્ય વેડફાઇ ન જાય એટલા માટે. એકવાર તેનો ખાસ મિત્ર અને ગણિતનો અધ્યાપક જ્યૉર્જ જોઆકિમ તેને મળતાં તેના આ ગ્રંથ અને શોધ વિષે વાત નીકળી. જોઆકિમને તે છપાવવો આવશ્યક લાગતાં તે પોતાની સાથે તેની હસ્તપ્રત લઇ ગયો. લોકમાનસ પર તેના પ્રકાશનની કેવી અસર પડશે તે કોપરનિકસ જાણતો જ હતો, પણ સત્યને ગોંધી રાખવું પણ ઉચિત ન લાગતાં એ ગ્રંથના આરંભમાં જ એણે પોપ પાયસત્રીજાને એક ક્ષમાપ્રાર્થી પ્રસ્તાવના લખી. જોઆકિમે ખ્રિસ્તી ધર્મસુધારક લ્યૂથરને ... મહાન શોધ બતાવતાં તેણે તેનો ઉપહાસ કર્યો, પણ છતાં એ ગ્રંથ તો છપાવાયો જ. કોપરનિકસ હવે જઈફ થયો હતો. પોતાનો ગ્રંથ છપાએલો જોવાની એકમાત્ર ઇચ્છાએ એ જીવન ટકાવી રહ્યો હતો. અંતે ૧૫૪૩ની મેની ૨૪મીએ છેક તેના અંતકાળે એ ગ્રંથ તૈયાર થઇ તેની પાસે આવી ગયો. પોતાની એ છેલ્લી આકાંક્ષા આમ સિદ્ધ થએલી જોઈ તે ગ્રંથ પર પ્રેમથી હાથ ફેરવતો ફેરવતો એક જ કલાક બાદ તે સંતોષથી મૃત્યુ પામ્યો.

ફેબ્રુઆરીના દિનવિશેષ

તા. ૧ બારડોલીની નાકરની લડત શરૂ, ૧૯૨૨.
તા. ૨ ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગરના હિંદ સાથેના જોડાણ પર બંને સરકારની સહીઓ, ૧૯૫૦.
તા. ૩ ૪૩૨ વર્ષે લંકા આઝાદ બન્યું. ૧૯૪૮.
તા. ૮ પંડિત મદનમોહન? — (see below)

જાન્યુઆરી (૧૯૫૨)ની તવારીખ

તા. ૨ ગુજરાતી કવિ, સાહિત્યકાર અને વિચારક સાક્ષરવર્ય બલવંતરાય કલ્યાણરાય ઠાકોરનું અવસાન; તા. ૩ મુંબાઈ રાજ્યમાં સ્વતંત્ર હિંદની પહેલી ચૂંટણીની શરૂઆત. તા. ૫ ક્રિકેટ, હૉકી વગેરે મર્દાની રમતોમાં નામ કાઢનાર પટૌડીના નવાબનું પોલો રમતાં અવસાન; તા. ૧૦ ભવિષ્યમાં પશ્ચિમ ભારતનું મહાબંદર થનાર કચ્છના કંડલા બંદરને પંડિત નેહરુને હાથે શિલારોપણ વિધિ; તા. ૧૮ ફ્રેન્ચોના વહીવટ તળેના ટ્યૂનીશિયામાં રાષ્ટ્રીય તોફાનો. તા. ૨૪ નેપાળમાં બળવો થતાં કટોકટીની સ્થિતિ જાહેર કરીને રાજા ત્રિભુવને કૉંગ્રેસી વડા પ્રધાન કોઈરાલાને સમગ્ર સત્તા સોંપી. તા. ૨૬ ઇજિપ્તમાં બ્રિટન-વિરોધી ઝનૂની દેખાવોમાં સંખ્યાબંધ બ્રિટિશરોનાં મરણ; તા. ૨૭ ઇજિપ્તના પ્રધાનમંડળને રૂખસદ આપી રાજા ફારૂકે અલી મહેર પાશાને નવું પ્રધાનમંડળ રચવા ફરમાવ્યું.

ફેબ્રુઆરીનો પ્રસંગવિશેષ: ચિતોડગઢનું ખંડન

સમસ્ત હિંદુ રાજ્યોને હરાવી એક મહાન મુઘલ સલ્તનત સ્થાપવાના સ્વપ્નસેવી અકબરે અડગ ને અજેય રહેલા મેવાડને નમાવવા તેની રાજધાની ચિતોડગઢને ૧૫૬૭ની ૨૦મી ઑક્ટોબરે ઘેરો ઘાલ્યો. બધા ગઢોમાં શ્રેષ્ઠ ગણાતા એ ચિતોડને પાડવા તે પાંચ કોસમાં પથરાય એવડી વિશાળ સેના અને ગઢના દરવાજા તોડવા સેંકડો હાથીઓ તથા તોપો લાવેલો. પરંતુ રાણા ઉદયસિંહની સેનાનું સંચાલન કરનાર બદનોરના ઠાકોર જયમલ રાઠોડે તેને છ છ મહિના સુધી મચક ન આપી. એક રાત્રે લાખોટાબારી પાસે મશાલને અજવાળે કોટની મરામત કરાવતાં જયમલને અકબરની ગોળી વાગી અને તે સખત ઘાયલ થયો; છતાં પોતાનું સંખ્યાબળ અને પુરવઠો ખૂટવા આવ્યાં હોઈ બીજે દિવસે રજપૂતોએ જ્યારે હુમલો કર્યો ત્યારે જયમલે પણ કલ્લાની કાંધ પર બેસી રણસંગ્રામમાં ઝુકાવ્યું અને અકબરને હાથે અમરગતિને પામ્યો. પોતાના એ મહાન સેના-નાયકને ગુમાવવાથી રજપૂતોએ છેવટના જે કેસરિયાં કર્યાં તેથી ત્રાસેલા અકબરે ૩૦,૦૦૦ રજપૂતોની કતલ કરી નાખી. ગઢમાં સ્ત્રીઓએ જૌહર કર્યું. આમ આખરે ૧૫૬૮ની ૨૩મી ફેબ્રુઆરીએ એ અજેય મનાતો ગઢ પડ્યો. અકબરનો એ મહાન વિજય ગણાયો અને તેની યાદમાં તે કિલ્લાનાં તોતીંગ દ્વાર અને માઈલો દૂર સુધી સંભળાય એવી ત્યાંની નોબતો તે સાથે લઇ જઇ ચિતોડગઢને એવી ભગ્ન હાલતમાં મૂકી ગયો કે આજ સુધી તે ખંડેર જ રહ્યું છે.

પાસો, ભેંસો, અગન, જલ, ઠગ, ઠાકોર, સુનાર;*
એતાં ન હોય આપણાં, અજ, વાનર, કુન્નાર.

કુંભમેળા પર હરદ્વાર ગએલા સ્વામી રામદાસને, ત્યાંની દળી નાખતી માનવમેદનીમાંથી બેસાધુઓએ બચાવી, બખ્તરની માફક તેમનું જતન કરી, ખાસ પેલા વિખ્યાત બ્રહ્મકુંડ પાસે લઇ ગયા, જેમાં સ્નાન કરવાથી મોક્ષ મળે છે એવી વાયકા છે. પછી સાધુઓએ તેમણે એ કુંડમાં સ્નાન કરવાનું કહેતાં સ્વામીજીએ ઉત્તર આપ્યો 'મારે આવી મોટી સિદ્ધિ આટલી સસ્તી નથી જોઈતી.'

અનેકાર્થી શબ્દ: **ગોકર્ણ** = ગાયનો કાન; ખચ્ચર; સાપ; અંગૂઠાથી અનામિકા આંગળી સુધીના વિસ્તારનું માપ; એક જાતનો મૃગ; ગાયના કાનના આકારમાં વાળેલો હાથ; એક ધોળું ફૂલ; દક્ષિણ હિંદમાં આવેલું શિવનું એક પ્રસિદ્ધ તીર્થ.

ગણિતગમ્મત: ૧ થી ૯ સુધીના અંકને, વત્તા (+)ના એક જ ચિહ્ન વડે એવી રીતે ગોઠવો કે સરવાળો કરતાં ૯૯,૯૯૯ આવે. (જવાબ ૯૮૭૬૫+૧૨૩૪)

પોતાના મિત્રના ભાઈબંધને સોનીની દુકાન હતી, તેથી એક છોકરાએ તેની દ્વારા એક વીંટીની કિંમત પુછાવી. પેલાએ નીચે મુજબ જવાબ લખી મોકલ્યો. તમે તે ઉકેલી શકશો? NA K'J K JV VT.

પાણી ભરેલા કાચના પ્યાલામાં મધનાં બેએક ટીપાં નાખી જુઓ. નાખતાંવેંત એ ને એ સ્થિતિમાં તળિયે પહોંચે તો મધ સાચું, ને પાણીમાં ઓગળી જાય તો ખોટું.

*સોની. (આટલા ઉપર ભરોસો ન રાખવો)

કહેવતોના અર્થ: 'આવે ભાઇનો ભાઇ, તે ઊભો નેવાં સાહી.'—પોતાનાં અંતરંગ માણસોને કારણે વર્તનમાં કોઈ પક્ષપાત કરતું હોય, તે બતાવવા માટે વપરાતી આ કહેવત પાછળ આપણા સંસારનું એક સ્વભાવલક્ષણ રહેલું છે. સામાન્યરીતે ઘેર આવેલું મહેમાન પોતાનું પિયરિયું હોય તો સ્ત્રી તેનો જેટલો ઉમળકાથી આદર કરે છે તેટલો પુરુષના સગાસંબંધીનો નથી કરતી; બલકે ઘણીવાર અવજ્ઞા પણ થાય છે. ભાઇનો (એટલે કે પુરુષનો) ભાઈ આવે તો તેને ઘરનાં નેવાં પકડીને (એટલે કે આંગણામાં બહાર) ઊભા રહેવું પડે, પણ બાઇનો (સ્ત્રીનો) ભાઈ આવે તો ઘરમાં સ્થાન મળે; વગેરે વ્યક્ત કરતી એ ચાર ચરણની આખી કડી આ મુજબ છે:


આવે ભાઈનો ભાઈ,
તે ઊભો નેવાં સાહી,
આવે બાઈનો ભાઈ,
તે ઘરમાં પેસે ધાઈ.
આવે ભાઈની બેન,
તે જાયે આંસુ ઝેરી,
આવે બાઈની બેન,
તે જાયે સાડી પહેરી.

એને મળતી બીજી કહેવતો: 'કાંચળિયું સગપણ સાચું'; 'જમણમાં લાડુ ને સગપણમાં સાઢુ'; 'સાળો રસોડા સુધી ને ભાઈ ઓશરીમાં'.

રસેલ રાઇટ નામના એક માણસે ત્રણ કલાક અને ૨૫ મિનિટમાં પાછલા પગે બાર માઈલ સુધી ચાલી દુનિયાનો રેકાર્ડ તોડયો છે.

દુર્ગંધ આવતી શીશીમાં રાઈનું પાણી રેડી ખૂબ હલાવો; પછી ચોખ્ખા પાણીથી સાફ કરી નાખો: દુર્ગંધ દૂર થઈ જશે. (૨૫)

દાક્તર: મેં તમારી પૂરી તપાસ કરી લીધી છે. તમને માત્ર લાંબા આરામની જરૂર છે.
દરદી: પણ મને ચેન નથી પડતું! તમે મારી જીભ તો જોઇ નહિ, દાક્તર સાહેબ!
દાક્તર: તેને પણ આરામની જરૂર છે



કલાકણિકા: પંજાબના એક મુખવાસના ડબ્બા પરની સોનાના બિદરીકામની તકતીઓ પૈકીનો એક નમૂનો અમે બે વરસ પર આપ્યો હતો. એ જ ઢબની બે અનોખી સુશોભન આકૃતિવાળી આ તકતીઓમાં વચ્ચેના વૃક્ષાકાર ચંદાની આકૃતિઓ નિરનિરાળી અને ભરચક્ક હોવા છતાં નયનમનોહર છે.



સિક્કા પાડવાની કળા દુનિયામાં સૌથી વધુ ખીલવી ગ્રીકોએ. હિંદ જગતમાં સૌપ્રથમ સિક્કા પાડનારો દેશ ખરો, પણ તેનાં ચિત્રોની સુશ્લિષ્ટતા તો તેણે ગ્રીકો પાસેથી લીધી. એવો ગ્રીકોનો સાઇરાકયુઝનો દસ દ્રમનો રૂપાનો સિક્કો અહીં આપ્યો છે, જેની એક બાજુ વિજયી રથનું અને બીજી બાજુ દેવી તથા શુભ શુકનનાં સૂચક મત્સ્ય ચિત્રો છે.

સપ્ટેમ્બર

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
	૧	૨	૩	૪	૫	૬
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦				

ઑક્ટોબર

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
			૧	૨	૩	૪
૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮
૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪	૨૫
૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	

નવેમ્બર

રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
૩૦						૧
૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨
૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮	૨૯

ડિસેમ્બર


રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
	૧	૨	૩	૪	૫	૬
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭
૨૮	૨૯	૩૦	૩૧			








ડાબી બાજુ: ચામરધારિણી (બે દૃશ્ય): ગુજરાતનું અપ્રતિમ સૌંદર્યવંતું આ મનોહર ધાતુશિલ્પ આખા ભારતવર્ષનાં ધાતુશિલ્પોમાં અજોડ નમૂનો છે. વિકસિત કમલ ઉપર અંગભંગે ઊભેલી માત્ર સાડા આઠ ઇંચ ઊંચી આ નયનમનોહર પ્રતિમાના પાછળ બાંધેલા મોટા અંબોડાથી શરૂ કરીને ઠેઠ પગ સુધીના વસ્ત્રાલંકારોની રચના સુરેખસુન્દર છે. ઇ. ૭૦૦-૮૦૦ના ગાળામાં આપણે ત્યાં પરાકાષ્ઠાએ પહોંચેલી એની શિલ્પકલાનો વિગતે ખ્યાલ આવે એટલા માટે તેની પીઠના ભાગની પણ છબિ જોડે આપેલી છે. એટલી જ સુંદર કોટિની, એનાથી સોએક વર્ષ જૂની—ઇ. ૬૫૦-૭૦૦ વચ્ચેના ગાળાની—આ ઉપર આપેલી **અંબિકાદેવીની** ધાતુપ્રતિમા પણ ગુજરાતનું એવું જ ગૌરવકારી શિલ્પ છે. ઋષભદેવની એક ધાતુપ્રતિમામાં જિનેશ્વરની શાસનદેવી તરીકે મૂકેલી એ મૂર્તિ છે. લાવણ્યભર્યું ઘાટીલું ઘડતર એટલું સુરેખસુન્દર છે કે આપણે ત્યાંની કળા તરીકે એને જોતાં આપણને સાનંદાશ્ચર્ય અભિમાન થાય. આજ સુધી ભારતની ધાતુશિલ્પકલામાં નાલંદા અને કુર્કિહારની પ્રતિમાઓ જે શ્રેષ્ઠ ગણાતી આવી છે તેની જ કોટિના સૌંદર્યથી મંડિત શિલ્પ આપણે ત્યાં ગુજરાતમાં પણ થતું હતું તેની પ્રતીતિ આપતા આ પ્રથમ નમૂનાઓ છે, અને એ રીતે કલાના ઇતિહાસમાં એ અમૂલ્ય છે. વિગતે હકીકત માટે વાંચો આ અંકમાંનો લેખ 'ગુજરાતનું પ્રાચીન ધાતુશિલ્પધન'. (ફોટો · ઉમાકાન્ત પ્રે. શાહ)





સૂર્યશક્તિનું સંગઠન : દેશના સામાન્ય માનવીને પણ તેના જીવનની જરૂરિયાત તાત્કાલિક તેમજ સસ્તામાં સસ્તી મળી શકે એ હેતુથી ન્યૂ દિલ્હીની નૅશનલ ફિઝિકલ લૅબોરેટરી–રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા જે પ્રયોગો અને શોધખોળો કરી રહી છે તેમાં સૂર્યની ગરમીને ઉપયોગમાં લેવાના પ્રયોગો પણ છે. ભારતમાં લગભગ બારે માસ તપતા સૂર્યનો ઉજ્જ્વલ પ્રકાશ સતત મળતો જ રહે છે. આ નૈસર્ગિક શક્તિને જો નાથી શકાય તો અખૂટ શક્તિ સસ્તામાં મળી શકે. છેલ્લાં બે વર્ષથી આ દિશામાં થએલા કાર્યને પરિણામે ત્યાં હાલ સૂર્યપ્રકાશ અને હવા વડે એક 'એર-એન્જિન' ચાલી રહ્યું છે. બીજાં કાર્યોનાં જે બે ચિત્રો આ ઉપર બતાવ્યાં છે તેમાં પહેલામાં રસોઈનો પ્રયોગ છે. ચાર ફૂટ વ્યાસના ચકચકિત ધાતુના એક ખૂબ અંતર્ગોળ અરીસા દ્વારા સૂર્યનાં કિરણોને એક કાચની નળીમાં કેન્દ્રિત કરીને પછી તે ગરમી એ નળી વાટે પસાર થઈ તેની સાથે જોડેલા વાસણમાંની ચા, કૉફી, દૂધ કે રસોઇને ઉકાળે છે. આ વડે ૧૦-૧૫ મિનિટમાં શાક રાંધી શકાય છે. બીજા ચિત્રમાં સૂર્યનાં ઇન્ફ્રા રેડ કિરણોને વીજળીના ખાસ ઇન્ફ્રા રેડ ગોળાઓ દ્વારા કેન્દ્રિત કરીને એક કૂકર ચલાવતું દર્શાવ્યું છે. આ સિવાય બીજા પણ પ્રયોગો થયા છે: (૧) રસોઈ માટે એક વિશિષ્ટ વાસણ બનાવ્યું છે જેનું કાચનું તળિયું પોતે જ સૂર્યકિરણોને ઝીલીને સંગ્રહી લે અને તેમાં રસોઈ થઈ જાય; (૨) સપાટ છાપરી પર ૩×૭ ફૂટ માપના ચોકાની સપાટી કાળી રંગીને તેમાં ખાસ જાતનાં કાચનાં નળિયાં જડયાં છે. એ કાળી સપાટી ને કાચનાં નળિયાં ગરમીને ઝીલીને કેન્દ્રિત કરે અને તેની નીચે ગોઠવેલી નળીઓમાંથી વહેતા પાણીને તરત ગરમ કરી દે. પેલી બાજુથી પ્રવેશેલું ઠંડું પાણી આ બાજુના નળમાંથી ગરમ નીકળે! (૩) આ જ રીતે તેલ ભરેલી કાચની નળીમાં અરીસા દ્વારા સૂર્યપ્રકાશ કેન્દ્રિત કરીને તે ઊકળતા તેલ વડે રેફ્રીજરેટર ચલાવી શકાય છે. આ પદ્ધતિએ મોટા પાયા પર સૂર્યની ગરમીને કેન્દ્રિત કરીને હીટ ઍન્જિન કે થર્મો-ઈલેક્ટ્રિક જેનરેટરો ચલાવી અખૂટ શક્તિ પણ મેળવી શકાય, જે વડે જંગી કારખાનાં ચાલી શકે. હાલ એક હળવા હૉર્સપાવરની મોટર તો ચલાવી પણ શકાય છે. આ શોધ દ્વારા ભારતભરના ગામડાંઓમાં જો રસોઇનું સસ્તું સાધન વ્યાપક કરી શકાય તો છાણાં તથા લાકડાં રૂપે લાખો ટનને હિસાબે એળે જતું ખાતર તથા લાકડાં બચાવી શકાય.